આઝાદી કા અમૃત મહોત્સવ

વર્ષ : ૬૨ ■ અંક : ૧૧ ■ તા.૧-૬-૨૦૨૨

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક



## ગ્રામીણ અર્થતંત્રને વેગવાન બનાવતું સહકારી ક્ષેત્ર








## IPL-2022ની વિજેતા ટીમ ગુજરાત ટાઇટન્સના ખેલાડીઓનું સન્માન કરતા CM



Gujarat
The Reliable fortnightly of Gujaratis

Year : 62 ▪ Issue : 11 ▪ Date 1 - 6 - 2022

**તંત્રી** : આર. કે. મહેતા
**સહતંત્રી** : અરવિંદ પટેલ
**કાર્યવાહક તંત્રી** : પુલક ત્રિવેદી
**સંપાદક** : મિનેશ ત્રિવેદી
**સહસંપાદક** : દેવાંગ મેવાડા, હર્ષદ રૂપાપરા
**કલાનિર્દેશક** : જસ્મીન દવે
**વિતરણ વિભાગ** : એન. એમ. રાઠોડ, ગીતા દેસાઇ, બી. કે. પરમાર

ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

**વિતરણ વિભાગ** : ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦, ૨૩૨૫૩૪૪૨
**ઈ-મેઇલ એડ્રેસ** : gujaratmagazine@gmail.com
**ફેસબુક લિંક** : gujaratinformation.official

**તંત્રી વિભાગ**

'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦, ૨૩૨૫૪૪૧૨

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**

રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.

માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સાહિત્ય મુદ્રણાલય પ્રા. લિ. તથા ગુજરાત ઓફસેટ પ્રા. લિ., અમદાવાદ દ્વારા મુદ્રિત

**48 + 4 Cover = Total 52 Pages**

આ અંક નીચેની વેબસાઇટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
**www.gujaratinformation.gujarat.gov.in**

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઇઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ્ડ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી નિયામકશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઇ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઇ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેઇલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.


# શબ્દશઃ



- 'ગ્રીન ગોલ્ડ' એવા વાંસના ઉછેર અને વાંસ-ઉદ્યોગની ઈકોસિસ્ટમ ઊભી કરવાની દિશામાં ગુજરાતે પહેલ કરી છે.
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ વાંસને વૃક્ષ ગણવાના ૯૦ વર્ષ જૂના કાયદાને દૂર કરીને આદિજાતિઓ માટે વિકાસના નવા દ્વાર ખોલ્યાં છે.
- દેશના અનેક રાજ્યોમાં 'બામ્બુ ઈન્ડસ્ટ્રી' - વાંસ આધારિત ઉદ્યોગોનો વિકાસ થઇ રહ્યો છે.
- આદિજાતિ વિસ્તારોના કૌશલ્યવર્ધન કેન્દ્રો ''વોકલ ફોર લોકલ''નો ધ્યેય પાર પાડશે.
- કૌશલ્યવર્ધન કેન્દ્ર વાંસની બનાવટ, ઉત્પાદનોને વૈશ્વિક કક્ષાએ ચમકાવવામાં મદદ કરશે.
- સૌના માટે વિકાસની તકો પૂરી પાડીને ગુજરાત વિકાસનું રોલ મોડેલ બન્યું છે.
- આદિજાતિ સમુદાયના આર્થિક ઉત્થાન માટે ગુજરાત સરકાર સતત પ્રયત્નશીલ છે.
- રાજ્ય સરકારે આદિજાતિ વિસ્તારોમાં શિક્ષણની અદ્યતન સુવિધા આપી છે.

(મુખ્યમંત્રીશ્રીએ ડેડીયાપાડામાં આપેલા વક્તવ્યના અંશો)





6 **ગુજરાત ગૌરવ**

ભારતને ૨૦૭૦ સુધીમાં નેટ ઝિરો ઇમિશન્સ બનાવવાની દિશામાં ગુજરાતનું આગેકદમ

7 **નીતિ**

ટેલિકોમ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પોલિસી-૨૦૨૨

8 **સંવાદ**

મન કી બાત

35 **ન્યૂઝ ફ્લેશ**

36 **ન્યૂઝ ઇમ્પેક્ટ**

38 **જિલ્લો બોલે છે...**

કૃષિ અને પશુપાલન ક્ષેત્રે વૈશ્વિક સિદ્ધિઓ પ્રાપ્ત કરતો બનાસકાંઠા જિલ્લો - રેસુંગ ચૌહાણ

40 **સમાચાર સંચય**

44 **અનુભૂતિ**

45 **નિર્ણય**

47 **સાફલ્યગાથા**

48 **મારૂં ગામ, મારૂં ગૌરવ**

50 **શિક્ષણ ઉજાસ**


## વિકાસયાત્રા


11 આટકોટમાં હોસ્પિટલનું લોકાર્પણ કરતાં વડાપ્રધાન

13 સહકારી પ્રવૃત્તિથી ગ્રામીણ ક્ષેત્ર બન્યું વધુ વેગવાન

16 ગાંધીનગરમાં યોજાયું ગરીબ કલ્યાણ સંમેલન

18 રાજ્યમાં વિકાસકાર્યોની વણઝાર

22 તાના-રીરી મહોત્સવ રાષ્ટ્રીયસ્તરે ઊજવાશે

27 આદિજાતિ યુવાનોને આત્મનિર્ભર બનાવવા વાંસ વિતરણ યોજનાનો પ્રારંભ

28 વડોદરામાં આંગણવાડી-તેડાગર બહેનોને નિયુક્તિપત્રો એનાયત

29 કાંકરેજમાં વિચરતી જાતિના પરિવારોને મળ્યું કાયમી સરનામું

29 ગુજરાત સરકાર-ટાટા અને ફોર્ડ વચ્ચે ત્રિપક્ષીય સમજૂતિ કરાર

30 અરવલ્લી અને ગાંધીનગરના વિકાસકામોની સમીક્ષા કરતા CM

32 ‘SWAGAT’ અંતર્ગત ૫.૨૬ લાખ રજૂઆતોનું નિવારણ

34 વડોદરાની સંસ્કાર અભ્યુદય શિબિરમાં PMનો દેશ સેવાના સંકલ્પનો અનુરોધ



# જનસેવાની પ્રતિબદ્ધતાનો પ્રતિઘોષ...

વિકાસ એ શબ્દ નહીં, મહામંત્ર છે. વિકાસપથ પર ગુજરાતને અગ્રેસર બનાવવા માટે ભારતના લોકલાડીલા વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રગતિના પાયા નાખ્યાં હતાં. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની 'ટીમ ગુજરાત' તેને નિષ્ઠાપૂર્વક આગળ વધારી રહી છે. વિકાસપથ પર ગુજરાતને સદાય અગ્રેસર રાખવા વડાપ્રધાનશ્રી લોકસહકારને પ્રાધાન્ય આપતા આવ્યા છે, જેનો પડઘો તાજેતરમાં તેમના એક દિવસીય ગુજરાત પ્રવાસમાં જોવા મળ્યો. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં દેશનું પ્રથમ સહકાર મહાસંમેલન 'સહકારથી સમૃદ્ધિ' યોજાયું. વડાપ્રધાનશ્રીએ કલોલમાં નિર્મિત વિશ્વનો પ્રથમ નેનો યુરિયા (પ્રવાહી) પ્લાન્ટ દેશને સમર્પિત કર્યો. આ પ્લાન્ટ પ્રતિદિન ૫૦૦ મિ.લી.ની ૧.૫૦ લાખ નેનો યુરિયા (પ્રવાહી) બોટલોનું ઉત્પાદન કરશે. વડાપ્રધાનશ્રીએ રાજકોટ જિલ્લાના આટકોટમાં ૨૦૦ બેડની સુવિધા ધરાવતી શ્રી કે. ડી. પરવાડીયા મલ્ટી સ્પેશિયાલીટી હોસ્પિટલનું લોકાર્પણ કર્યું હતું. આ સાથે, તેમણે મિશન અમૃતમ હેઠળ રાજ્યના શહેરી વિસ્તારોમાં આંતરમાળખાકીય સુવિધાઓમાં વધારો કરવા રૂ.૫૧૦૦ કરોડ ફાળવ્યા છે.

કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં અમદાવાદમાં અદભૂત અદ્યતન ટેક્નોલોજીયુક્ત સ્પોર્ટસ કોમ્પ્લેક્ષનું ખાતમુહૂર્ત કર્યું. નડિયાદથી રાજ્યના ૨૫ જિલ્લાઓમાં તૈયાર થયેલા પોલીસ વિભાગના મકાનોનું ઈ-લોકાર્પણ અને ગોધરા ખાતે પંચમહાલ ડેરી અને જિલ્લા સહકારી બેંકના પાંચ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત તેમણે કર્યું હતું. ગુજરાતના ખૂણે-ખૂણેથી જનસેવાનો પ્રતિઘોષ કરતી રાજ્ય સરકારની વિકાસયાત્રાની પ્રતીતિ જન-જનને થઇ રહી છે. બનાસકાંઠાના ઘરવિહોણા વિચરતી જાતિ સમુદાયના ૧૮૫ પરિવારોને કાંકરેજનાં કાકરના વાદીપુરા ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મકાનની ચાવી અર્પણ કરી ગૃહ પ્રવેશ કરાવતાં, હવે તેમને કાયમી સરનામું પ્રાપ્ત થયું છે.

આદિજાતિઓના હિતને ગુજરાત સરકારે હંમેશા અગ્રતા આપી છે. રાજ્યના નાના-સીમાંત આદિજાતિ ખેડૂતોને આત્મનિર્ભર બનાવવા તથા કૃષિ આવકમાં વધારો કરવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના ૧૪ આદિજાતિ જિલ્લાઓના ૧ લાખ ૨૩ હજાર આદિજાતિ ખેડૂતો માટે કૃષિ વૈવિધ્યકરણ યોજના ૨૦૨૨-૨૩નો પ્રારંભ કરાવ્યો. જે અંતર્ગત રૂ. ૩૦ કરોડથી વધુની સહાય આપવામાં આવી છે. નોંધનીય છે કે અત્યાર સુધી ૧૧ લાખ ૬૭ હજારથી વધુ આદિજાતિ ખેડૂતોને કૃષિ કલ્યાણની આ યોજનાનો લાભ મળ્યો છે. રાજ્યના ૧૪ જિલ્લાના આદિજાતિ બાંધવોને વાંસ આધારિત રોજગારી આપી આત્મનિર્ભર બનાવવા રૂ. ૨૦ કરોડથી વધુ મૂલ્યના વાંસ આપવામાં આવશે. પરિણામે આદિજાતિ બાંધવોનો આર્થિક ઉત્કર્ષ થશે અને રાજ્ય તેમજ દેશની વિકાસયાત્રામાં સિંહફાળો આપવા તેઓ સક્ષમ બનશે.

સુચારુ વહીવટની દિશામાં ગુજરાત સરકાર એક પછી એક અનેકવિધ પગલાં લઇ રહી છે. ગુડ ગવર્નન્સને આત્મસાત કરતા ગુજરાતે સ્વાગત ઓનલાઇન કાર્યક્રમને દ્રઢીભૂત કર્યો છે. તત્કાલીન દીર્ઘદ્રષ્ટા મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીનું વિચારબીજ આજે વટવૃક્ષ બની ગયું છે. તાજેતરમાં યોજાયેલા સ્વાગત ઓનલાઇન કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ૨૨૦૬ ફરિયાદનું નિવારણ કરવામાં આવ્યું હતું. ૨૦૦૩થી શરૂ થયેલા 'સ્વાગત'માં અત્યાર સુધીમાં ૫.૨૬ લાખ રજૂઆતોનું સુખદ નિવારણ એટલે કે ૯૯.૮૯ ટકા સિદ્ધિ હાંસલ કરવામાં આવી છે. ગુજરાતની મહિલાઓ સ્વનિર્ભરતા વડે દેશના વિકાસમાં અભૂતપૂર્વ પ્રદાન આપી રહી છે. વડોદરામાં ૧૪૧૬ આંગણવાડી-તેડાગર બહેનોને નિયુક્તિપત્રો એનાયત કરવામાં આવ્યાં હતા.

આ વર્ષે ગ્રીષ્મ ઋતુએ સૌને પર્યાવરણ જાળવણીનું મહત્ત્વ સમજાવી દીધું છે. ઉનાળામાં પક્ષીઓને ચણ અને જળનો પ્રબંધ કરવાના અભિયાન ગુજરાતના મુખ્યમંત્રીશ્રીની સંવેદનાનો સુપેરે પરિચય કરાવે છે. પ્રસ્તુત અંકમાં ગુજરાતના વિકાસની ઝલક ઉપરાંત અન્ય વિકાસલક્ષી માહિતી વાચકોને ઉપયોગી થઇ રહેશે એવી મને શ્રદ્ધા છે.

જય જય ગરવી ગુજરાત...

**- આર. કે. મહેતા** આઇ.એ.એસ.
માહિતી નિયામક

# ભારતને ૨૦૭૦ સુધીમાં
# નેટ ઝિરો ઇમિશન્સ બનાવવાની દિશામાં ગુજરાતનું આગેકદમ



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ૨૦૭૦ સુધીમાં ભારતને નેટ ઝિરો ઇમિશન્સ શૂન્ય ઉત્સર્જન સુધી પહોચાડવા દર્શાવેલી પ્રતિબદ્ધતામાં ગુજરાતે એક પહેલ રૂપ કદમ ભર્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરણાદાયી ઉપસ્થિતિમાં ગુજરાત સરકાર અને એનર્જી પોલિસી ઇન્સ્ટીટયૂટ યુનિવર્સિટી ઓફ શિકાગો તેમજ સાઉથ એશિયાની જે-પાલ વચ્ચે આ અંગેના MOU ગાંધીનગરમાં સંપન્ન થયા હતા. ઊર્જા મંત્રી શ્રી કનુભાઇ દેસાઇ પણ આ વેળાએ સહભાગી થયા હતા.

આ MOUના પરિણામે કાર્બન માર્કેટના આયોજન અંગે વિચાર કરનારૂં દેશભરમાં પ્રથમ રાજ્ય ગુજરાત બનશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ નવેમ્બર-૨૦૨૧ ગ્લાસગોમાં યોજાયેલી યુ.એન. કલાયમેટ ચેન્જ કોન્ફરન્સ કોપ-૨૬ માં ભારતને ૨૦૭૦ સુધીમાં નેટ ઝિરો ઇમિશન્સ તરફ લઇ જવાની પ્રતિબદ્ધતા દર્શાવી હતી.

આ સંદર્ભમાં ભારતે ૨૦૩૦ સુધીમાં ૫૦૦ ગીગાવોટ નોન-ફોસિલ ફયુઅલ ઇલેકટ્રીસિટી કેપેસિટી સુધી પહોચવા પાંચ લક્ષ્યાંકો નિર્ધારીત કરેલા છે. કાર્બન ઇમિશન્સ અંદાજે ૧ બિલીયન ટન સુધી ઘટાડવા માટે નવિનીકરણ ઊર્જા રિન્યુએબલ એનર્જી ૫૦ ટકા ફાળો એનર્જી મિક્સમાં આપે છે. ગુજરાત દેશમાં સૌથી વધુ વાયબ્રન્ટ ઇકોનોમી તરીકે ગ્રીન હાઉસ ગેસ ઉત્સર્જનમાં મોટો ફાળો આપનારૂં રાજ્ય છે. એટલું જ નહિ, પર્યાવરણ જાળવણી સાથે વિકાસની વૃદ્ધિને પ્રોત્સાહક નીતિઓથી ગુજરાત પર્યાવરણ રક્ષા અને ઔદ્યોગિક વિકાસ બેય મહત્વપૂર્ણ બાબતોને પરિપૂર્ણ કરે છે.

ગુજરાત સરકારે હવે $CO_2$ માર્કેટ શરૂ કરવા માટે પહેલરૂપ એવા આ MOU કર્યા છે. તેના પરિણામે, અત્યાધુનિક અને સમયાનુકુલ ગ્લોબલ કલાયમેટ પોલિસીમાં ગુજરાતને આગવું સ્થાન મળતું થશે અને ગુજરાતમાં પર્યાવરણ જાળવણી સાથે ઉદ્યોગોનો વિકાસ થશે. માનવ જીવનને સ્વાસ્થ્યપ્રદ અને શુદ્ધ વાતાવરણ મળતું થશે. ગુજરાતમાં નવા રોકાણો પણ વધુ પ્રમાણમાં આવશે અને રાષ્ટ્ર માટે $CO_2$ માર્કેટ ક્ષેત્રે ગુજરાત એક આગવું ઉદાહરણ બનશે. અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે, ગુજરાતે સુરતમાં પાર્ટિકલ મેટર માટે વિશ્વની પ્રથમ ઉત્સર્જન ટ્રેડીંગ યોજના આ અંતર્ગતની એક પહેલ છે.

આ પ્રોજેક્ટ એક મોટા પાયલોટ પ્રોજેક્ટ તરીકે ૨૦૧૯માં સુરત ખાતે વન, પર્યાવરણ અને જલવાયુ પરિવર્તન વિભાગ, સેન્ટ્રલ પોલ્યુશન કંટ્રોલ બોર્ડ અને ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ દ્વારા સંયુકત પણે શરૂ કરવામાં આવ્યો છે. સુરતની અંદાજે ૩૫૦ જેટલી હાઈલી પોલ્યુટેડ ઇન્ડસ્ટ્રીઝ આ પ્રોજેક્ટનો લાભ લઇ રહી છે અને ઉદ્યોગોના ઉત્સર્જનમાં ૨૪ ટકા જેટલો ઘટાડો થતાં હવાનું શુદ્ધિકરણ થયું છે. આ સફળતાને પગલે હવે ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડ અમદાવાદ, વાપી, વડોદરા અને ભરૂચમાં પણ પ્રોજેક્ટ વિસ્તરણ કરી રહ્યું છે.

ગુજરાતે $CO_2$ માર્કેટ સેટ અપ કરીને વડાપ્રધાનશ્રીની ભારતને નેટ ઝિરો ઇમિશન્સ નેશન બનાવવાની પ્રતિબદ્ધતમાં પણ મોડેલ સ્ટેટ બનવાની નેમ સાથે MOU થયા છે. આ MOU પર ગુજરાત સરકાર તરફથી ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી ડૉ. રાજીવકુમાર ગુપ્તા, કલાયમેટ ચેન્જના અગ્ર સચિવ શ્રી હૈદર અને ઊર્જા અગ્ર સચિવ શ્રીમતી મમતા વર્મા એ હસ્તાક્ષર કર્યા હતા.

યુનિવર્સિટી ઓફ શિકાગો વતી એસોસિયેટ ડાયરેકટર શ્રી આલીયા ખાન અને જે-પાલ વતી એક્ઝિક્યુટીવ ડિરેક્ટર શ્રી શોભિની મૂખરજીએ હસ્તાક્ષર કર્યા હતા. આ અવસરે મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કૈલાસનાથન, ઉદ્યોગ કમિશનર શ્રી રાહુલ ગુપ્તા, ઉદ્યોગ, ઊર્જા અને કલાયમેટ ચેન્જ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ વગેરે જોડાયા હતા. ●

**કાર્બન માર્કેટના આયોજન અંગે વિચાર કરનારૂં દેશભરમાં પ્રથમ રાજ્ય ગુજરાત બનશે**

# ટેલિકોમ ઇન્ફ્રાસ્ટ્રકચર પોલિસી-૨૦૨૨


વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ડિજિટલ ઇન્ડિયા મિશનને સાકાર કરવાની દિશામાં રાજ્ય સરકારના વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ દ્વારા વધુ એક પહેલરૂપ નક્કર પગલુ ભરવામાં આવ્યુ છે. 'ઓપ્ટિકલ ફાઈબર' અને 'મોબાઈલ ટાવર' પ્રસ્થાપિત કરવા માટે તેના ઇન્સ્ટોલેશન માટેની પરવાનગી આપતા રાજ્યના તમામ વહીવટી વિભાગોની એક સંકલિત પોલિસી "ટેલિકોમ ઈન્ફ્રાસ્ટ્રકચર પોલિસી-૨૦૨૨" જાહેર કરવામાં આવી છે. આ ટેલિકોમ ઈન્ફ્રાસ્ટ્રકચર પોલિસી થકી હવે અંડરગ્રાઉન્ડ ટેલિગ્રાફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઓવરગ્રાઉન્ડ ટેલિગ્રાફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે Single Window Clearance પેટર્નથી ઈન્સ્ટોલેશન પરવાનગી મળતી થશે.

પર્યાપ્ત બેન્ડવિથ સાથે એક મજબૂત માહિતી અને સંચાર ટેકનોલોજી ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા રાજ્યમાં અત્યાધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ઓપ્ટિકલ ફાઈબર નેટવર્ક અને ટેલિકોમ ટાવર સ્થાપિત કરવાની જરૂરિયાતોને ધ્યાને લેતાં ભારત સરકાર દ્વારા વર્ષ-૨૦૧૬માં " Right of Way (ROW) POLICY " જાહેર કરવામાં આવી હતી. જે અનુસંધાને ગુજરાતમાં આ નવી ROW (રો) પૉલિસી તૈયાર કરાઈ છે.

ગુજરાતમાં અલગ વહીવટી વિભાગો દ્વારા તેમના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં અંડર ગ્રાઉન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર (ઓપ્ટિકલ ફાઈબર) અને ઓવર ગ્રાઉન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર (મોબાઈલ ટાવર) પ્રસ્થાપિત કરવા વિભિન્ન નીતિઓ અમલી હતી. પરંતુ સમગ્ર રાજયમાં અંડરગ્રાઉન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર (ઓપ્ટિકલ ફાઈબર) અને ઓવરગ્રાઉન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર (મોબાઈલ ટાવર) પ્રસ્થાપિત કરવા કોઇ સંકલિત- સમાન નીતિ ન હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ મંત્રી શ્રી જિતેન્દ્રભાઇ વાઘાણીના માર્ગદર્શનમાં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગએ સંબંધિત વિભાગો સાથે પરામર્શ કરી અંડરગ્રાઉન્ડ ટેલિગ્રાફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર (UTI) માટે અને ઓવરગ્રાઉન્ડ ટેલિગ્રાફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર (OTI) માટેના ઈન્સ્ટોલેશનની પરવાનગી આપવાની ભારત સરકારની નીતિને અનુરૂપ Single Window Clearance પેટર્ન મુજબ ટેલિકોમ ઈન્ફ્રાસ્ટ્રકચર પોલિસી-૨૦૨૨ ની જાહેરાત કરાઇ છે.

કોઈ પણ રાજ્યની આર્થિક સમૃધ્ધિનો આધાર મહદ અંશે તેના રોડ-રસ્તા અને વાહન-વ્યવહારની સુગમતા તેમજ સરકારની ઔધ્યોગિક નીતિઓ ઉપર હોય છે. એવી જ રીતે આજના આધુનિક યુગમાં ડીજીટલ વ્યવહારની ઝડપ પણ ખુબ અગત્યની છે તે માટે રાજ્યમાં અંડરગ્રાઉન્ડ ટેલિગ્રાફ ઇન્ફ્રાસ્ટ્રક્ચર (UTI) અને ઓવરગ્રાઉન્ડ ટેલિગ્રાફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર (OTI) સ્થાવવા માટેની બાબતે સુગમતા તેમજ ઓનલાઇન મંજૂરી જેવી બાબતોને ધ્યાને લઈ ભારત સરકારની ૨૦૧૬ની નિતીને આધારે રાજ્યની આવી નીતિ ઘડવા તૈયાર કરવામાં આવી છે. આ નવી "રો" નીતિ મુજબ હવે ટેલિગ્રાફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સ્થાવવા માટેની તમામ પ્રક્રિયા સંપૂર્ણપણે ઓનલાઇન થઇ જશે. તેની મંજૂરી માટે ૬૦ દિવસની સમયમર્યાદા નિયત કરાઇ છે અને તેની કાર્યવાહીમાં હવે એકસૂત્રતા આવશે.

રાજ્ય સરકારની નવી ROW (રો) પોલિસીના અમલીકરણથી ઈન્ટરનેટ થકી ઈ-ટ્રાન્ઝેક્શનમાં સુગમતા તથા બેન્ડવીથમાં થનાર વૃધ્ધિને પરિણામે રાજ્ય વિશ્વકક્ષાની હરોળમાં આવશે. રાજ્યમાં તમામ વહીવટી વિભાગોની એક જ સંકલિત પોલિસી બનવાથી લાભાર્થીઓને એક જ ઓનલાઇન પ્લેટફોર્મ પર કાર્યવાહી કરવી શક્ય બનશે. મંજૂરી માટે નિયત સમય મર્યાદા હોવાથી વહીવટમાં પારદર્શિતા તેમજ ઝડપ આવશે. એટલુ જ નહિ, આ પોલિસીને લીધે ઈન્ટરનેશનલ અને ડોમેસ્ટીક આઇ. ટી.ક્ષેત્રનું રાજ્યમાં રોકાણ વધવાથી રોજગારી વધશે. જેનો ફાયદો રાજ્યના જીડીપીને થશે. ●



- **'ઓપ્ટિકલ ફાઈબર' અને 'મોબાઈલ ટાવર' પ્રસ્થાપિત કરવા ઇન્સ્ટોલેશન પરવાનગી આપતા રાજ્યના તમામ વહીવટી વિભાગોની એક સંકલિત પૉલિસી.**
- **ટેલિકોમ ઇન્ફ્રાસ્ટ્રકચર પૉલિસી થકી હવે Single Window Clearance પેટર્નથી અંડરગ્રાઉન્ડ ટેલિગ્રાફ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ઓવરગ્રાઉન્ડ ટેલિગ્રાફ ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે ઇન્સ્ટોલેશન પરવાનગી મળશે .**



# મન કી બાત

## મે 2022

### લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનો રેડિયોના માધ્યમથી જનતા સાથે સંવાદ

***વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશવાસીઓ સાથે સંવાદ સ્થાપવા શરૂ કરેલો 'મન કી બાત' કાર્યક્રમ દિનપ્રતિદિન વધુ ને વધુ લોકપ્રિય બનતો જાય છે. વડાપ્રધાનશ્રી દેશના છેવાડાના માનવી સુધી હૃદયના ઊંડાણથી રેડિયોના માધ્યમ થકી 'મન કી બાત' કાર્યક્રમ દ્વારા વિવિધ વિષયો પર તેમના દીર્ઘદૃષ્ટિપૂર્ણ વિચારો રજૂ કરે છે. તાજેતરમાં પ્રસારિત થયેલા તેમના વક્તવ્યની ઝલક પ્રસ્તુત છે.***

મારાં પ્રિય દેશવાસીઓ, નમસ્કાર. આજે ફરી એક વાર 'મન કી બાત'નાં માધ્યમથી આપ સૌ મારાં કરોડો પરિવારજનોને મળવાનો અવસર મળ્યો છે. 'મન કી બાત' માં આપ સૌનું સ્વાગત છે. થોડાંક દિવસ પહેલાં દેશે એક એવી સિદ્ધી હાંસલ કરી છે, જે આપણને સૌને પ્રેરણા આપે છે. ભારતનાં સામર્થ્ય પ્રત્યે એક નવો વિશ્વાસ જગાડે છે. તમે લોકો ક્રિકેટનાં મેદાન પર ટીમ ઈન્ડિયાનાં કોઈ બેટ્સમેનની સેન્ચ્યુરી સાંભળીને ખુશ થતાં હશો, પરંતુ ભારતે એક અન્ય મેદાનમાં પણ સેન્ચ્યુરી લગાડી છે અને તે ખૂબ વિશેષ છે.

આ મહિનાની પાંચમી તારીખે દેશમાં યુનિકોર્નની સંખ્યા 100નાં આંકડાં સુધી પહોંચી ગઈ છે, અને તમને તો ખબર જ છે કે, એક યુનિકોર્ન એટલે ઓછામાં ઓછા સાડા સાત હજાર કરોડ રૂપિયાનું સ્ટાર્ટ અપ. આ તમામ યુનિકોર્નનું કુલ વેલ્યુએશન 330 બિલીયન ડોલર, એટલે કે 25 લાખ કરોડ રૂપિયાથી પણ વધુ છે. નિશ્ચિત રૂપે આ દરેક ભારતીય માટે ગર્વ લેવા જેવી વાત છે. તમને એ જાણીને પણ આશ્ચર્ય થશે કે, આપણાં કુલ યુનિકોર્નમાંથી 44 - ફોર્ટીફોર યુનિકોર્ન તો ગયા વર્ષે જ સ્થપાયા હતાં. એટલું જ નહીં આ વર્ષનાં 3-4 મહિનામાં જ બીજાં નવાં 14 યુનિકોર્ન બની ગયા છે. આનો અર્થ એ થયો કે, ગ્લોબલ પેન્ડેમિકનાં આ સમયમાં પણ આપણાં સ્ટાર્ટ અપ્સ વેલ્થ અને વેલ્યૂ ક્રિએટ કરતા રહ્યા છે. ઈન્ડિયન યુનિકોર્ન્સનો એવરેજ એન્યુઅલ ગ્રોથ રેટ યુએસએ, યુકે અને અન્ય કેટલાંય દેશો કરતા પણ વધુ છે. એનાલિસ્ટ્સનું તો એવું પણ કહેવું છે કે આવનારાં વર્ષોમાં આ સંખ્યામાં મોટો ઉછાળો જોવા મળશે.

એક સારી વાત એ પણ છે કે, આપણાં યુનિકોર્ન્સ ડાઈવર્સીફાઈંગ છે. જે ઈ-કોમર્સ, ફિન-ટેક, એડ-ટેક, બાયો-ટેક જેવાં કેટલાંય ક્ષેત્રોમાં કામ કરી રહ્યાં છે. એક અન્ય વાત જેને હું વધુ મહત્વની માનું છું તે એ કે સ્ટાર્ટ-અપ્સની દુનિયા ન્યૂ ઈન્ડિયાનાં સ્પિરીટને રિફ્લેક્ટ કરી રહી છે. આજે, ભારતનું સ્ટાર્ટ-અપ ઈકોસિસ્ટમ માત્ર મોટાં શહેરો સુધી જ સીમિત નથી, નાનાં-નાનાં શહેરો અને કસ્બાઓમાંથી પણ ઉદ્યોગ સાહસિકો સામે આવી રહ્યાં છે. આનાંથી સમજી શકાય છે કે ભારતમાં જેની પાસે ઈનોવેટિવ આઈડિયા છે તે વેલ્થ ક્રિએટ કરી શકે છે.

મિત્રો, દેશની આ સફળતાની પાછળ દેશની યુવા શક્તિ, દેશનું ટેલેન્ટ અને સરકાર, બધાં મળીને પ્રયત્નો કરી રહ્યાં છે, દરેકનું યોગદાન છે, પરંતુ આમાં અન્ય એક મહત્વપૂર્ણ બાબત પણ છે અને તે એ કે સ્ટાર્ટ-અપ વર્લ્ડમાં રાઈટ મોનિટરિંગ એટલે કે સાચું માર્ગદર્શન, એક સારો મેન્ટોર સ્ટાર્ટ-અપને નવીં ઊંચાઈઓ સુધી લઈ જઈ શકે છે. તે ફાઉન્ડર્સને રાઈટ ડિસિઝન માટે દરેક રીતે ગાઈડ કરી શકે છે. મને, એ વાતનો ગર્વ છે કે ભારતમાં આવાં ઘણાં મેન્ટોર છે જેમણે સ્ટાર્ટ-અપ ને આગળ વધારવાં માટે પોતાને સમર્પિત કરી દીધા છે. શ્રીધર વેમ્બૂજીને

તાજેતરમાં જ પદ્મ સમ્માન મળ્યું. તે સ્વયં સફળ ઉદ્યોગ સાહસિક છે, પરંતુ હવે તેમણે બીજાં ઉદ્યોગ સાહસિકોને ગ્રૂમ કરવાનું બીડું ઝડપ્યું છે. શ્રીધરજી એ પોતાનું કામ ગ્રામીણ વિસ્તારમાંથી શરૂ કર્યું છે.

તેઓ ગ્રામીણ યુવાનો ને ગામમાં જ રહીને તે ક્ષેત્રમાં કંઇક નવું કરવા માટે પ્રોત્સાહિત કરે છે. આપણાં ત્યાં મદન પડાકી જેવાં લોકો પણ છે જેમણે રુરલ એન્ટરપ્રિન્યોર્સને પ્રેરણા આપવા માટે 2014માં વન-બ્રિજ નામનું પ્લેટફોર્મ બનાવ્યું હતું. આજે, વન-બ્રિજ દક્ષિણ અને પૂર્વી-ભારતનાં 75થી પણ વધુ જિલ્લામાં કાર્યરત છે. તેનાથી જોડાયેલ 9000 થી પણ વધુ રુરલ એન્ટરપ્રિન્યોર્સ ગામડાંનાં ગ્રાહકોને પોતાની સેવાઓ ઉપલબ્ધ કરાવે છે. મીરા શેનોયજી પણ એવી જ એક મિસાલ છે તેઓ રુરલ, ટ્રાયબલ અને ડિસેબલ્ડ યુથ માટે માર્કેટ લીંકૂડ સ્કિલ્સ ટ્રેઇનિંગનાં ક્ષેત્રમાં ઉલ્લેખનીય કામ કરી રહ્યાં છે. અહીંયા મેં તો થોડાંક જ નામનો ઉલ્લેખ કર્યો છે પરંતુ આજે આપણી વચ્ચે મેન્ટોર્સ ની ઊણપ નથી. આપણાં માટે ખૂબ ખુશીની વાત છે કે સ્ટાર્ટ-અપ માટે આજે દેશમાં એક સંપૂર્ણ સપોર્ટ સિસ્ટમ તૈયાર થઇ રહી છે. મને વિશ્વાસ છે કે આવનારાં સમયમાં આપણને ભારતનાં સ્ટાર્ટ-અપ વર્લ્ડમાં પ્રગતિની નવી ઊડાન જોવાં મળશે.

સાથીઓ થોડાંક દિવસો પહેલાં મને એક એવી ઈન્ટરેસ્ટિંગ અને અટ્રેક્ટિવ વસ્તુ મળી, જેમાં દેશવાસીઓની ક્રિએટીવિટી અને તેમની આર્ટિસ્ટિક ટેલેન્ટનો રંગ ભરેલો છે. એક ભેટ છે, જે તમિલનાડુનાં થંજાવુરનાં એક સેલ્ફ હેલ્પ ગ્રૂપે મને મોકલી છે. આ ભેટમાં ભારતીયતાની સુગંધ છે અને માતૃ-શક્તિનાં આશિર્વાદ તેમજ મારાં પર તેમનાં સ્નેહની ઝાંખી પણ જોવાં મળે છે. આ એક સ્પેશિયલ થંજાવુર ડૉલ છે, જેને જીઆઇ ટેગ પણ મળેલ છે. હું થંજાવુર સેલ્ફ-હેલ્પ ગ્રૂપ ને વિશેષ ધન્યવાદ પાઠવું છું, કે જેમણે મને સ્થાનિક સંસ્કૃતિમાં આ ભેટ મોકલી છે. જોકે, સાથીઓ આ થંજાવુર ડૉલ જેટલી સુંદર હોય છે, એટલી જ સુંદરતાથી તે મહિલા સશક્તિકરણની નવી ગાથા પણ લખી રહી છે.

**“ અલગ-અલગ ક્ષેત્રોમાં અલગ-અલગ પહેરવેશ, ખાનપાન અને સંસ્કૃતિએ આપણી ઓળખ છે. આ ડાયવર્સિટી, આ વિવિધતા, એક રાષ્ટ્રનાં રૂપમાં, આપણને વધુ સશક્ત બનાવે છે. ”**

સાથીઓ, આપણાં દેશમાં ઘણી બધી ભાષાઓ, લિપિઓ અને બોલિઓનો સમૃદ્ધ ખજાનો છે. અલગ-અલગ ક્ષેત્રોમાં અલગ-અલગ પહેરવેશ, ખાનપાન અને સંસ્કૃતિએ આપણી ઓળખ છે. આ ડાયવર્સિટી, આ વિવિધતા, એક રાષ્ટ્રનાં રૂપમાં, આપણને વધુ સશક્ત બનાવે છે અને એકજૂથ રાખે છે. અને લગતું જ એક ખૂબ જ પ્રેરક ઉદાહરણ - એક બેટી કલ્પનાનું છે, જેને હું આપ સૌ સાથે વહેંચવાં માગું છું. તેનું નામ કલ્પના છે પરંતુ તેમનો પ્રયત્ન 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની સાચી ભાવનાથી ભરપૂર છે. તાજેતરમાં જ કલ્પનાએ કર્ણાટકમાં પોતાની 10 માં ધોરણની પરીક્ષા પાસ કરી છે, પરંતુ તેની સફળતાની ખાસ વાત એ છે કે કલ્પનાને થોડાંક સમય પહેલાં સુધી કન્નડ ભાષા પણ આવડતી નહોતી. તેમણે ત્રણ મહિનામાં માત્ર કન્નડ ભાષા જ ન શીખી, તેમાં 92 નંબર લાવીને પણ બતાવ્યાં. તમને એ જાણીને આશ્ચર્ય થતું હશે પણ આ સાચી વાત છે. તેના વિશેની બીજી કેટલીય વાતો એવી છે કે જે તમને આશ્ચર્યમાં પણ મૂકી દેશે અને પ્રેરણા પણ આપશે. કલ્પના, મૂળે ઉત્તરાખંડનાં જોશીમઠની રહેવાસી છે.

આવી જ રીતે, આપણાં દેશમાં એવાં કેટલાય લોકો છે જે દેશની ભાષાગત વિવિધતાને મજબૂત કરવાનું કામ કરી રહ્યાં છે. આવાં જ એક મિત્ર છે પશ્ચિમ બંગાળનાં પુરુલિયાનાં શ્રીપતિ ટૂડૂજી. ટૂડૂજી, પુરુલિયાનાં સિદ્ધો-કાનો-બિરસા યુનિવર્સિટીમાં સંથાલી ભાષાનાં પ્રોફેસર છે. તેમણે, સંથાલી સમાજ માટે તેમની પોતીકી 'ઓલ ચિકી' લિપિમાં, દેશનાં બંધારણની પ્રત તૈયાર કરી છે. શ્રીપતિ ટૂડૂજી કહે છે કે, આપણું બંધારણ આપણાં દેશમાં દરેક નાગરિકને તેના અધિકાર અને કર્તવ્યનો બોધ કરાવે છે. એટલાં માટે, દરેક નાગરિકે તેનાથી પરિચિત હોવું જરૂરી છે. એટલા માટે, તેમણે સંથાલી સમાજ માટે તેમની જ લિપિમાં બંધારણની કોપી તૈયાર કરીને ભેટ સ્વરૂપે આપી છે. હું, શ્રીપતિજીનાં આ વિચાર અને તેમનાં પ્રયત્નોને બિરદાવું છું. આ 'એક ભારત શ્રેષ્ઠ ભારત' ની ભાવનાનું જીવંત ઉદાહરણ છે. આ ભાવનાને આગળ વધારનારાં આવાં ઘણાં બધાં પ્રયત્નોનાં વિષયમાં તમને 'એક ભારત શ્રેષ્ઠ ભારત'ની વેબસાઇટ પર પણ જાણકારી મળશે. અંહી તમને ખાનપાન, કળા, સંસ્કૃતિ, પર્યટનની સાથે આવાં કેટલાંય વિષયોને લગતી પ્રવૃતિઓ વિશેની જાણકારી મળશે.

મારા પ્રિય દેશવાસીઓ, અત્યારે આપણાં દેશમાં ઉત્તરાખંડમાં 'ચાર-ધામ'ની પવિત્ર યાત્રા ચાલી રહી છે. 'ચાર-ધામ' અને ખાસ કરીને કેદારનાથમાં દરરોજ હજ્જારોની સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચી રહ્યા છે. લોકો પોતાની ચારધામ યાત્રાના સુખદ અનુભવો શેર કરી રહ્યા છે. પરંતુ મેં એ પણ જોયું છે કે, શ્રદ્ધાળુઓ કેદારનાથમાં કેટલાક યાત્રીઓ દ્વારા ફેલાવાતી ગંદકીનાં કારણે ખૂબ દુઃખી પણ છે. કેટલાય લોકોએ આ વિશે સોશિયલ મિડિયા પર પણ લખ્યું છે. આપણે પવિત્ર યાત્રામાં જઇએ અને ત્યાં ગંદગીનો ખડકલો થાય એ યોગ્ય નથી. પરંતુ સાથીઓ, આ ફરિયાદો વચ્ચે કેટલીય સુંદર તસવીરો પણ જોવાં મળી રહી છે. જ્યાં શ્રદ્ધા છે, ત્યાં સર્જન અને સકારાત્મકતા પણ છે. કેટલાય શ્રદ્ધાળું એવાં પણ છે કે જે બાબા કેદારનાં ધામમાં દર્શન-પૂજનની સાથોસાથ સ્વચ્છતાની સાધના પણ કરી રહ્યાં છે.

અત્યારે આપણાં દેશમાં 'ચારધામ યાત્રા' ની સાથે આગામી સમયમાં 'અમરનાથ યાત્રા', 'પંઢરપુર યાત્રા' અને 'જગન્નાથ યાત્રા' જેવી કેટલીએ યાત્રાઓ થશે. શ્રાવણ મહિનામાં તો કદાચ દરેક ગામમાં કોઇક ને કોઇક મેળો લાગતો હોય છે. સાથીઓ, આપણે જ્યાં પણ જઇએ, આ તીર્થ ક્ષેત્રોની ગરિમા જળવાય, શુદ્ધતા, સાફ-સફાઇ, એક પવિત્ર વાતાવરણ સચવાય તે આપણે ક્યારેય ન ભૂલીએ. તેને હમેશા જાળવી રાખીએ અને તેથી જરૂરી છે કે આપણે હમેશા સ્વચ્છતાનાં સંકલ્પને યાદ રાખીએ.

મારાં વહાલાં દેશવાસીઓ, આગામી મહીનાની 21 જૂને આપણે

આઠમો 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' ઊજવવાનાં છીએ. આ વખતે યોગ દિવસની થીમ – યોગા ફોર હ્યુમેનીટી – છે. હું આપ સૌને 'યોગ દિવસ' ખૂબ જ ઉત્સાહ સાથે ઊજવવાનો આગ્રહ કરીશ. હાં, કોરોનાને લગતી સાવચેતીઓનું પાલન પણ કરજો. આમ તો, હવે સમગ્ર દુનિયામાં કોરોનાને લઇને પરિસ્થિતિ પહેલાં કરતાં વધુ સારી થઇ હોય તેવું લાગે છે. વધુને વધુ વેક્સિનેશન કવરેજનાં કારણે હવે લોકો પહેલાં કરતાં વધુ બહાર નિકળી રહ્યાં છે. અને તેથી સમગ્ર દુનિયામાં 'યોગ દિવસ' ને લઇને ઘણી તૈયારીઓ થઈ રહેલી જોવાં મળી રહી છે. સાથીઓ, આપણાં દેશમાં આ વખતે 'અમૃત મહોત્સવ' ને ધ્યાનમાં રાખીને દેશનાં 75 પ્રમુખ સ્થળો પર પણ 'અંતરરાષ્ટ્રીય યોગ દિવસ' નું આયોજન થશે.

સાથીઓ, થોડાં દિવસ પહેલાં હું જાપાન ગયો હતો. મારાં કેટલાંય કાર્યક્રમો વચ્ચે મને કેટલાંક શાનદાર લોકોને મળવાનો અવસર મળ્યો. હું 'મન કી બાત' માં તમારી સાથે તેમનાં વિશે વાત કરવા માગું છું. તે લોકો છે તો જાપાનનાં, પરંતુ ભારત માટે તેમને ગજબની લાગણી અને પ્રેમ છે. તેમાંના એક છે હિરોશિ કોઈકેજી, જે એક પ્રખ્યાત આર્ટ ડિરેક્ટર છે. તમને એ જાણીને ખુશી થશે કે તેમણે મહાભારત પ્રોજેક્ટને ડિરેક્ટ કર્યો છે. આ પ્રોજેક્ટની શરૂઆત કમ્બોડિયામાં થઇ હતી અને પાછલાં નવ વર્ષોથી તે નિરંતર ચાલે છે. હિરોશિ કોઈકેજી દરેક કાર્ય ખૂબ જ નોખી રીતે કરે છે. તેઓ દર વર્ષે એશિયાનાં કોઇ એક દેશની યાત્રા કરે છે અને ત્યાંનાં લોકલ આર્ટિસ્ટ અને મ્યુજિશીયનની સાથે મહાભારતનાં કેટલાંક અંશોને પ્રોડ્યુસ કરે છે.

> "21 જૂને આપણે આઠમો 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ' ઊજવવાનાં છીએ. આ વખતે યોગ દિવસની થીમ – યોગા ફોર હ્યુમેનીટી છે."

આ સિવાય, હું જાપાનમાં અન્ય જે બે લોકોને મળ્યો તે છે – આત્સુશિ માત્સુઓજી અને કેન્જી યોશીજી. આ બંને ટેમ પ્રોડક્શન કંપની સાથે જોડાયેલા છે. આ કંપનીનો સંબંધ રામાયણની તે જાપાની એનિમેશન ફિલ્મ સાથે છે જે 1993 માં રિલીઝ થઇ હતી. આ પ્રોજેક્ટ જાપાનનાં ખૂબ પ્રખ્યાત ફિલ્મ ડિરેક્ટર યુગો સાકોજી સાથે જોડાયેલો હતો. લગભગ 40 વર્ષ પહેલાં, 1983 માં, તેમને પહેલી વાર રામાયણ વિશે જાણવા મળ્યું હતું. 'રામાયણ' તેમનાં હૃદયને સ્પર્શી ગયી, ત્યાર બાદ તેમણે તેનાં પર ઊંડાણપૂર્વક રિસર્ચ શરૂ કર્યું. આટલું જ નહીં પણ તેમણે જાપાની ભાષામાં રામાયણનાં 10 વર્ઝન વાંચી નાખ્યા. આપણાથી હજારો કિલોમીટર દૂર જાપાનમાં રહેતા લોકો, જે ન તો આપણી ભાષા જાણે છે, ન તો આપણી પરંપરાઓ વિશે એટલું જાણે છે, તેમ છતાં તેમનું આપણી સંસ્કૃતિ માટેનું સમર્પણ, શ્રદ્ધા, આદર ખૂબ પ્રશંસનીય છે. – કયો હિન્દુસ્તાની આ વાત માટે ગર્વ નહીં કરે ?

મારા વહાલાં દેશવાસીઓ, સ્વ થી ઉપર ઊઠીને સમાજની સેવાનો મંત્ર, સેલ્ફ ફોર સોસાયટીનો મંત્ર, આપણાં સંસ્કારોનો ભાગ છે. આપણાં દેશમાં અગણિત લોકોએ આ મંત્રને પોતાના જીવનનો ધ્યેય બનાવેલ છે. મને આંધ્રપ્રદેશમાં, મર્કાપુરમમાં રહેતાં એક સાથી, રામ ભૂપાલ રેડ્ડીજી વિશે જાણકારી મળી. તમે જાણીને અચંબામાં મૂકાશો કે રામભૂપાલ રેડ્ડીજીએ રિટાયરમેન્ટ પછી મળેલી પોતાની સંપૂર્ણ કમાણીને દિકરીઓના અભ્યાસ માટે દાન કરી દીધી છે. તેમણે લગભગ 100 જેટલી દીકરીઓ માટે 'સુકન્યા સમૃદ્ધિ યોજના' અંતર્ગત ખાતા ખોલાવ્યા અને તેમાં પોતાનાં 25 લાખથી પણ વધુ રૂપિયા જમા કરાવી દીધા.

આવી જ સેવાનું અન્ય એક ઉદાહરણ ઉત્તરપ્રદેશના આગરાનાં કચૌરા ગામનું છે. ઘણાં વર્ષોથી આ ગામમાં મીઠા પાણીની તંગી હતી. આ દરમિયાન, ગામનાં એક ખેડૂત કુંવરસિંહને ગામથી 6-7 કિલોમીટર દૂર પોતાનાં ખેતરમાં મીઠું પાણી મળી ગયું. તે તેમનાં માટે ખૂબ આનંદનો અવસર હતો. તેમણે વિચાર્યું કે આ પાણીથી ગામના બાકીનાં તમામ લોકોની સેવા કરીએ તો કેવું સારું. પરન્તુ ખેતરથી ગામ સુધી પાણી લઇ જવા માટે 30-32 લાખ રૂપિયા જોઇતા હતા. થોડાંક સમય પછી કુંવરસિંહના નાના ભાઇ શ્યામસિંહ સેનામાંથી નિવૃત થઇને ગામ આવ્યા. તેમને આ વાત જાણવા મળી. તેમણે નિવૃતિ સમયે મળેલ પોતાની સંપૂર્ણ ધનરાશિ આ કામ માટે આપી દીધી અને ખેતરથી ગામ સુધી પાઇપલાઈન પાથરીને ગામનાં લોકો સુધી મીઠું પાણી પહોંચાડ્યું. જો ઈચ્છાશક્તિ હોય, પોતાના કર્તવ્યો પ્રત્યે ગંભીરતા હોય, તો એક વ્યક્તિ પણ કેવી રીતે સમગ્ર સમાજનું ભવિષ્ય બદલી શકે છે, આ પ્રયત્ન તે વાતની સૌથી મોટી પ્રેરણા છે. આપણે કર્તવ્ય પથ પર ચાલીને જ સમાજને સશક્ત કરી શકીએ છીએ, દેશને સશક્ત કરી શકીએ છીએ. આઝાદીનાં આ 'અમૃત મહોત્સવ' માં આ જ આપણો સંકલ્પ હોવો જોઇએ અને આ જ આપણી સાધના પણ હોવી જોઇએ અને જેનો એક જ માર્ગ છે – કર્તવ્ય, કર્તવ્ય અને કર્તવ્ય.

મારાં વહાલાં દેશવાસીઓ, 'મન કી બાત' માં આપણે સમાજ સાથે જોડાયેલાં કેટલાંય મહત્વપૂર્ણ વિષયો પર ચર્ચા કરી. તમે બધા, અલગ-અલગ વિષયો સાથે જોડાયેલાં મહત્વપૂર્ણ સૂચનો મને મોકલતાં રહો છો, અને તેનાં જ આધારે આપણી ચર્ચા આગળ વધે છે. 'મન કી બાત' નાં આગામી સંસ્કરણ માટે પણ આપના સૂચનો મોકલવાનું ભૂલતા નહીં. હાલમાં આઝાદીનાં અમૃત મહોત્સવ સાથે જોડાયેલ જે કાર્યક્રમ ચાલી રહ્યાં છે, જે આયોજનોમાં તમે ઉપસ્થિત રહો છો, તે વિષય સંદર્ભે પણ મને જરૂર જણાવજો. Namo app અને MyGov પર હું તમારા સૂચનોની રાહ જોઇશ. આવતી વખતે આપણે ફરી એકવાર મળીશું, ફરીથી દેશવાસીઓ સાથે જોડાયેલ આવાં જ વિષયો પર વાતો કરીશું. તમે, તમારું ધ્યાન રાખજો અને તમારી આસપાસના તમામ જીવજંતુઓની પણ ખ્યાલ રાખજો. ઉનાળાની આ ઋતુમાં તમે પશુ-પક્ષીઓ માટે દાણાં-પાણી આપવાનું તમારું માનવીય દાયિત્વ પણ નિભાવતા રહો – તે જરૂર યાદ રાખજો, ત્યાં સુધી ખૂબ ખૂબ ધન્યવાદ

ખૂબ ખૂબ ધન્યવાદ. ●



## આટકોટમાં કે.ડી.પી. મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલનું લોકાર્પણ કરતાં વડાપ્રધાન

# આયુષ્યમાન ભારત યોજનાથી આરોગ્ય ક્ષેત્રે ક્રાંતિ

આપણે ત્યાં એક કહેવત છે પ્રથમ સુખ તે જાતે નર્યા. એટલે કે માનવીએ પોતાના સ્વાસ્થ્યની સંભાળ જાતે રાખવી જોઈએ. તેમ છતાં ભારત જેવા દેશની સવા અબજની વસતીના સ્વાસ્થ્યની સંભાળ રાખવી એક કઠીન કાર્ય છે. તેમ છતાં છેલ્લાં આઠ વર્ષમાં થયેલા કાર્યોનું પરિણામ છે કે આપણે કોરોના મહામારીનો મક્કમતાથી મુકાબલો કરવામાં સફળ રહ્યાં. તેવી જ રીતે, ગુજરાતમાં છેલ્લાં બે દાયકામાં સ્વાસ્થ્ય ક્ષેત્રે આવેલા આમૂલ પરિવર્તનના પરિણામે માતા-બાળ મૃત્યુ દરમાં ઘટાડો થયો છે, તેમજ મેડિકલ તથા નર્સીંગની બેઠકોમાં વધારો થયો છે. આ સાથે, દરેક જિલ્લામાં મેડિકલ કોલેજો સ્થાપવાની દિશામાં કાર્ય શરૂ થઈ ગયા છે. ગુજરાતે નાગરિકોનાં સ્વાસ્થ્યને કેન્દ્રમાં રાખીને જન-જનના સ્વાસ્થ્યની સતત ચિંતા કરી છે. રાજકોટમાં એઈમ્સની સ્થાપના બાદ આરોગ્યક્ષેત્રે સૌરાષ્ટ્રને બીજી ભેટ મળી. આ ભેટ એટલે રાજકોટ જિલ્લાના આટકોટ ખાતે ૨૦૦ બેડની સુવિધા ધરાવતી શ્રી કે. ડી. પરવાડીયા મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે આ હોસ્પિટલને જનસમર્પિત કરવામાં આવી.

આટકોટ ખાતે ઉપસ્થિત જનમેદનીને સંબોધિત કરતાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, સરકારના પ્રયાસો સાથે જનતાના પ્રયાસો જોડાવાથી સેવા કરવાની શક્તિ વધી જાય છે. કે.ડી.પી. મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલ તેનું એક ઉત્તમ ઉદાહરણ છે. વર્તમાન સરકારે ગરીબોની સેવા કરી તેમનું સશક્તિકરણ કરવાની આગવી પરિપાટી પ્રસ્થાપિત કરી છે. હોસ્પિટલો ખાલી રહે એવા સ્વાસ્થ્યપ્રદ વાતાવરણનું નિર્માણ કરવાનું સરકારનું લક્ષ્ય છે. ગરીબની સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના કામને પ્રાથમિકતા આ સરકારે આપી છે. સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ, સૌનો પ્રયાસ આ મંત્ર પર ચાલી દેશના વિકાસને નવી ગતિ આપી છે.

વડાપ્રધાનશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, સમગ્ર અમેરિકા તથા યુરોપના દેશોની કુલ વસતી કરતા વધુ નાગરીકો આયુષ્યમાન યોજના અંતર્ગત નિઃશુલ્ક સારવાર મેળવતા થયા છે. ભારતની સુદ્રઢ આરોગ્ય વ્યવસ્થાનો આ બોલતો પુરાવો છે.

કેન્દ્ર સરકારના સુશાસનના આઠ વર્ષ પૂર્ણ થવા સંદર્ભે વડાપ્રધાનશ્રીએ કહ્યું હતું કે, ગુજરાતની ધરતીએ લોકકલ્યાણના કામ કરવાની નીતિ-રીતિ શીખવાડી છે. મહાત્મા ગાંધીજી અને સરદાર વલ્લભભાઈ પટેલની પવિત્ર ધરતીના આ સંસ્કાર છે, જેને પરિણામે તમારે કે દેશના કોઈ નાગરિકને નીચું જોવુ પડે તેવું એક પણ કામ આ આઠ વર્ષમાં ભૂલથી પણ કર્યું નથી.

ગુજરાતમાં આરોગ્યની સ્થિતિ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૧માં રાજ્યભરમાં મેડિકલની કુલ ૧૧૦૦ સીટ હતી. જે વધીને વર્ષ ૨૦૨૨માં ૮૦૦૦ થઈ છે. રાજ્યભરમાં સરકારી અને ખાનગી મળીને કુલ ૩૦ મેડિકલ કોલેજો કાર્યરત છે તથા રાજ્યના પ્રત્યેક જિલ્લામાં એક મેડિકલ કોલેજ સ્થાપવાની રાજ્ય સરકારની નેમ છે, એમ વડાપ્રધાનશ્રીએ આ પ્રસંગે સુનિશ્ચિત કર્યું હતું.

વડાપ્રધાનશ્રીએ સગૌરવ જણાવ્યું હતું કે, સમગ્ર વિશ્વમાં ઊંચામાં ઊંચી પ્રતિમા તરીકે "સ્ટેચ્યુ ઓફ યુનિટી" સ્થાન પામ્યું છે. જે સમગ્ર રાજ્ય માટે ગૌરવની વાત છે. આવડું મોટું કામ આટલી ઝડપથી પૂર્ણ કરીને ગુજરાતે પોતાની તાકાત સ્થાપિત કરી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતની ઔદ્યોગિક પ્રગતિની ઝાંખી કરાવતા જણાવ્યું હતું કે, સમગ્ર ગુજરાતમાં વિકસેલા મધ્યમ- સૂક્ષ્મ - લઘુ ઉદ્યોગો જ ગુજરાતની સાચી તાકાત અને આગવી ઓળખ છે. વડોદરાથી વાપી સુધીના અગાઉના ઔદ્યોગિક વિકાસની સાપેક્ષે સમગ્ર રાજ્યમાં ઔદ્યોગિક વિકાસ વધુ પ્રસર્યો છે. તેમજ આંતરમાળખાકિય







વિકાસની કેડી કંડારી છે. પહેલા આરોગ્યની સુવિધાઓ માટે દૂર-દૂર જવુ પડતું હતું. પરંતુ હવે અંતરિયાળ વિસ્તારોમાં આરોગ્યની સુવિધાઓ પ્રાપ્ત થવા લાગી છે.

મુખ્યમંત્રીશ્રીએ પી.એમ.જે.એ વાય. યોજનાનો ઉલ્લેખ કરી જણાવ્યું હતું કે, ગંભીર બીમારીઓ આવતા ગરીબ અને મધ્યમ વર્ગીય પરિવારોની વર્ષોની બચત હોસ્પિટલના ખર્ચમાં વપરાઇ જતી હોય છે. ત્યારે આ યોજનાએ ગરીબ અને મધ્યમ વર્ગીય પરીવારોને આરોગ્યનું સુરક્ષા કવચ પૂરૂ પાડ્યું છે. PMJAY યોજનાનો આશરે બે કરોડ પચ્ચીસ લાખ લોકો લાભ લઇ રહ્યા છે. આ ઉપરાંત, તેમણે જણાવ્યું કે, આપણા દીકરા-દીકરીઓને મેડિકલ અભ્યાસ માટે બહાર જવું ન પડે તે માટે એમ.બી.બી.એસ.ની ૧૭૦૦ અને પી.જી.ની ૨૦૦૦ સીટ નિશ્ચિત કરાઇ છે. ગુજરાત સરકાર દ્વારા ભવિષ્યમાં નવી ૮ મેડીકલ સંસ્થાઓનું નિર્માણ કરવામાં આવશે.

વડાપ્રધાનશ્રીના હસ્તે લોકાર્પિત થયેલી શ્રી કે.ડી.પરવાડિયા મલ્ટી સ્પેશિયાલિટી હોસ્પિટલમાં ગાયનેક, સર્જરી, ઓર્થોપેડિક, પીડિયાક, મેડીસીન, રેડિયોલોજી, પેથોલોજી, ડેન્ટલ અને ફીઝીયોથેરાપી વિભાગમાં નિષ્ણાત ડોકટરોની ફુલટાઈમ સેવા ઉપલબ્ધ હશે. જ્યારે નેફ્રોલોજી, કાર્ડિયોલોજી, ન્યુરોલોજી, ન્યુરો સર્જરી, રૂમેટોલોજી, યુરોલોજી, ગેસ્ટ્રો સર્જરી, ગેસ્ટ્રોલોજી, ઓન્કોલોજી, ક્રિટીકલ કેર વગેરે જેવા વિભાગોમાં સુપર સ્પેશીયાલીસ્ટ ડૉક્ટરોની વીઝીટીંગ ડૉક્ટર તરીકે સેવાઓ ઉપલબ્ધ હશે. મોટા રોગોના નિદાન અને સારવાર માટે હવે મોટા શહેરમાં જવાની જરૂર નહીં પડે, ઘરઆંગણે જ વાજબી દરે આરોગ્યવિષયક તમામ સેવાઓ મળી શકશે જેનાથી લોકોનો સમય અને પૈસા બંનેની બચત થશે.

આ પ્રસંગે સાંસદ શ્રી સી.આર.પાટીલ, કેન્દ્રીય મંત્રી સર્વ શ્રી મનસુખભાઇ માંડવીયા તથા પુરૂષોત્તમભાઇ રૂપાલા, મહેન્દ્રભાઇ મુંજપરા રાજયના મંત્રીમંડળના સદસ્યો, સાંસદો, ધારાસભ્યો, પૂર્વ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી, કર્ણાટકના પૂર્વ રાજયપાલ શ્રી વજુભાઇ વાળા, મુખ્ય સચિવ શ્રી પંકજકુમાર તથા વિવિધ સંપ્રદાયોના સંતો-મહંતો વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. ●

સુવિધા થકી ઉદ્યોગોના વિકાસ માટે રાજય સરકાર પણ પૂરતી પ્રયત્નશીલ છે એમ તેમણે ઉમેર્યું હતું. મોરબીનો સેનિટરી ઉદ્યોગ, જામનગરનો બ્રાસ પાર્ટસ ઉદ્યોગ તથા રાજકોટનો ઓઇલ એન્જીન ઉદ્યોગ વિશ્વ સ્તરે નામના મેળવી ચૂક્યા છે. તદુપરાંત નવી ફાર્મા કંપનીઓ ગુજરાતમાં તેમના એકમો સ્થાપી રહી છે જેનાથી ગુજરાત તમામ ક્ષેત્રે તેજ ગતિથી આગળ વધી રહ્યું છે.

વડાપ્રધાનશ્રીએ નવા અમલી બનાવાયેલા નિયમની જાણ કરતાં કહ્યું હતું કે, હવેથી માતૃભાષામાં શિક્ષણ મેળવેલો વિદ્યાર્થી પણ ઉચ્ચ શિક્ષણ મેળવી શકશે જેનાથી સમગ્ર રાજયમાં ઉચ્ચ શિક્ષણનો દર વધશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જણાવ્યું કે, સરકારે દેશના ગરીબ, મધ્યમ વર્ગના લોકોને કપરી સ્થિતિનો સામનો ન કરવો પડે તેની દરકાર કરી છે. વર્તમાન સરકાર દરેક નાગરિકને યોજનાનો 100 ટકા લાભ મળે તેનું અભિયાન ચલાવી રહી છે. છેવાડાના માનવી સુધી યોજના પહોંચાડવાનું લક્ષ્ય હોય ત્યારે ભેદભાવ, ભ્રષ્ટાચાર કે પરિવારવાદને કોઈ સ્થાન રહેતુ નથી. સમગ્ર રાજયમાં બનાવાયેલા સિક્સ લેન ધોરી માર્ગોથી ગુજરાતના બંદરોની તાકાત વધી છે. ઘોઘા-દહેજ રો-રો ફેરી સર્વિસ આજે મૂર્તિમંત થઇ છે જેનાથી સુરત-સૌરાષ્ટ્ર વચ્ચેનું ૩૦૦ થી વધુ કિ.મી.નું અંતર ગણતરીની મિનીટોમાં જ કાપી શકાય છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે જન-જનની સરકારના પ્રણેતા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીને સફળતાપૂર્વક આઠ વર્ષ પૂર્ણ કરવા બદલ અભિનંદન પાઠવતા જણાવ્યું હતું કે, રાજકોટના આટકોટમાં આનંદનો અવસર છે. કે. ડી. પરવાડિયા હોસ્પિટલ ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારોને ઘર આંગણે આરોગ્યની અદ્યતન સુવિધાઓ આપવા જઇ રહી છે. સુશાસનના સિધ્ધાંતોને અનુસરીને ગુજરાત સરકારે બહુમુખી

- **સરકારે ગરીબોની સેવા કરી તેમનું સશક્તિકરણ કરવાની આગવી પરિપાટી પ્રસ્થાપિત કરી છે**
- **બાપુ - સરદારની ભૂમિ એવા ગુજરાતની ધરતીએ લોકકલ્યાણના કામ કરવાની નીતિ-રીતિ શીખવી છે.**
- **MSME જ ગુજરાતની સાચી તાકાત અને આગવી ઓળખ છે**
- **હોસ્પિટલ ખાલી રહે એવું સ્વાસ્થપ્રદ વાતાવરણ સર્જવું છે**

## ગાંધીનગરના આંગણે સહકારી ક્ષેત્રનું પ્રથમ મહાસંમેલન

# સહકારી પ્રવૃત્તિથી ગ્રામીણ ક્ષેત્ર બન્યું વધુ વેગવાન

વિના સહકાર, નહીં ઉદ્ધારના મંત્ર સાથે રાજ્યની સહકારી સંસ્થાઓ કાર્ય કરી રહી છે. સહકારી ધોરણે ચાલતી ખાંડ મીલો હોય કે દુધ મંડળી કે પછી સહકારી બેંકો હોય આ તમામ ક્ષેત્રે ગુજરાત અવલ્લ છે. ગુજરાતના પનોતાપુત્ર અને તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ સહકાર ક્ષેત્રને આપેલા પ્રોત્સાહનના કારણે રાજ્યના ખેડૂતો સમૃદ્ધ બન્યા છે. સહકારી ક્ષેત્રના આવા મહત્વને ધ્યાને લઈને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વની કેન્દ્ર સરકારે સહકારને અલગ મંત્રલાયનો દરજ્જો આપ્યો છે. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની અધ્યક્ષતામાં ગાંધીનગરના મહાત્મા મંદિરમાં ભારતના સહકારી ક્ષેત્રના સૌ પ્રથમ એવા સહકારી મહાસંમેલન- “સહકારથી સમૃદ્ધિ”નું આયોજન કરાયુ હતુ.

“સહકારથી સમૃદ્ધિ” મહાસંમેલનમાં ઉપસ્થિત સહકારી ક્ષેત્રના આગેવાનો અને વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયેલા ભારતભરના કિસાનોને સંબોધન કરતાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી જણાવ્યુ હતુ કે, સહકારી ક્ષેત્ર આત્મનિર્ભર ભારતની ઊર્જા છે. આત્મનિર્ભર ભારતના નિર્માણમાં ગ્રામીણ ક્ષેત્રનું આત્મનિર્ભર હોવું આવશ્યક છે. ભારતના ગામડાઓને મોડેલ કો-ઓપરેટીવ વિલેજ બનાવવાની દિશામાં આપણે આગળ વધી રહ્યા છીએ, ગુજરાતના છ ગામોમાં સંપૂર્ણ કો-ઓપરેટીવ વ્યવસ્થા અમલી કરીને આ ગામોને મોડલ કો-ઓપરેટીવ વિલેજ બનાવાશે.

ભારત સરકાર દેશના કિસાનોના હિતમાં જે પણ કરવા યોગ્ય છે તે તમામ પ્રયત્નો કરશે. દેશના કિસાનની તાકાત વધારવા આપણી સરકાર પ્રયત્નશીલ છે. આ વર્ષે ભારતના કિસાનોને કેન્દ્ર સરકાર બે લાખ કરોડથી પણ વધુ રાહત આપશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું કે, આઝાદી પહેલાં દેશભરમાં અસહકારની ચળવળ ચલાવવામાં આવી હતી. જ્યારે આજે સહકારની ચળવળનો સમય છે. અસહકારથી સહકાર સુધીની આ યાત્રા જ સમૃદ્ધિના દ્વાર ખોલશે. ‘સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌનો પ્રયાસ’નો મંત્ર સહકારની અંદર જ સમાયેલો છે. આ મંત્રને સાકાર કરીને ગુજરાતની સહકારી મંડળીઓ આજે અન્ય રાજ્યો માટે પ્રેરણારૂપ બની રહી છે.

આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગાંધીનગરના કલોલ ખાતે ઈફકોના નેનો પ્રવાહી યુરિયા પ્લાન્ટનું વર્ચ્યુઅલી લોકાર્પણ કર્યું હતું. આ અવસરે વિશેષ આનંદની અનુભૂતિ અભિવ્યક્ત કરતાં તેમણે કહ્યું હતું કે, અગાઉ ભારતનો ખેડૂત યુરિયા લેવા જતો એ દૃશ્યની કલ્પના કરીએ તો પણ પરેશાની થાય છે. આજે યુરિયાની એક બોરીની તાકાત એક નેનો પ્રવાહી યુરિયાની બોટલમાં સમાઈ ગઈ છે. અડધો લીટર બોટલ કિસાનની યુરિયાની એક બોરી જેટલી જરૂરિયાત પૂરી કરે છે. આના પરિણામે ખર્ચ ઓછો થઈ જશે, નાના ખેડૂતો માટે આ સંશોધન ખૂબ જ આશીર્વાદરૂપ સાબિત થશે. અત્યારે કલોલના ઈફકોના આ પ્લાન્ટની ક્ષમતા દોઢ લાખ બોટલના ઉત્પાદનની છે, જે ક્રમશઃ વધશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, આવનારા દિવસોમાં ભારત દેશમાં આવા ૮ પ્લાન્ટની સ્થાપના કરાશે.

ભારત દેશ યુરિયા માટે વિદેશો પર નિર્ભર રહ્યો છે. આ સંશોધનથી દેશનું ધન બચશે. એટલું જ નહીં, યુરિયા ઉપરાંત ભવિષ્યમાં અન્ય ખાતરોના પર્યાય તરીકે પણ નેનો સંશોધનો થાય એ દિશામાં ભારતના કૃષિ વૈજ્ઞાનિકો કામ કરી રહ્યા છે. ફર્ટિલાઈઝરના વપરાશમાં સમગ્ર



દુનિયામાં ભારત બીજા ક્રમે છે જ્યારે ઉત્પાદનમાં ત્રીજા ક્રમે છે.

ફર્ટિલાઇઝરની જરૂરિયાત સંતોષવા ભારતે દાયકાઓથી વિદેશી આયાત પર નિર્ભર રહેવું પડતું હતું. યુરિયાની જરૂરિયાતનો એક ચતુર્થાંશ હિસ્સો આયાત કરવો પડે છે, જ્યારે પોટાશ અને ફોસ્ફેટ ૧૦૦ ટકા વિદેશથી આયાત કરવું પડે છે. કોરોનાના છેલ્લા બે વર્ષ દરમિયાન આંતરરાષ્ટ્રીય માર્કેટમાં ફર્ટિલાઇઝરની કિંમતો વધી. એટલું ઓછું હોય તેમ યુદ્ધની પરિસ્થિતિમાં અત્યારે વૈશ્વિક બજારમાં ફર્ટિલાઇઝરની ઉપલબ્ધિ ઓછી થઈ અને કિંમતો ખૂબ વધી. ફર્ટિલાઇઝરની આંતરરાષ્ટ્રીય સ્થિતિ અત્યંત ચિંતાજનક છે, છતાં પણ કિસાનો પ્રત્યે અત્યંત સંવેદનશીલ એવી ભારત સરકારે અનેક મુસીબતો



વેઠીને પણ કિસાનોને કોઈ જ તકલીફોનો સામનો ન કરવો પડે તેવી પરિસ્થિતિ સર્જી છે. આપણે દેશમાં ફર્ટિલાઇઝરનું સંકટ આવવા દીધું.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું ન હોવાનું જણાવ્યું હતું કે, ભારત સરકાર ૫૦ કિલોની ફર્ટિલાઇઝરની એક બેગ રૂ.૩૫૦૦માં આયાત કરે છે. પરંતુ દેશના કિસાનોને રૂ.૩૫૦૦ને બદલે ફર્ટિલાઇઝરની ૫૦ કિલોની આ બેગ માત્ર રૂ.૩૦૦માં સરકાર આપે છે. યુરિયાની એક બેગ પર કિસાનોને બદલે ભારત સરકાર રૂ.૩૨૦૦થી વધુ બોજ સહન કરે છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, ડીએપી ખાતરની ૫૦ કિલોની બેગ પર કેન્દ્ર સરકાર રૂ.૨૫૦૦ ખર્ચ સહન કરે છે. ગત ૧૨ મહિનામાં ભારતના કિસાનોને બદલે ભારત સરકારે ફર્ટિલાઇઝરની કિંમતોનો પાંચ ગણો ભાર વહન કર્યો છે. ભારતના કિસાનોને ફર્ટિલાઇઝર માટે કેન્દ્ર સરકારે ગત વર્ષે રૂ. ૧ લાખ, ૬૦ હજાર કરોડની સબસિડી આપી છે. કિસાનોને મળનારી રાહત રૂ.૨ લાખ કરોડથી વધુ થવાની સંભાવના છે.

આત્મનિર્ભરતામાં ભારતની અનેક મુશ્કેલીઓનો ઉકેલ છે. આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે સહકાર એ બહેતરીન મોડેલ છે. “સહકારથી સમૃદ્ધિ” -સહકારી ક્ષેત્રના ભારતના આ મહાસંમેલનમાં ઉપસ્થિત સહકારી ક્ષેત્રના દિગ્ગજો અને સહકારી ક્ષેત્રને સફળ બનાવનાર સેનાનીઓ અને જૂના સાથીઓને તેમણે અભિનંદન પાઠવ્યા હતા. તેમણે કહ્યું હતું કે, ગુજરાત એટલે પણ સૌભાગ્યશાળી રહ્યું છે કે, પરમ પૂજ્ય ગાંધીજી અને સરદાર પટેલનું નેતૃત્વ ગુજરાતને મળ્યું છે. પૂજ્ય બાપુએ સહકારથી સ્વાવલંબનનો જે માર્ગ દેખાયો હતો, સરદાર વલ્લભભાઈ પટેલે તેને જ સાકાર કરવાનું કામ કર્યું છે.

વડાપ્રધાનશ્રીએ જણાવ્યું કે, આઝાદીનો આ અમૃતકાળ લઘુ અને મધ્યમકદના ઉદ્યોગોને, નાના દુકાનદારોને વધુ સક્ષમ બનાવવાનો કાળ બની રહેશે. નાના વેપારીઓને વેચાણની ઉમદા તકો મળે તે માટે Open Network for Digital Commerce (ONDC)નું ડિજિટલ પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવ્યું છે. પડકારો સામે સમાધાન શોધવામાં જ સહકારની ખરી કસોટી છે, ત્યારે અમારી સરકારનો સમગ્ર પ્રયાસ આપત્તિને અવસરમાં પલટવાનો છે. આજે આવા અનેક પ્રકલ્પો થકી નવી સિદ્ધિઓ હાંસલ કરવામાં મદદ મળી છે.

કેન્દ્રિય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે ગુજરાતભરમાંથી સહકાર સંમેલનમાં સહભાગી થયેલા સહકારી આગેવાનો ખેડૂતો ભાઈઓ-બહેનોને આવકારતા કહ્યું કે ગુજરાત સહકારીતા ક્ષેત્રનું સફળતાનું મોડેલ છે. કોઈ પણ ક્ષેત્રમાં ગુજરાતે સહકારિતાના આત્માને બચાવ્યો છે. દેશભરમાં બહુ ઓછા પ્રાંત છે કે જ્યાં પેક્સથી એપેક્સ સુધી સહકારિતા સિદ્ધાંત અને પારદર્શિતા પર ચાલતી હોય. તેમાંનું આપણું ગુજરાત એક છે જે બદલ સહકારિતા કાર્યકર્તાઓને અભિનંદન પાઠવ્યા હતા. આઝાદીના સમયથી સ્વાવલંબન-સ્વદેશીના બે આધાર સ્તંભ પર શ્રી સરદાર પટેલ અને શ્રી મોરારજી દેસાઈએ ગાંધીજીના નેતૃત્વમાં શરૂઆત કરી હતી ત્યારબાદ શ્રી ત્રિભુવનદાસ પટેલ અને શ્રી વૈકુંઠભાઈ મહેતા જેવા અનેક



કાર્યકર્તાઓએ સહકારિતા ક્ષેત્રને મજબૂત કરવા પોતાનું સમગ્ર જીવન સમર્પિત કરી દીધું છે. આ જ કારણે તેમણે વાવેલું સહકારિતાનું બીજ વટવૃક્ષ બની વિશ્વની સમક્ષ આજે ઉભું છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે જણાવ્યું કે, સહકારી ક્ષેત્ર ગ્રામ્ય અર્થતંત્રનો ધબકાર છે, તો લોકશાહીનો આધાર પણ છે. ગુજરાતમાં આવેલી વિવિધ સહકારી સંસ્થાઓને પરિણામે ગુજરાતના ખેડૂતો, શ્રમિકો, ગરીબો, દલિતો અને મહિલાઓ આર્થિક રીતે પગભર થયા છે- સમૃદ્ધ થયા છે. સહકારી પ્રવૃત્તિ દ્વારા ગુજરાતે માઈક્રો અને મેક્રો એમ બંને સ્તરે આગવી કેડી કંડારી છે, તેમ તેમણે ઉમેર્યું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી તથા કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઇ શાહના નેતૃત્વમાં છેલ્લા આઠ વર્ષમાં વિવિધ ક્ષેત્રોમાં સરકારની કાર્યપ્રણાલીમાં મોટું પરિવર્તન આવ્યું છે, તેમજ નવી પહેલ કરવામાં આવી છે. કેન્દ્ર સરકારમાં સહકારિતા મંત્રલયની શરૂઆત તેનું એક આગવું ઉદાહરણ છે. દેશના ઈતિહાસમાં પહેલીવાર બદલાવ લાવવાવાળી સરકાર લોકોને મળી છે.

આ પ્રસંગે સહકાર રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, કેન્દ્રિય આરોગ્ય મંત્રી શ્રી મનસુખભાઇ માંડવિયા, સંસદ સભ્ય શ્રી સી.આર.પાટીલ, મંત્રી મંડળના સભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, જિલ્લા અને તાલુકા દૂધ સહકારી મંડળી, ૨૨૪ એ.પી.એમ.સી, ગ્રામ્ય દૂધ ઉત્પાદક મંડળીઓના આગેવાનો અને પ્રતિનિધિઓ વિવિધ સહકારી ક્ષેત્રના આગેવાનો, રાજયના મુખ્ય સચિવ શ્રી પંકજ કુમાર, કેન્દ્ર-રાજ્ય સરકારના વરિષ્ઠ અધિકારીશ્રીઓ અને સહકાર ક્ષેત્ર સાથે સંકળાયેલા ખેડૂતો ઉપસ્થિત રહ્યા હતા. ઈફકોના ચેરમેન શ્રી દિલીપભાઈ સાંઘાણી અને ભારતના આશરે ૬ કરોડથી વધુ ખેડૂતો વર્ચ્યુઅલિ જોડાયા હતા. ●

## કલોલમાં વિશ્વનો પ્રથમ નેનો યુરિયા લિક્વિડ પ્લાન્ટ

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગાંધીનગર જિલ્લાના કલોલમાં વિશ્વના પ્રથમ નેનો યુરિયા (પ્રવાહી) પ્લાન્ટનું મહાત્મા મંદિર ખાતેથી કેન્દ્રીય સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહ, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, કેન્દ્રીય રસાયણ મંત્રી શ્રી ડૉ.મનસુખભાઈ માંડવિયા, રાજ્ય સહકાર મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં વર્ચ્યુઅલી ઉદઘાટન કર્યુ હતુ. આ પ્રસંગે કલોલ ખાતે ઈફકોના ચેરમેન શ્રી દિલીપભાઈ સંઘાણી સહિત ઈફકોના ઉચ્ચ અધિકારીઓ વર્ચ્યુયલી જોડાયા હતા. વડાપ્રધાનશ્રીએ અંદાજે રૂ.૧૭૫ કરોડ ખર્ચે ઈફકો નિર્મિત નેનો યુરિયા (લિક્વિડ) પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યુ. નેનો યુરિયાના ઉપયોગ દ્વારા પાકની ઉપજમાં વધારાને ધ્યાનમાં રાખીને અલ્ટ્રામોર્ડન નેનો ફર્ટિલાઇઝર પ્લાન્ટની સ્થાપના થઇ છે. આ પ્લાન્ટ દરરોજ ૫૦૦ મિ.લી.ની ૧.૫૦ લાખ બોટલોનું ઉત્પાદન કરશે. આવનારા સમયમાં દેશભરમાં વધુ ૮ પ્લાન્ટ સ્થાપવાની પણ યોજના છે. જેનાથી વિદેશથી આયાત ઘટશે અને આત્મનિર્ભરતા વધશે. આ ઈનોવેશન માત્ર નેનો યુરિયા સુધી સીમિત ન રહી અન્ય ફર્ટિલાઇઝરનો પણ સમાવેશ થશે. ખેડૂતોની આવક બમણી કરવા અને પ્રદૂષણ નિયંત્રણના ઉદ્દેશ્યથી સ્થાપિત આ નેનો યુરિયા પ્લાન્ટ દેશના ખેડૂતો માટે ફાયદાકારક નીવડશે. નેનો યુરિયા ખેડૂતોનો ખર્ચ ઓછો અને ફાયદો વધુ કરાવશે. એક બોટલ (૫૦૦ મિલી) નેનો યુરિયા દાણાદાર યુરિયાની એક બોરી બરાબર છે. જેના પરિણામે કૃષિ ઉત્પાદન અને ખેડૂતોની આવકમાં વધારો થશે. એટલુ જ નહી પરિવહન અને સંગ્રહમાં પણ કિફાયતી અને સુવિધાજનક છે. આ નેનો યુરિયા લીકવીડ પાણી, હવા અને માટીના પ્રદૂષણમાં ઘટાડો કરશે. ઉપરાંત સસ્તું અને અસરકારક, ઉત્પાદનની ગુણવત્તામાં સુધારો કરશે અને બધા માટે સુરક્ષિત પણ છે.



# ગાંધીનગરમાં યોજાયું રાજ્યકક્ષાનું ગરીબ કલ્યાણ સંમેલન






સરકારનું મુખ્ય કાર્ય લોકકલ્યાણનું છે. નાગરિકોને સારામાં સારી સુવિધા, હકો, પારદર્શિ રીતે મળી રહે તેવી વ્યવસ્થા સરકારે કરવાની રહે છે. ગુજરાતના પોનાતાપુત્ર અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત દેશવ્યાપી ગરીબ કલ્યાણ સંમેલનમાં કેન્દ્ર સરકારની વિવિધ ગરીબ કલ્યાણલક્ષી યોજનાના લાભાર્થીઓ સાથે શિમલાથી વર્ચ્યુઅલ માધ્યમ દ્વારા સંવાદ કર્યો હતો. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં ગરીબ કલ્યાણ સંમેલનનો રાજ્યકક્ષાનો કાર્યક્રમ મહાત્મા મંદિર ગાંધીનગરમાં યોજાયો હતો.

મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે સ્પષ્ટપણે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વની કેન્દ્ર સરકારે સેવા, સુશાસન, ગરીબ કલ્યાણ, નવિનતા અને દ્રઢનિશ્ચય એમ પાંચ મુખ્યસ્થંભ પર સંકલ્પથી સિદ્ધિની અવિરત યાત્રા ચાલુ રાખી છે. ગુજરાતને તો વિકાસની તેજ રફતારને વધુ ગતિએ આગળ લઈ જવામાં કેન્દ્ર અને રાજ્ય એમ ડબલ એન્જિનની સરકારનો લાભ મળી રહ્યો છે. યોજનાઓના સર્વગ્રાહી અમલીકરણથી ગુજરાત વિકાસનું રોલ મોડેલ બન્યુ છે..

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, કેન્દ્રમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સરકારના આઠ વર્ષ દરમિયાન મોદી સરકારે ભારતને નવી દિશા આપી છે, વિકાસના નવા માર્ગો આપ્યા છે. આઠ વર્ષ પછી મોદી સરકાર શ્રદ્ધા, ઊર્જા, આશા, અપેક્ષાનું પ્રતીક બની ગઈ છે. શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકારે ગરીબોને ટેકો આપ્યો છે, મહિલાઓમાં સુરક્ષા અને સ્વાભિમાનની ભાવના જાગૃત કરી છે. યુવાનોમાં અપાર ઊર્જાનો સંચાર કર્યો છે. ખેડૂતોમાં આત્મવિશ્વાસ જગાડ્યો છે અને સામાન્ય નાગરિકોનો વિશ્વાસ અને અપેક્ષાઓ વધારી છે તેમ મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાનશ્રીના વડપણની કેન્દ્ર સરકારના આઠ વર્ષની સફળતાઓ વર્ણવતા ઉમેર્યુ હતું.

વડાપ્રધાનશ્રીની વિકાસની રાજનીતિ દેશ આખો અનુભવી રહ્યો છે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ એકવીસમી સદીના ભારતના નવનિર્માણ તરફ ઘણા મહત્વપૂર્ણ પગલાં લીધા છે. ગરીબોના ઉત્થાન માટે પ્રતિબદ્ધ સરકાર છે અને દેશને વિશ્વગુરુ બનાવવા માટે સંકલ્પબદ્ધ છે. ગરીબોની દરેક નાની-મોટી સમસ્યાને દૂર કરવાના મંત્ર સાથે સરકારો કામ કરી રહી છે. સ્વાસ્થ્ય, ગેસ કનેક્શન, આવાસ, સન્માન નિધિ દ્વારા શ્રી મોદીએ ગરીબોનું જીવનધોરણ ઊંચું લાવવાનો સફળ પ્રયાસ કર્યો છે તેની પણ ભૂમિકા તેમણે આપી હતી. શ્રી નરેન્દ્રભાઈ મોદી સરકારે નાનામાં નાના માણસોનું ધ્યાન રાખ્યું છે, ગરીબોની આશાને નવી પાંખો મળી છે. તેમનામાં આત્મવિશ્વાસ જાગ્યો છે. મોદીજી જેવા પ્રભાવશાળી નેતા જ આ કરી શકે એમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યુ હતું.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ યોજનાઓના સેચ્યુરેશનની નવતર પહેલ કરાવી અંત્યોદયથી સર્વોદયને સાકાર કર્યો છે અને સુશાસનની આગવી કેડી કંડારી તેઓ ગાંધીજી અને સરદાર સાહેબના સપનાનું ભારત બનાવી રહ્યા છે તેવો સ્પષ્ટ મત મુખ્યમંત્રીશ્રીએ દર્શાવ્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ હેઠળ લાભાર્થીઓને મળેલા લાભની વિસ્તૃત છણાવટ કરી હતી અને આ

ગરીબ કલ્યાણ સંમેલનમાં ઉપસ્થિત કેટલાક લાભાર્થીઓ સાથે સંવાદ કરીને તેમને મળેલા લાભ અંગે વિગતો મેળવી હતી.

મુખ્યમંત્રીશ્રીએ આવા જે લાભાર્થી સાથે વાતચીત કરી તેમાં પોષણ યોજના, નલ સે જલ, આયુષ્યમાન ભારત, પ્રધાનમંત્રી આવાસ યોજનાના તેમજ પી.એમ સ્વ-નિધિ યોજનાઓના કચ્છ, ગાંધીનગર, મહેસાણા, અમદાવાદ જિલ્લાના લાભાર્થીઓ સાથે સહજ વાતચીત કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ સૌ લાભાર્થીઓને અનુરોધ કર્યો કે, બાળકોને શિક્ષણ, ઉચ્ચ અભ્યાસ માટે લોન સહાય સહિતની યોજનાઓના લાભ લેવા પણ આગળ આવે અને વડાપ્રધાનશ્રીએ આપેલો 'સૌના સાથ સૌના વિકાસ'નો મંત્ર સાકાર કરે.

ગરીબ કલ્યાણ સંમેલનના પ્રારંભમાં મુખ્ય સચિવ શ્રી પંકજ કુમારે જણાવ્યું હતું કે, ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે સુશાસનના આઠ વર્ષ પૂર્ણ કર્યા છે. જેના ભાગરૂપે વડાપ્રધાનશ્રીએ શિમલા ખાતેથી કેન્દ્રની વિવિધ ૧૩ કલ્યાણલક્ષી યોજનાના લાભાર્થીઓ સાથે દેશવ્યાપી સંવાદ કર્યો હતો. જે અંતર્ગત વડાપ્રધાનશ્રીએ ગુજરાતમાં મહેસાણાના PM મુદ્રાના લાભાર્થી સાથે પણ સંવાદ યોજ્યો હતો. ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં મહાત્મા મંદિર ખાતે ગરીબ કલ્યાણ સંમેલનનું આયોજન હાથ ધરવામાં આવ્યું હતું.

આ સાથે રાજ્યના વિવિધ જિલ્લા કેન્દ્રો પર મંત્રીશ્રીઓની ઉપસ્થિતિમાં ગરીબ કલ્યાણ સંમેલન યોજાયા હતા. જેમાં લાભાર્થીઓ સાથેના આ કાર્યક્રમમાં સુરત ખાતે કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રી દર્શનાબહેન જરદોશ, વડોદરા ખાતે વિદેશ મંત્રી શ્રી એસ. જયશંકર, ભાવનગર ખાતે કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખભાઈ માંડવિયા, અમરેલી ખાતે કેન્દ્રીય મંત્રી શ્રી પુરૂષોત્તમભાઈ રૂપાલા અને સુરેન્દ્રનગર ખાતે કેન્દ્રીય રાજ્ય મંત્રી ડૉ. મહેન્દ્રભાઈ મુંજપુરા સહિત મંત્રીમંડળના સભ્યો અને રાજ્યભરમાંથી અંદાજે ૧ લાખ લાભાર્થીઓ વર્ચ્યુઅલી જોડાયા હતા.






મુખ્ય સચિવશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં ભારતમાં સામાન્ય લોકોનું જીવનધોરણ ઊંચું લાવવા માટે કેન્દ્ર સરકાર દ્વારા મુખ્ય ૧૩ યોજના અમલી બનાવી છે. આ યોજનાઓનો ગુજરાતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વમાં મહત્તમ લોકોને લાભ મળે અને જીવન ધોરણમાં બદલાવ આવે તે માટે ગુજરાત સરકાર સતત પ્રયત્નશીલ છે.

ગુજરાતમાં કેન્દ્ર સરકારની સ્વચ્છ ભારત ગ્રામીણ-શહેરી મિશન યોજના, પીએમ આવાસ યોજના, મનરેગા, પીએમ મુદ્રા યોજના, પીએમ વેલનેસ સેન્ટર, જલ જીવન મિશન, પીએમ ઉજ્જવલા યોજના અને વન નેશન વન રાશન સહિત અનેક યોજનાઓના મળેલા લાભોની વિગતવાર માહિતી આપી, બાકી રહેલા તમામ લાભાર્થીઓને યોજનાઓનો મહત્તમ લાભ લેવા પણ મુખ્ય સચિવશ્રીએ સૌને અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે મેયર શ્રી હિતેશભાઈ મકવાણા, પૂર્વ નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલ, ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, શ્રી બલરાજસિંહ ચૌહાણ, મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કે. કૈલાસનાથન, મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી, કૃષિ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મુકેશ પુરી, પદાધિકારીશ્રીઓ, સંબંધિત વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ અને વિવિધ યોજનાઓના લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

## PMએ મહેસાણાના લાભાર્થી સાથે સંવાદ કર્યો

*વડાપ્રધાનશ્રીએ ગુજરાત સહિત દેશભરના લાભાર્થી- નાગરિકો સાથે સંવાદ કર્યો હતો. જે અંતર્ગત મહેસાણા શહેરમાં સોમેશ્વર બંગ્લોઝમાં રહેતા અને સુરભિ મંડપ ડેકોરેશનનો વ્યવસાય કરતા લાભાર્થી અરવિંદભાઇ એસ પટેલ સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ 4 મિનિટ સુધી સંવાદ કર્યો હતો. પ્રધાનમંત્રી મુદ્રા યોજના અન્વયે અરવિંદભાઈએ રૂપિયા 7 લાખ 20 હજારની લોન મેળવી છે. આ લોનથી તેઓના વ્યવસાયમાં વધારો થયો છે. તેઓ પહેલા આઠ લોકોને રોજગારી આપતા હતા. હાલમાં તેઓ બાર લોકોને રોજગારી આપી રહ્યા છે. વડાપ્રધાનશ્રીએ અરવિંદભાઈ સાથે સંવાદમાં અરવિંદભાઈના વ્યવસાય બાબતે પૃચ્છા કરી હતી. તેઓએ આ યોજનાથી અરવિંદભાઈના જીવનમાં આવેલ પરિવર્તન બાબતે પણ પૃચ્છા કરી હતી. અરવિંદભાઈએ મહેસાણા જિલ્લાના વતની અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાથે વાતચીત માટે મળેલી તક અંગે આભાર વ્યક્ત કર્યો હતો. વડાપ્રધાનશ્રીએ અરવિંદભાઈને તેમની સાથે કાર્યરત કર્મચારીઓને સરકારશ્રીની વિવિધ યોજનાઓની માહિતી અને લાભ આપવા અનુરોધ કર્યો હતો. આ ઉપરાંત વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ખેલ મહાકુંભમાં મહેસાણા જિલ્લાની ભાવિના પટેલે ઓલિમ્પિકમાં રાષ્ટ્રને નામના અપાવી તેની પણ વાત કરી હતી. અત્રે ઉલ્લેખનીય છેકે અરવિંદભાઇ પટેલને માત્ર આઠ જ દિવસમાં પ્રધાનમંત્રી મુદ્રા યોજનાની લોન મળી હતી. જેનાથી તેઓ વ્યવસાયને આજે વિસ્તાર કરી શક્યા છે. તેઓને લોન માટે ગીરવે કોઇ પણ વસ્તુ રાખવી પડી ન હતી. આ યોજના થકી વ્યવસાયના વિસ્તારથી હાલમાં તેઓને ઓર્ડર પુરતા પ્રમાણમાં મળી રહ્યાં છે.*

### કેન્દ્રિય ગૃહ અને સહકાર મંત્રીની ઉપસ્થિતિમાં રાજ્યમાં વિકાસ કાર્યોની વણઝાર

# અમદાવાદમાં સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ, પંચમહાલમાં પાંચ પ્રકલ્પ અને ખેડાથી પોલીસ આવાસોની ભેટ



**ગુજરાતના પનોતાપુત્ર અને કેન્દ્રિય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઇ શાહ તાજેતરમાં ગુજરાતના ત્રણ દિવસીય પ્રવાસે હતા. આ પ્રવાસ દરમિયાન ગુજરાતની ધરતી અનેક વિકાસકાર્યોની સાક્ષી બની. અમદાવાદના નારણપુરા વિસ્તારમાં રૂ.624 કરોડના ખર્ચે નિર્માણ થનારા અત્યાધુનિક સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષનું ખાતમુહૂર્ત, પંચમહાલ ડેરી અને પંચમહાલ જિલ્લા સહકારી બેંકના વિવિધ પાંચ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત-લોકાર્પણ તેમજ રાજ્યની શાંતિ, સુરક્ષા જેમના હાથમાં છે એવા પોલીસ તંત્ર માટેના આવાસોનું કેન્દ્રિય મંત્રી શ્રી અમિતભાઇ શાહે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલની ઉપસ્થિતિમાં લોકાર્પણ કરી રાજ્યની વિકાસ યાત્રાને વેગવંતી બનાવી હતી.**

### અમદાવાદમાં અત્યાધુનિક સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ

રમત-ગમતનું આપણા જીવનમાં ખૂબ મહત્વ રહેલું છે. રમત-ગમતથી મૂલ્યો, પરસ્પર વિશ્વાસ સંપાદિત કરવાનો તથા ત્વરિત નિર્ણય લેવાનો ગુણ વિકસે છે. છેલ્લાં કેટલાંક વર્ષોમાં ગુજરાતે રમત-ગમત ક્ષેત્રે ખૂબ ઉત્કૃષ્ઠ કામગીરી કરી છે. ખેલ મહાકુંભના સફળ આયોજનના કારણે ગુજરાતમાં સ્પોર્ટ્સ એક્ટિવિટીને પ્રોત્સાહન મળ્યું છે. પોતાની રીતનાં સૌથી મોટા રમત-ગમત આયોજન થકી ઘણી પ્રતિભા મળી છે, જેમણે દેશ-દુનિયામાં ગુજરાતનું નામ રોશન કર્યુ છે. કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે અમદાવાદના નારણપુરા વિસ્તારમાં રૂ.624 કરોડના ખર્ચે નિર્માણ થનારા અતિઆધુનિક સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષનું ખાતમુહૂર્ત કર્યું હતું. આ પ્રસંગે તેમણે અમદાવાદમાં વિશ્વના સૌથી મોટા નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ, સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ તેમજ નારણપુરાનું સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ તથા બીજા ત્રણ સ્પોર્ટ્સ સંકુલો તૈયાર થતાં આગામી દિવસોમાં અમદાવાદ એશિયાડ અને ઓલિમ્પિકનું યજમાની કરવા સક્ષમ બનશે, એવો તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે, નારણપુરા ખાતે અત્યાધુનિક સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ બનાવવા અંગેની રજૂઆતને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ મંજૂરી આપતાં, આ સ્વપ્ન આગામી 30 મહિનામાં સાકાર થશે. તેમણે ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાં થઈ રહેલાં વિકાસકાર્યો અંગે જણાવ્યું હતુ કે, છેલ્લા ત્રણ વર્ષોમાં રૂ.8613 કરોડના વિકાસકાર્યો કરવામાં આવ્યા છે. આ સ્પોર્ટસ કોમ્પ્લેક્ષમાં બાળકો આવીને રમતો રમી શકશે એટલું જ નહિં ઓલિમ્પિક રમતોમાં



### સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષની વિશેષતા....

*આંતરરાષ્ટ્રીય સ્પોર્ટ્સના ખેલાડીઓ તથા પ્રેક્ષકોને ટ્રાન્સપોર્ટેશનની સરળ સુવિધા મળી શકે તે હેતુથી અમદાવાદ શહેરની મધ્યમમાં આ કોમ્પ્લેક્ષની જગ્યા પસંદગી કરવામાં આવી છે. આંતરરાષ્ટ્રીય તથા રાષ્ટ્રીય કક્ષાની રમતો સાથે-સાથે પ્રાદેશિક રમત-ગમતોને પણ પ્રોત્સાહન મળી શકે તે મુજબ ડિઝાઈન કરવામાં આવેલા આ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષને મુખ્ય ૬ ભાગમાં વહેંચવામાં આવ્યું છે. જેમાં એક્વાટિક કોમ્પ્લેક્ષ, કોમ્યુનિટી સ્પોર્ટ્સ સેન્ટર, સેન્ટર ફોર સ્પોર્ટ્સ એક્સલન્સ, ફિટ ઈન્ડિયા ઝોન તેમજ આઉડ ડોર સ્પોર્ટ્સનો સમાવેશ થાય છે.*

ભાગ લઈ શકે તેવા પ્રતિભા કૌશલ્યવાન ખેલાડીઓ પણ અહીં તૈયાર થશે. આ સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ બનવાથી આગામી દિવસોમાં ગુજરાતમાં સ્પોર્ટ્સનું કલ્ચર વિકાસ પામશે તેવો તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. તેમણે વધુમાં કહ્યું કે, શ્રી મોદીના નેતૃત્વમાં ભારત એક સુરક્ષિત, સમૃદ્ધ , શિક્ષિત અને ગૌરવશાળી દેશ બન્યો છે.

કેન્દ્રિય રમતગમત મંત્રી શ્રી અનુરાગ ઠાકુરે જણાવ્યું હતુ કે, રૂ. ૬૨૪ કરોડના ખર્ચે બનવા જઇ રહેલા સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષનો શિલાન્યાસ એ એક ઐતિહાસિક ક્ષણ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને શ્રી અમિતભાઈ શાહની કલ્પનાશક્તિ અને દૂરંદેશીપણાના ફળસ્વરૂપે આ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ ગુજરાત અને ભારતની સ્પોર્ટ્સ ઇકોસિસ્ટમ અને સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને અનેકગણું મજબૂત બનાવશે, જેનો લાભ રાજ્યના લાખો રમતવીરોને થશે. નવનિર્મિત સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ ખાતે ખેલાડીઓ માટે વિશ્વસ્તરીય સુવિધાઓ ઉપલબ્ધ થશે. આ ઉપરાંત, જાહેર જનતા માટે પણ ફિટનેસ અને સ્પોર્ટ્સની તમામ સુવિધાઓ આ કોમ્પ્લેક્ષમાં ઉપલબ્ધ હશે. વિશ્વકક્ષાની સુવિધાઓથી સભર આ કોમ્પ્લેક્ષ ભવિષ્યમાં ઓલિમ્પિક કક્ષાની ઈવેન્ટ્સનું આયોજક અને સહભાગી બની શકે છે.

ગુજરાતના કેટલાય ખેલાડીઓ ઓલમ્પિક અને પેરાલિમ્પિક ક્ષેત્રે પોતાનું ખમીર બતાવી ચુક્યા છે. ભાવીનાબેન પટેલ, સરિતા ગાયકવાડ, માના પટેલ, સોનલ પટેલ, પારુલ પરમાર, અંકિતા રૈના જેવા કેટલાય સફળ ખેલાડીઓ ગુજરાતે આપ્યા છે અને આ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ થકી આ ખેલાડીઓ તેમજ અન્ય પ્રતિભાશાળી ખેલાડીઓને રમતગમત ક્ષેત્રે એક વિશ્વસ્તરીય પ્લેટફોર્મ મળી રહેશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે જણાવ્યુ હતુ કે, ગુજરાતના ખેલકૂદ પ્રેમીઓ માટે આનંદનો અવસર છે. કેમ કે ગુજરાતના સ્પોર્ટ્સ ઇકો સિસ્ટમમાં એક નવું પીછું ઉમેરાઇ રહ્યું છે. આ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષને કારણે દેશના અને રાજ્યના સ્પોર્ટ કલ્ચરને નવી દિશા મળવાની છે. ઓલમ્પિક કક્ષાની ગેમનું આયોજન થઇ શકે એ પ્રકારનું આ સ્પોર્ટસ સેન્ટર તૈયાર થવા જઈ રહ્યું છે. મુખ્યમંત્રીશ્રીએ ખેલ મહાકુંભ અંગે વાત કરતાં કહ્યું કે, શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં વર્ષ ૨૦૧૦માં પ્રારંભ કરેલો ખેલ મહાકુંભ આજે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પહોંચી ગયો છે. આજે ખેલ મહાકુંભ એ ખેલો ઈન્ડિયા બની ગયું છે.

આ અવસરે કેન્દ્રિય રાજ્યમંત્રી શ્રી નિશીથ પ્રમાણિક, રમત ગમત રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, સહકાર મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમાર, તેમજ પદાધિકારીશ્રીઓ અને અધિકારીશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ સહિત નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## પંચમહાલથી સહકાર ક્ષેત્રના પાંચ પ્રકલ્પોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત

ગુજરાતનું સહકારી ક્ષેત્ર દેશમાં નમુનેદાર કાર્ય કરી રહ્યુ છે. ગુજરાતની સહકારી સંસ્થાઓ દેશ વિદેશના સહકારી ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકો માટે કેસ સ્ટડી છે. ગુજરાતે દૂધ ઉત્પાદન મંડળી અને બેંકિંગ ક્ષેત્રમાં સહકારી ધોરણે કરેલા ઉત્તમ કાર્યના ફળ નાગરિકોને મળી રહ્યા છે. ગુજરાતનું સહકારી ક્ષેત્રે દિવસેને દિવસે નવી ક્ષિતિજો સર કરી રહ્યુ છે. તાજેતરમાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઇ શાહે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ગોધરાથી પંચમહાલ ડેરી અને જિલ્લા સહકારી બેંકના પાંચ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરી સહકારી ક્ષેત્રને વેગવંતુ બનાવવાનો પ્રારંભ કર્યો હતો.

કેન્દ્રિય સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહે જણાવ્યુ કે, કેન્દ્ર સરકાર સહકારી પ્રવૃત્તિને વેગ મળે એ માટે અનેક પ્રકારના કાયદાકીય સુધારા લાવી રહી છે. દેશના ખેડૂતો અને દૂધઉત્પાદકોનું કલ્યાણ થાય એ માટે કેન્દ્ર સરકાર દ્વારા નાણાંકીય જોગવાઇઓ વધારીને અનેક યોજનાઓ અમલમાં મૂકી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે પશુપાલન વિભાગના બજેટમાં રૂ. ૨ હજાર કરોડની વધારીને રૂ. ૭ હજાર કરોડ કર્યુ છે. તેની સાથે દેશની ગાયોના સંવર્ધન અને સંરક્ષણ માટે રાષ્ટ્રીય ગોકુલમ મિશન ઉપરાંત ઘાસચારા સંયંત્રયણ વિકાસ માટે ૨૫ ટકાની ક્રેડિટ આપવાનો નિર્ણય લીધો છે.

કેન્દ્રિય મંત્રીશ્રીએ જણાવ્યુ કે, આગામી સમયમાં દેશમાં સહકારી ક્ષેત્રે ક્રાંતિ આવશે. સહકારી પ્રવૃત્તિમાં અનેક નવા ક્ષેત્રો જોડવા માટે કેન્દ્ર દ્વારા ડેટા બેંક ઉભી કરવામાં આવી રહી છે. એટલું જ નહીં, પ્રાયમરી એગ્રીકલ્ચર કોઓપરેટિવ સોસાયટી (પેક્સ)ની સંખ્યા ત્રણ

ગણી કરવા કાયદાકીય સુધારા પણ વિચારણા હેઠળ છે. ગુજરાત સહિત સમગ્ર દેશના સહકારી માળખાને રાહત આપે એવા અનેક નિર્ણય વડાપ્રધાનશ્રીએ લીધા છે. તેનો ઉલ્લેખ કરતા મંત્રીશ્રીએ ઉમેર્યું કે, સહકારી ક્ષેત્ર પરના સરચાર્જને ૧૨ ટકાથી ઘટાડીને ૭ ટકા કરવામાં આવ્યો છે. આ ટેક્સ કોર્પોરેટની સમકક્ષ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત સહકારિતા પર ૧૮.૫ ટકા વેટ હતો, તે ઘટાડીને ૧૫ ટકા કરવામાં આવ્યો છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સતત સહકારી પ્રવૃત્તિને પ્રોત્સાહન આપી રહ્યા છે. વડાપ્રધાનશ્રીએ કેન્દ્રમાં અલાયદું સહકાર મંત્રાલય બનાવ્યું છે અને તેના બજેટમાં સાત ગણો વધારો કર્યો છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતુ કે, અસહકારની લડતની આગેવાની લેનારૂં ગુજરાત આજે સહકારી ક્ષેત્રમાં પણ આગેવાની લઈ રહ્યું છે. ગુજરાતની દૂધ સહકારી ચળવળની આ સફળતા એ સરદાર સાહેબના વિઝનને આભારી છે. તેમણે ગુજરાતમાં સરદાર પટેલની હાકલથી ત્રિભૂવનદાસ પટેલે સહકારી ચળવળનો આરંભ કર્યો હતો તે બાબતનો ઉલ્લેખ કરતાં ઉમેર્યું હતુ કે, ગુજરાતના બે સપૂત ગાંધીજી અને સરદાર સાહેબની જોડીના સફળ પ્રયાસોથી દેશમાં સહકારિતાનો પાયો નંખાયો હતો. જેને ગુજરાતના બે પનોતાપુત્રો શ્રી નરેન્દ્રભાઈ મોદી અને શ્રી અમિતભાઈ શાહ એ સહકારથી સમૃધ્ધિની નવી દિશા આઝાદ ભારતના ઈતિહાસમાં પ્રથમ વાર કેન્દ્ર સરકારમાં અલાયદો સહકાર વિભાગ શરૂ કરીને આપી છે. સૌના સાથ સૌના વિકાસનો અને આત્મનિર્ભર ભારતનો મંત્ર આજે સહકારથી સમૃદ્ધિના મંત્ર દ્વારા દૂધ સહકારિતાનો નવો યુગ શરૂ થયો છે. આ અવસરે શ્રેષ્ઠ દૂધ મંડળીઓ અને દૂધ ઉત્પાદકોને પુરસ્કાર વિતરણ કરવા સાથે પ્રાથમિક કૃષિ સહકારી મંડળીઓને પણ એવોર્ડનું વિતરણ કરવામાં આવ્યુ હતું.

આ પ્રસંગે કેન્દ્રીય ડેરી મંત્રી શ્રી પરશોતમભાઈ રૂપાલા, કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ, પંચામૃત ડેરીના ચેરમેન અને ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી જેઠાભાઈ ભરવાડ, સહકાર રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજય મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોર, આદિજાતિ વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી નિમિષાબેન સુથાર, ઈફકોના ચેરમેન શ્રી દિલીપભાઈ સંઘાણી, સાંસદશ્રીઓ, ધારાસભ્યોશ્રીઓ, સહકારી આગેવાનો, અગ્રણીઓ, પદાધિકારીઓ, કલેકટર શ્રી સુજલ મયાત્રા સહિત ડેરીના હોદેદારો, વિવિધ ડેરી સંઘોના ચેરમેન તેમજ પશુપાલકો અને સભાસદો વિશાળ સંખ્યામાં ઉપસ્થિતિ રહ્યા હતા.

### ક્યા ક્યા પ્રકલ્પોનું ખાતમુહૂર્ત- લોકાર્પણ

**પંચામૃત ડેરીના ૩૦ ઘન મીટર પ્રતિ કલાકની ક્ષમતા વાળા ઓકિસજન પ્લાન્ટ, તાડવામાં ૪૭૦૦ મેટ્રિક ટનની ક્ષમતાના પંચામૃત બટર કોલ્ડ સ્ટોરેજ અને પંચામૃત ડેરી દ્વારા દૈનિક ત્રણ લાખ લીટર દૂધ પ્રોસેસિંગ ક્ષમતાના મહારાષ્ટ્રમાં નિર્માણ થયેલા માલેગાંવ પ્લાન્ટનું ઈ-લોકાર્પણ કરવામાં આવ્યુ હતુ. તેમજ પંચામૃત ડેરી દ્વારા મધ્ય પ્રદેશના ઉજ્જૈનમાં દૈનિક પાંચ લાખ લીટર દૂધ પ્રોસેસિંગ ક્ષમતાના સ્થાપનાર પ્લાન્ટનું ઈ-ખાતમુહૂર્ત કર્યું હતું. ઉપરાંત પંચામૃત ડેરીના સુવર્ણજયંતી લોગોનું અનાવરણ કરવા સાથે પંચમહાલ ડિસ્ટ્રિકટ કો.ઓ.બેન્કના નૂતન ભવનનું લોકાર્પણ પણ કર્યું હતું. તેમજ પંચમહાલ બેંક દ્વારા શરૂ કરવામાં આવેલ મોબાઈલ એ.ટી.એમ વાનને પ્રસ્થાન કરાવ્યું હતું.**

### એક જ દિવસમાં રાજ્યના 25 જિલ્લામાં 925 પોલીસ આવાસોનું લોકાર્પણ

સુખ, સમૃદ્ધિ અને શાંતિનો પર્યાય એટલે ગુજરાત. ગુજરાતની આ છબી પાછળ રાજ્ય સરકારની કાયદો અને વ્યવસ્થાની સુદ્રઢ ઈચ્છા શક્તિ અને રાજ્યનું પોલીસ તંત્ર રહેલું છે. પોલીસ સેવામાં જોડાયેલા કર્મવીરોને પુરતી સુવિધા મળી રહે તેની સરકાર સતત ચિંતા કરે છે. તાજેતરમાં કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીની ઉપસ્થિતિમાં સરદારની ભૂમિ એવા નડિયાદ ખાતેથી અંદાજિત રૂ.૩૪૭ કરોડથી વધુના ખર્ચે રાજ્યના ૨૫ જિલ્લાઓમાં પોલીસ કર્મચારીઓને નિવાસની






સુવિધા આપવા અને કચેરી ઉપયોગ માટે બાંધવામાં આવેલા ૯૨૫ આવાસોનું ઈ-લોકાર્પણ કરાયું હતું

કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે ગુજરાત દેશમાં પોલીસ સેટિસફેક્ષન રેશીઓમાં મોખરે છે તે માટે મુખ્યમંત્રીશ્રી તથા તેમના સાથી ગૃહ રાજ્ય મંત્રીશ્રી અને સમગ્ર રાજ્ય પોલીસ તંત્રને આત્મીય અભિનંદન આપ્યા હતા. ગૃહમંત્રીશ્રીએ જણાવ્યું કે સ્વતંત્રતા મળી ત્યારથી અત્યાર સુધીમાં દેશના પોલીસ દળોના ૩૫ હજારથી વધુ જવાનોએ લોક સુરક્ષા અને સલામતી જાળવવા માટે સર્વોચ્ચ બલિદાનો આપ્યાં છે.

સરદાર સાહેબે અખંડ ભારતની કલ્પના સાકાર કરી. તેઓ ના હોત તો આ ભગીરથ કામ ન થયું હોત. તેમ જણાવતા વધુમાં ઉમેર્યું હતુ કે, ભારતના એકીકરણ બાદ દેશના પોલીસ દળોએ દેશની આંતરિક સુરક્ષાની જવાબદારી સુપેરે નિભાવી છે. આ દળોએ સમયની સાથે જરૂરી અદ્યતન સુવિધા દ્વારા સુસજ્જ બનીને આંતરિક સુરક્ષા સામેના કપરા પડકારો સફળતાપૂર્વક ઝીલ્યા છે.

કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીએ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી અને ગૃહ રાજ્ય મંત્રીશ્રીને અભિનંદન આપતાં જણાવ્યું કે, તમે પોલીસ દળને જરૂરી નવીન સુવિધાઓ આપીને, સતત દળનું નવીનીકરણ કરીને, પોલીસ જવાનો માટે હજારોની સંખ્યામાં આવાસો બાંધીને, બિન આવાસીય પોલીસ ઈમારતો બાંધીને રાજ્યની




સુરક્ષા અને સલામતીને વધુ મજબૂત કરી છે. તેમણે પોલીસ પરિવારોની કાળજી લેવાના રાજ્ય સરકારના વિવિધ પ્રયાસોને બિરદાવ્યા હતા.

નાર્કોટિક્સ પકડવામાં ગુજરાત દેશમાં પ્રથમ સ્થાને છે. તેની સામેની લડાઈમાં ગુજરાતે દેશને દિશા બતાવી છે. ગુજરાતે આતંકવાદ,નાર્કોટિક્સ જેવા ગુનાઓને ડામવા મજબૂત નેટવર્ક ઊભું કર્યું છે. કોમ્યુનિકેશન અને આઇ.ટી.ના વિનિયોગ થી ગુજરાતે સાયબર ક્રાઈમના ગુનાઓ અટકાવવા અને ઉકેલવામાં મેળવેલી સફળતાને બિરદાવતા કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ એ જણાવ્યું કે સાયબર ક્રાઈમના ગુનાઓના નિયંત્રણમાં ગુજરાત મોખરે છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાતની શાંતિ, સલામતી અને સુરક્ષાના પાયામાં રહેલા અદના સૈનિકો એવા પોલીસ દળના જવાનોના કાર્યને બિરદાવતાં જણાવ્યું હતુ કે, કોઈપણ વિકટ પરિસ્થિતિમાં ગુજરાતની સુરક્ષાની ચિંતા કરી રહેલા પોલીસ દળના આ અદના સૈનિકોની સાથે તેમના પરિવારની પણ ચિંતા સરકાર કરી રહી છે. જેના પરિણામે રાજયમાં છેલ્લા બે દશકમાં રૂપિયા ૩૮૪૦ કરોડના ખર્ચે ૩૧ હજાર પોલીસ આવાસો અને ૧૫૨૫ બિનરહેણાંક મકાનો - પોલીસ સ્ટેશનો - કચેરીઓનું નિર્માણ થયું છે.

આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહ, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના હસ્તે સામાજિક ક્ષેત્રે વિશિષ્ટ યોગદાન આપનાર સંસ્થા - વ્યક્તિઓને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમાં સાંસદ શ્રી મિતેશભાઈ પટેલ, ધારાસભ્યો સર્વશ્રી ગોવિંદભાઈ પરમાર, મયુરભાઈ રાવલ, કર્મચારીઓ, લાભાર્થીઓ સહિત પ્રશાસનિક ઉચ્ચ અધિકારીઓ અને વિશાળ સંખ્યામાં વિવિધ જિલ્લાઓના નાગરિકો ઉપસ્થિતિ રહ્યાં હતાં. ●

## દ્વારકા સ્થિત કોસ્ટલ પોલીસ અકાદમીની મુલાકાત લેતા કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રી

*ગુજરાતનાં પશ્ચિમ કિનારે આવેલી કોસ્ટલ પોલીસ અકાદમીની કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે મુલાકાત કરી બી.એસ.એફ.ના જવાનો સાથે સંવાદ કર્યો હતો. બી.એસ.એફ ગુજરાત ફ્રન્ટીયર અને નેશનલ એકેડેમી ઓફ કોસ્ટલ પોલીસિંગ દ્વારા પ્રતિકૂળ મોસમી પરિસ્થિતિ અને ભૌગોલિક મુસીબતો પ્રસ્તુત કરતા ભુખંડ પર તટીય પોલીસ કર્મચારીઓને આવશ્યક પ્રશિક્ષણ આપવાની દિશામાં કરવામાં આવેલા પ્રયાસોની સરાહના કરી હતી. મંત્રી શ્રી અમિતભાઈ શાહે કહ્યું હતું કે દેશની સીમાઓની પવિત્રતા બનાવી રાખવાની સાથે સોંપવામાં આવેલી દરેક જવાબદારીને બી.એસ.એફ.એ સદૈવ સમર્પિત ભાવ સાથે પોતાના ધ્યેય વાક્ય 'જીવન પર્યત કર્તવ્ય'ની જેમ નિભાવી છે. વિશેષ અવસરો પર કાર્ય કુશળતાને સિદ્ધ કરી છે. તેમણએ વિશ્વાસ વ્યક્ત કરતા જણાવ્યું કે આ નેશનલ એકેડેમી ભવિષ્યમાં દેશના રાજ્યોની મરિન પોલીસને ઉચ્ચ પ્રશિક્ષણ પ્રદાન કરશે. ગુજરાત બી.એસ. એફ.ના મહાનિરીક્ષક શ્રી જ્ઞાનેન્દ્રસિંહ મલિકે અકાદમીની કામગીરી અંગે માહિતી આપી હતી. આ અકાદમીમાં વિવિધ રાજ્યોનાં ૪૨૭ પોલીસ કર્મચારીઓને પ્રશિક્ષણ પ્રદાન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ સચિવ શ્રી અજયકુમાર ભલ્લા, બી.એસ.એફ. મહાનિર્દેશક શ્રી પંકજકુમાર સિંહ ઉપસ્થિત રહ્યાં હતાં.*



## વડનગર ઇન્ટરનેશનલ કોન્ફરન્સ

# તાના-રીરી મહોત્સવ રાષ્ટ્રીયસ્તરે ઊજવાશે

વડનગર એટલે બે હજાર કરતા વધુના વર્ષોનો ઈતિહાસને સાચવીને બેઠેલુ શહેર. જે ક્યારેક આનંદપુર, ચમત્કારપુર કે આનર્તપુર તરીકે ઓળખાતુ હતુ. ગુજરાતના પ્રાચીન નગર વડનગરના ભવ્ય ઈતિહાસ અને સાંસ્કૃતિક વિરાસતને વિશ્વ સમક્ષ લેન્ડ માર્ક હેરિટેજ ટુરિઝમ ડેસ્ટિનેશન તરીકે પ્રસ્તુત કરવાનો રાજ્ય સરકારે નિર્ધાર વ્યક્ત કર્યો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની પ્રેરણા અને માર્ગદર્શનથી દેશમાં ઉજવાઈ રહેલા આઝાદીના અમૃત મહોત્સવના ભાગરૂપે કેન્દ્ર સરકારના સાંસ્કૃતિક બાબતોના મંત્રાલય, રાજ્ય સરકારના રમત-ગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગ અને સંગ્રહાલય નિયામકના સહયોગથી તાજેતરમાં 'વડનગર ઇન્ટરનેશનલ કોન્ફરન્સ'નો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગરના મહાત્મા મંદિરથી પ્રારંભ કરાવ્યો હતો.

વર્લ્ડ મ્યુઝિયમ-ડે, તા.૧૮મી મે થી ૨૦ મી મે ત્રણ દિવસ દરમિયાન યોજાયેલી આ કોન્ફરન્સના પ્રારંભ અવસરે કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રીમતી મિનાક્ષી લેખી, રાજ્ય સરકારના યુવક સેવા-સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગના મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, ભૂટાન, ભારત, માલદીવ્સ અને શ્રીલંકાના પ્રતિનિધિ અને યુનેસ્કોના પ્રતિનિધિ શ્રી એરિક ફાલ્ટ તેમજ વિશ્વના ૬ રાષ્ટ્રોના અને દેશના વિવિધ રાજ્યોના પૂરાતત્વવિદો, ઈતિહાસવિદો, જુદી જુદી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ અને ઈતિહાસ તથા પુરાતત્વ રસિકો પણ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ અવસરે યુનેસ્કો, આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઈન્ડિયાની સહભાગીતા તથા ભારત સરકાર અને દેશની ખ્યાતનામ યુનિવર્સિટીઝના સહયોગથી રાજ્યના પૂરાતત્વીય ભવ્ય વારસા અને સંસ્કૃતિને વિશ્વ ફલક ઉપર પ્રોત્સાહન આપવાની રાજ્ય સરકારની તત્પરતા દર્શાવી હતી. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, વડનગર પ્રાચીનતમ અને સનાતન તથા દિવ્ય-ભવ્ય નગર છે. કાળની અનેક થપાટો ખાધા પછી પણ અવિચલ રહેલું વડનગર આર્ય સભ્યતાના ધ્રુવતારક જેવું નગર છે. મુખ્યમંત્રીશ્રીએ બૌધ્ધવિહારો, કિર્તિ તોરણ, શર્મિષ્ઠા તળાવ, તાના-રીરીની સમાધિ જેવી ભવ્ય વિરાસતોના વાહક નગર તરીકે વડનગરની આગવી ઓળખ ઉભી થઇ છે તેનો પણ ઉલ્લેખ કર્યો હતો.

આપણા દેશની ધરોહર અને પ્રાચીન વારસા સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના લગાવમાંથી પ્રેરણા મેળવીને ગુજરાતમાં પ્રાચીન વારસા-વિરાસતના રક્ષણ, સંવર્ધનનો આગવો રાહ અપનાવ્યો છે. આ સંદર્ભમાં વડનગરમાં આકાર પામી રહેલું આર્કિયોલોજિકલ એક્સપરિમેન્ટલ મ્યૂઝિયમ વિશેષતા બનશે, એવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

ભારત સરકારના સાંસ્કૃતિક રાજ્ય મંત્રી શ્રી મીનાક્ષી લેખીએ ગુજરાતમાં યોજાયેલી વડનગર ઈન્ટરનેશનલ કોન્ફરન્સને આવકારતાં જણાવ્યું કે નકારાત્મક અને નઠારાં પરિબળો સામે આશા અને હકારાત્મકતા સાથે ઝીંક ઝીલીને ટકી રહેવાની પ્રેરણા વડનગર સદીઓથી આપી રહ્યું છે. વડનગર એક પવિત્રધામ છે. વારાણસી જેટલો જ ભવ્ય ઈતિહાસ વડનગરનો છે. ક્લાઈમેટ ચેન્જની ઐતિહાસિક સ્મારકો પરની





અસર અંગે વાત કરતાં તેમણે જણાવ્યું કે દ્વારકા જેવું ભવ્ય નગર અને સંસ્કૃતિ ડૂબી ગયા, એ ઈતિહાસ આપણા માટે બોધપાઠ રૂપ બનવો જોઈએ. વડનગરમાં બૌદ્ધ મઠ મળી આવ્યા છે, કુશીનગર, સારનાથ, ગયાની જેમ વડનગર પણ બુદ્ધિસ્ટ સર્કિટનો એક ભાગ છે. ગુજરાતની આગવી ઓળખ ધરાવતા વડનગરના તાનારીરી મહોત્સવને હવે કેન્દ્ર સરકારના સહયોગથી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મહોત્સવ તરીકે ઊજવવાની તેમણે જાહેરાત પણ કરી હતી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મ સ્થળના ઐતિહાસિક વારસાને વિશ્વના બેસ્ટ ટુરિસ્ટ ડેસ્ટીનેશન સ્થળ તરીકે વિકસાવવાના મંત્ર સાથે યોજાઈ રહેલી આ ઇન્ટરનેશનલ કોન્ફરન્સ ગુજરાતને આગવી ઓળખ અપાવશે. આંતરરાષ્ટ્રીય મ્યુઝિયમ દિવસે યોજાઈ રહેલી આ કોન્ફરન્સ એક આઈકોનિક દિવસ તરીકે વિશ્વભરમાં ઓળખાશે. વડાપ્રધાનશ્રીની જન્મભૂમિ વડનગરના ઐતિહાસિક સાંસ્કૃતિક ધરોહર સમાન વારસાને આજની યુવા પેઢી સુધી પહોંચાડવાનો આ અપ્રતીમ અવસર છે એ માટે સૌએ જનજાગૃતિ કેળવવા સંકલ્પબદ્ધ બનવું પડશે. ભૂતકાળમાં આ આપણા સાંસ્કૃતિક વારસાને નેસ્તનાબૂદ કરવા અનેક આક્રમણો થયા તેમ છતાંએ આપણો વારસો અકબંધ છે. તેને ઉજાગર કરીને ભાવિ પેઢીને આપવો એ આપણા સૌની નૈતિક ફરજ છે. વડનગરનું કીર્તિ તોરણ, શર્મિષ્ઠા તળાવ, બુધ્ધિસ્ટ અવશેષો, હાટકેશ્વર મહાદેવ જેવા ઐતિહાસિક સ્થળોને વિશ્વ સ્તરે પ્રસ્થાપિત કરવામાં આજની આ કોન્ફરન્સ અત્યંત મહત્વની પુરવાર થશે.

વડનગર ઇન્ટરનેશનલ કોન્ફરન્સમાં ગુજરાત, ભારત અને વિવિધ દેશોમાંથી ભાગ લેવા આવેલા મહેમાનોને આવકારતાં યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, વડનગર જેવી અનેક પ્રાચીન-વિરાસતોએ ગુજરાતને ભારતમાં જ નહીં પણ ઐતિહાસિક-પ્રવાસન ક્ષેત્રે વૈશ્વિક ઓળખ અપાવી છે. ગુજરાતમાં વર્તમાનમાં સ્ટેચ્યૂ ઓફ યુનિટીની જેમ આગામી સમયમાં હજારો પ્રવાસીઓ ઐતિહાસિક નગર વડનગરની મુલાકાતે આવે તે પ્રકારે વિકાસ કરવામાં આવી રહ્યો છે.

તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં અનેક નામી-અનામી ઐતિહાસિક સ્મારકો અને સાંસ્કૃતિક વિરાસતોને ઉજાગર-વિકાસ કરીને આ સ્થળોને આગવી ઓળખ આપવામાં ખૂબ મોટી ભૂમિકા ભજવી છે. વડનગરે તેના બૌદ્ધ વારસાની સાથોસાથ ભારતના લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી આપ્યા છે તે આપણા માટે ગૌરવ સમાન છે. વડાપ્રધાન શ્રી મોદીના માર્ગદર્શનમાં ભારત તેનો ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસો સમગ્ર વિશ્વમાં સાચવવાનું ઉત્તમ કાર્ય કરી રહ્યું છે. પુરાતત્વ વારસો માત્ર ઈતિહાસની ઝાંખી નહીં પણ સદીઓ પહેલાંની શ્રેષ્ઠ સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને વેપારના દર્શન કરાવે છે.

વડનગર ઇન્ટરનેશનલ કોન્ફરન્સને સંબોધન કરતાં ભારત, ભૂતાન, માલદીવ્સ અને શ્રીલંકાના યુનેસ્કોના પ્રતિનિધિ શ્રી એરિક ફાલ્ટે કહ્યું કે, વર્ષ ૨૦૧૫માં જ્યારે તેમની નિમણૂક પેરિસમાં કરવામાં આવી હતી ત્યારે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની યુનેસ્કોના હેડ ક્વાર્ટરની પ્રથમ મુલાકાતનું આયોજન કરવાનો અવસર મળ્યો હતો ત્યારે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું હતું કે, ભારતમાં ગુજરાત એ સમૃદ્ધ વારસો અને સાંસ્કૃતિક વિવિધતા ધરાવતું રાજ્ય છે. પ્રાચીન ભારતમાં આધુનિક ગુજરાતનું પણ નિર્માણ કર્યું છે.



ભારતની સાંસ્કૃતિક વિવિધતા અને વારસાને પ્રોત્સાહન આપવા યુનેસ્કો સક્રિય ભાગીદારી ભજવે છે જેના ભાગરૂપે યુનેસ્કો દ્વારા વર્ષ ૧૯૪૮માં નવી દિલ્હી ખાતે પ્રથમ કાર્યાલય શરૂ કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૨૨એ યુનેસ્કો માટે લાંબા સમયની ભાગીદારીને ઉજાગર કરવાનું વર્ષ છે. આ જ વર્ષે ભારત પણ આઝાદીના ૭૫ વર્ષની ઉજવણી કરી રહ્યું છે, સાથોસાથ આ વર્ષ યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ કન્વેન્શનની ૫૦મી જયંતી પણ છે. યુનેસ્કો આગામી વર્ષ ૨૦૨૩માં અમૂર્ત સાંસ્કૃતિક વારસાના રક્ષણ માટે યુનેસ્કો કન્વેન્શનની ૨૦મી જયંતી પણ ઉજવશે જેમાં ભારત સરકાર ગુજરાતી ગરબાની લોક પરંપરાનું નામાંકન કરશે.

ગુજરાત એ ભારતમાં સૌથી વધુ વિશ્વ ધરોહર શિલાલેખો ધરાવતું રાજ્ય છે, જ્યાં ચાંપાનેર, રાણીની વાવ, ઐતિહાસિક શહેર અમદાવાદ અને ધોળાવીરા જેવાં સાંસ્કૃતિક-ઐતિહાસિક વારસો ધરાવતા સ્થળો આવેલાં છે તે ગુજરાત માટે ગૌરવ સમાન છે.

મહાત્મા મંદિર ખાતે 'વડનગર ઈન્ટરનેશનલ કોન્ફરન્સ-૨૦૨૨'ના સમાપન સત્રમાં મુખ્ય સચિવ શ્રી પંકજકુમારે જાહેરાત કરતાં જણાવ્યુ હતું કે, ગુજરાતના ઐતિહાસિક નગર વડનગર ખાતે આગામી વર્ષથી પ્રતિ વર્ષ ત્રિદિવસીય વડનગર ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. મુખ્ય સચિવ શ્રી પંકજકુમારે વડનગરના નગરજનો તેમજ દેશ-વિદેશથી ત્રિદિવસીય કોન્ફરન્સમાં સહભાગી થયેલા મહાનુભાવોને આવકારતાં કહ્યું હતું કે, ૨૫૦૦ વર્ષ જૂના વડનગરના સાંસ્કૃતિક અને ઐતિહાસિક સમૃદ્ધ વારસાને દેશ-દુનિયા સમક્ષ રજૂ કરવા વડનગર ઉત્સવની ઉજવણી કરાશે. જેમાં વડનગર ખાતે એક દિવસની આંતરરાષ્ટ્રીય કોન્ફરન્સ તેમજ બે દિવસનો આંતરરાષ્ટ્રીય તાનારીરી સાંસ્કૃતિક મહોત્સવ ઉજવાશે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં વડનગરના વિવિધ સાંસ્કૃતિક બૌદ્ધ અને ઐતિહાસિક વારસાને ઉજાગર કરતું રૂ. ૨૦૦ કરોડના ખર્ચે વર્લ્ડ ક્લાસ એક્સપેરિમેન્ટલ મ્યુઝિયમ આકાર લઈ રહ્યું છે. જેના પરિણામે વડનગરનો ચતુર્મુખી વિકાસ થશે અને દેશનું મહત્વનું ઐતિહાસિક સ્થળ બનશે. વિશ્વભરના દેશો સહિત અન્ય રાજ્યોના પુરાત્વવિદો અને પ્રવાસીઓ પણ વડનગરની મુલાકાતે આવશે, જેના પરિણામે સ્થાનિકકક્ષાએ રોજગારીની વ્યાપક તકોનું નિર્માણ થશે.

આ કોન્ફરન્સના સમાપન સમારોહમાં રમતગમત, યુવા સાંસ્કૃતિક





## કીર્તિ તોરણ અને બુદ્ધિસ્ટ મોનેસ્ટ્રી નિહાળી દેશ-વિદેશના પ્રતિનિધિઓ ભાવવિભોર બન્યા

'વડનગર ઈન્ટરનેશનલ કોન્ફરન્સ'માં ભાગ લેવા આવેલા દેશ-વિદેશના નિષ્ણાંતો, અભ્યાસુઓ, લેખકો, સંશોધકો અને વિદ્યાર્થીઓ સહિતના ૭૦થી વધુ પ્રતિનિધિઓએ, કોન્ફરન્સના અંતિમ દિવસે વડનગરની મુલાકાત કરી હતી. ઐતિહાસિક સ્થળો બુદ્ધિસ્ટ મોનેસ્ટ્રી, કીર્તિ તોરણ અને આંતરરાષ્ટ્રીય કક્ષાનાં નિર્માણાધિન એક્સપેરિયન્સલ મ્યુઝિયમ સાઈટની મુલાકાત લઈ, ૨૫૦૦ વર્ષ જૂની સંસ્કૃતિની ઝીણામાં ઝીણી વિગતો મેળવી હતી. આર્કિયોલોજી સર્વે ઓફ ઈન્ડિયા દ્વારા નિર્માણાધીન એક્સપેરિયન્સલ મ્યુઝિયમ સાઈટ ઉપર, વડનગરની અલગ અલગ જગ્યાએથી ખોદકામ દરમિયાન મળેલી વસ્તુઓ અને અવશેષોનાં યોજાયેલાં પ્રદર્શનને પણ, આ પ્રતિનિધિઓએ નિહાળ્યું હતું. આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, દેશ-વિદેશમાંથી આવેલા સૌ કોઈનું વડનગરની ધરતી ઉપર સ્વાગત છે. અહીંની ઊર્જા આખી દુનિયામાં અનુભવાઈ રહી છે.બૌદ્ધ સાધુઓ અહીં પરિભ્રમણ કરતા હતા. સરકાર ધરોઈ ડેમ, તારંગા, વડનગર, અંબાજી એમ ટુરિઝમની એક આખી સર્કિટ બનાવી રહી છે.




પ્રવૃતિ વિભાગના અગ્ર સચિવ શ્રી અશ્વિનીકુમારે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની દૂરંદેશી પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ કોન્ફરન્સ વડનગરના ઐતિહાસિક વારસાને ઉજાગર કરવાની સાથેસાથે સંશોધકો અને વિદ્યાર્થીઓ માટે પણ ખૂબ જ મહત્વની પૂરવાર થશે. આર્કિયોલોજી સર્વે ઓફ ઇન્ડિયાના ડાયરેક્ટર જનરલ શ્રી વી. વિદ્યાવતીએ કોન્ફરન્સના આયોજનને આવકારતા કહ્યું કે વડનગરના પુરાતત્વીય વારસાને જાળવીને તેના સંશોધનો થકી વૈશ્વિકસ્તરે નામના મેળવી ત્રિદિવસીય કોન્ફરન્સમાં થયેલું ચિંતન-મનન દેશભરમાં પુરાતત્વીય ક્ષેત્રે થતાં સંશોધનો માટે મહત્વના પૂરવાર થશે.

ડેક્કન યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર પ્રો.વસંત શિંદેએ વડનગર ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં થયેલી ચર્ચાઓ અને આગામી સમયમાં એના થકી થનાર ફાયદાઓ અંગે વિસ્તૃત માહિતી આપી હતી. ●

### વડનગર કોન્ફરન્સની સાથે - સાથે

*આ ત્રણ દિવસ દરમિયાન છ અલગ અલગ સત્રો યોજાયા હતા. જેમાં વડનગરના પુરાતત્વ અવશેષો, વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ, સામાજિક, ધાર્મિક માન્યતાઓ અને વિશ્વભરમાં અલગ અલગ સ્થળોએ થતા પુરાતત્વીય સંશોધનો સંદર્ભે વિશદ ચર્ચાઓ હાથ ધરાઈ હતી. જેમાં વડનગરના નગરજનો પણ જોડાયા હતા. વડનગર ઈન્ટરનેશનલ કોન્ફરન્સમાં વક્તા તરીકે અંદાજે વિવિધ ૮ દેશના તજજ્ઞો, ૩૩ રાષ્ટ્રીય તજજ્ઞો તેમજ ૨૫૦૦ ડેલિગેટ્સ સહભાગી થયા હતા. આ કોન્ફરન્સ દરમ્યાન ગુજરાત સરકાર અને ભારતભરની વિવિધ યુનિવર્સિટીઓ વચ્ચે એમ.ઓ.યુ પણ થયા છે. જેમાં ગુજરાત સહિત વડનગરની સંસ્કૃતિ બૌદ્ધ વારસો, પુરાતત્વીય અવશેષો પર સંશોધનો માટે ભાર મુકાશે. આ કાર્યક્રમમાં સાત યુનિવર્સિટી સાથે MOU કરવામાં આવ્યા હતા. જેમાં એમ.એસ. યુનિવર્સિટી, સેપ્ટ યુનિવર્સિટી, અમદાવાદ યુનિવર્સિટી, આઈઆઈટી ગાંધીનગર, અનંત નેશનલ યુનિવર્સિટી, ડેક્કન યુનિવર્સિટી અને બનારસ હિન્દુ યુનિવર્સિટી સાથે પુરાતત્વ-સંશોધન અને ખોદકામ, સાંસ્કૃતિક વારસાનો અભ્યાસ, હેરિટેજ સંરક્ષણ, આર્કિટેક્ટ દસ્તાવેજીકરણ અને વિશ્લેષણ, વર્કશોપ, સિમ્પોઝિયમ અને કોન્ફરન્સ, પ્રવાસન વ્યવસ્થાપન-વિકાસ અને સંગ્રહાલયો સંબંધિત સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સંદર્ભે ગુજરાત સરકાર સાથે MOU કરવામાં આવ્યા હતા.*

## કેન્દ્રિય મંત્રી વડનગરના ઐતિહાસિક સ્થળોની મુલાકાતે

મહેસાણાના વડનગરની ઐતિહાસિક અને સાંસ્કૃતિક વિરાસતને વૈશ્વિક કક્ષાએ ઉજાગર કરવા અને દુનિયાનું શ્રેષ્ઠ ટુરિઝમ ડેસ્ટિનેશન બનાવવાના નિર્ધાર સાથે આયોજિત ત્રિ-દિવસીય વડનગર ઇન્ટરનેશનલ કોન્ફરન્સ-૨૦૨૨ના પ્રારંભ પ્રસંગે ઉપસ્થિત રહ્યા બાદ કેન્દ્રીય સાંસ્કૃતિક રાજ્ય મંત્રી શ્રી મીનાક્ષી લેખીએ ઐતિહાસિક નગરી વડનગરની મુલાકાત લીધી હતી.

વડનગરની મુલાકાત દરમિયાન મંત્રી શ્રી મીનાક્ષી લેખીએ વડનગરનાં કીર્તિ તોરણ, પ્રેરણા સ્કુલ, આંતરરાષ્ટ્રીય કક્ષાના નિર્માણાધીન એક્સપેરિયન્સલ મ્યુઝિયમ સાઇટ, ઉત્ખનન સાઇટ, રેલવે સ્ટેશનની વડાપ્રધાનશ્રીના બાળપણની યાદ એવી ચાની કીટલી સહિતનાં વિવિધ સ્થળોની મુલાકાત લઇને ઉત્ખનન દરમિયાન મળેલા અવશેષોનું નિરીક્ષણ કર્યું હતું અને તેમણે ઉત્ખનનની વિવિધ સાઇટ પર પગપાળાં જઇને માહિતી મેળવી હતી.

કેન્દ્રીય સાંસ્કૃતિક રાજ્ય મંત્રી શ્રી મીનાક્ષી લેખીએ ઐતિહાસિક સ્થળોને વિશ્વ સ્તરે પ્રસ્થાપિત કરવા માટે ગાંધીનગર ખાતે યોજાઇ રહેલી કોન્ફરન્સ અત્યંત મહત્ત્વની પુરવાર થશે તેમ જણાવી, ઉમેર્યું હતું કે દેશના વડાપ્રધાનશ્રીનાં જન્મ સ્થળની મુલાકાત લઇ મને ખૂબ આનંદ થયો છે. વર્લ્ડ મ્યુઝિયમ ડેના દિવસે જ આંતરરાષ્ટ્રીય કક્ષાના નિર્માણાધીન એક્સપેરિયન્સલ મ્યુઝિયમ સાઇટની મુલાકાતથી હું અભિભૂત થઇ છું.

તેમણે શિલ્પ, સ્થાપત્ય અને કલાના ત્રિવેણી સંગમ એવા એક હજાર વર્ષ જૂનાં વિશ્વ વિખ્યાત મોઢેરાનાં સૂર્યમંદિરની મુલાકાત લઇ, બારીકાઇપુર્વક વિવિધ શિલ્પોનું નિરીક્ષણ કરી, મોઢેરાના ગાઇડ ગિરીશ ગોસ્વામી પાસેથી ઇતિહાસ અને સંસ્કૃતિની રસપૂર્વક જાણકારી મેળવી હતી.



# સુરતમાં 'ગુજરાત ગાર્ડિયન દશાબ્દી મહોત્સવ' યોજાયો




પત્રકારત્વ લોકશાહીનો ચોથો સ્તંભ છે. પત્રકારત્વ લોકશાહીને મજબૂત કરવાનું અને જનતાના અવાજને બુલંદ કરવાનું કાર્ય કરે છે. દક્ષિણ ગુજરાતના અગ્રીમ અખબાર 'ગુજરાત ગાર્ડિયન'ની પણ છેલ્લા ૧૦ વર્ષથી પ્રજાનો અવાજ બનીને કાર્ય કરી રહ્યુ છે. તાજેતરમાં સુરતમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને 'ગુજરાત ગાર્ડિયન દશાબ્દી મહોત્સવ' યોજાયો હતો. ગુજરાત ગાર્ડિયન અખબારનો વર્ષ ૨૦૧૨માં તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રારંભ કરાવ્યો હતો એની સ્મૃતિ તાજી કરતાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આજના ડિજિટલ યુગમાં બ્રેકિંગ ન્યુઝની ભરમાર વચ્ચે પણ લોકો દરરોજ અખબાર વાંચે છે એ પ્રિન્ટ મીડિયાની મોટી ઉપલબ્ધિ છે.

'ગુજરાત ગાર્ડિયન' અખબારે વાચકવર્ગની લાગણીઓને સમજી લોકભોગ્ય વાંચનસામગ્રી પીરસીને અખબારી જગતમાં તેમજ વાંચકોના હૃદયમાં આગવું સ્થાન પ્રાપ્ત કર્યું હોવાનું જણાવતાં મુખ્યમંત્રીશ્રીએ 'ગુજરાત ગાર્ડિયન' સફળતાના ઉચ્ચત્તમ શિખરો સર કરે એવી શુભકામનાઓ પાઠવી હતી.

કેન્દ્રીય રેલવે અને ટેક્ષટાઈલ રાજ્ય મંત્રી શ્રીમતી દર્શનાબેન જરદોશે જણાવ્યું હતું કે, પ્રશાસનિક તંત્ર કે સમાજના ધબકારને ઝીલીને ગુજરાત ગાર્ડિયને સમાજસેવાની પણ જ્યોત જલાવી છે. માર્ગ અને મકાન મંત્રી શ્રી પૂર્ણેશભાઈ મોદીએ જણાવ્યું હતું કે, લોકશાહીના રખેવાળ અને ચોથી જાગીર એવા પત્રકારત્વનું પ્રતિબિંબ ગુજરાત ગાર્ડિયનના પાનાઓ પર પડે છે. સાંસદ શ્રી સી.આર. પાટીલે જણાવ્યુ હતુ કે, અનેક અડચણો, અવરોધો છતાં મનોજભાઈએ પોતાના અખબારને સતત કાર્યરત રાખ્યું અને સફળતાની નવી પરિભાષા આલેખી છે. મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે વિવિધ ક્ષેત્રના અગ્રણીઓના જીવનકવન અને સિદ્ધિઓને આવરી લેતી કોફી ટેબલ બુક- 'ધ ગાર્ડિયન્સ ઓફ સિટી'નું વિમોચન અને વિવિધ ક્ષેત્રમાં આગવું પ્રદાન કરનારા નામાંકિત ઉદ્યોગકારો, સમાજસેવકો, તબીબો મળી કુલ ૪૪ જેટલી હસ્તીઓને એવોર્ડ વિતરણ કરી બહુમાન કર્યુ હતુ.

આ પ્રસંગે નાણા તથા ઊર્જા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલ, ગૃહ રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી, શહેરી વિકાસ રાજ્ય મંત્રી શ્રી વિનોદભાઈ મોરડિયા, કૃષિ, ઊર્જા રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલ, ઈફકોના ચેરમેન શ્રી દિલીપભાઈ સંઘાણી, ગુજરાત ગાર્ડિયનના એડિટર શ્રી મનોજભાઈ મિસ્ત્રી સહિત વિવિધ ક્ષેત્રના અગ્રણી ઉદ્યોગકારો, સમાજસેવીઓ અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યાં હતાં. ●

# સમૂહલગ્નો સામાજિક દાયિત્વ- સમરસતાના પ્રતીક

સુરેન્દ્રનગરમાં ગુજરાત ગુરુ બ્રાહ્મણ સમાજ દ્વારા ચતુર્થ સમૂહ લગ્નોત્સવ યોજાયો હતો. આ પ્રસંગે ૧૯ નવદંપતિઓને આશીર્વાદ આપી દામ્પત્ય જીવનની શુભકામનાઓ પાઠવતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, સમૂહ લગ્ન આજના સમયની માગ છે. બે કુટુંબનો પ્રસંગ સમૂહ લગ્નના આયોજનથી સમગ્ર સમાજનો પ્રસંગ બને છે. એટલું જ નહીં, દીકરીઓનાં માતા-પિતાની ચિંતા આવી પહેલથી હળવી બને છે. સમૂહ લગ્નપ્રસંગો સામાજિક દાયિત્વનું પ્રતીક બની રહ્યા છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વધુમાં જણાવ્યું કે, સામાજિક સમરસતા આપણા સમાજ અને સંસ્કૃતિની આગવી વિશેષતા રહી છે. સમાજ પોતાના દરેક વ્યક્તિ માટે ચિંતીત છે, તે આવા પ્રસંગોથી પ્રસ્થાપિત થાય છે. આ પ્રસંગે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનાં મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમારે નવ યુગલોને સુખી દાંપત્યજીવનની શુભેચ્છા આપતા જણાવ્યું હતું કે, રાજ્ય સરકારે છેવાડાના પ્રત્યેક વ્યક્તિની ચિંતા કરતા અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, વિચરતી વિમુક્ત જાતિ સહિતનાં તમામ વર્ગોનાં કલ્યાણ માટે વિવિધ યોજનાઓ અમલી બનાવી દરેક વ્યક્તિ સુધી તેનાં લાભો સરળતાથી પહોંચાડ્યા છે. આ પ્રસંગે વન અને પર્યાવરણ મંત્રી શ્રી કિરીટસિંહ રાણા, ધારાસભ્ય શ્રી ધનજીભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં ગુરુ બ્રાહ્મણ સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

### "ગ્રીન ગોલ્ડ" - વાંસ બનશે આદિજાતિ બાંધવોના વિકાસનો આધાર

# આદિજાતિ યુવાનોને આત્મનિર્ભર બનાવવા વાંસ વિતરણ યોજનાનો પ્રારંભ

પર્યાવરણને શુદ્ધ રાખવામાં વનસ્પતિનો ફાળો મહત્ત્વનો છે. વનસ્પતિઓમાં વાંસ એ એવું વૃક્ષ છે જે સૌથી વધુ ઓક્સિજન વાતાવરણને આપે છે. વાંસ અન્ય વનસ્પતિ કરતાં ૩૦ ટકા વધુ ઓક્સિજન મુક્ત કરે છે. આ ઉપરાંત વાંસ પર્યાવરણ જ નહીં પણ માનવજાત માટે ઉપયોગી વનસ્પતિ છે. વાંસ સૌથી વધુ ઝડપે વિકાસ પામતી વનસ્પતિ છે. એટલે તેની ઉપજ માટે વધુ મહેનત કરવી પડતી નથી.




વાંસએ લગભગ ભારતનાં તમામ રાજ્યોમાં જોવા મળે છે. વાંસના ઘણા ફાયદાને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે તેનો ઉપયોગ આદિજાતિ બાંધવોનાં આર્થિક ઉત્કર્ષ માટે કરવાનો નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના ૧૪ જિલ્લાના આદિજાતિ બાંધવોને વાંસ આધારિત રોજગારી આપી આત્મનિર્ભર બનાવવાની નવતર પહેલના ભાગરૂપે, અંબાજીથી ઉમરગામ સુધીના સમગ્ર આદિજાતિ બેલ્ટના વનબંધુઓને રૂ. ૨૦ કરોડના ૪૨ લાખ વાંસના વિનામૂલ્યે વિતરણનો તાજેતરમાં ડેડીયાપાડાથી પ્રારંભ કરાવ્યો હતો.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, 'ગ્રીન ગોલ્ડ' એવા વાંસના ઉછેર અને વાંસ-ઉદ્યોગની ઈકોસિસ્ટમ ઉભી કરવાની ગુજરાતે દિશા લીધી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વાંસને વૃક્ષ ગણવાના ૯૦ વર્ષ જૂના કાયદાને દૂર કરીને આદિજાતિઓના સર્વગ્રાહી વિકાસના નવા દ્વાર ખોલી આપ્યા છે જેને પગલે દેશના અનેક રાજ્યોમાં 'બામ્બુ ઈન્ડસ્ટ્રી'- વાંસ આધારિત ઉદ્યોગોનો વિકાસ થઈ રહ્યો છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ આદિજાતિ યુવાનોના કૌશલ્યને પદ્ધતિસર અને સમયાનુકુલ નિખાર આપવા પ્રધાનમંત્રી કૌશલ્યવર્ધન યોજના અન્વયે આદિજાતિ વિસ્તારોમાં વાંસ આધારિત ચાર કૌશલ્યવર્ધન કેન્દ્રોના લોકાર્પણ પણ કર્યા હતાં. આ કેન્દ્રો ડેડીયાપાડા, નેત્રંગ, વઘઈ અને કેવડી ખાતે શરૂ કરવામા આવ્યા હતા.





મુખ્યમંત્રીશ્રીએ સખીમંડળોની માતા-બહેનોએ બનાવેલા પારંપારિક આદિવાસી ભોજનનો પણ આસ્વાદ માણ્યો હતો. વાંસ વર્કશોપમાં મુખ્યમંત્રીશ્રીએ વાંસમાંથી વિવિધ ચીજવસ્તુઓ બનાવવાની ગતિવિધિઓને ઝીણવટથી નિહાળી કારીગરોને પ્રોત્સાહિત કર્યા હતા. તેમણે વનબંધુઓને વાંસનું વિનામૂલ્યે વિતરણ કર્યું હતું. તેમજ 'નમો વડ વન-ડેડીયાપાડા'નું લોકાર્પણ કરી મુખ્યમંત્રીશ્રીએ વડ વૃક્ષારોપણ અને જળસિંચન કર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ પ્લેટિનમ વન-ગલતેશ્વર અને નાંદોદ તાલુકાના પવિત્ર ઉપવન-રામપરાનું પણ ઈ-લોકાર્પણ કર્યું હતું. પ્રગતિશીલ વનબંધુ ખેડૂતો, વનવિકાસની ઉમદા કામગીરી કરતી મંડળીઓને પ્રશસ્તિપત્ર અર્પણ કર્યા હતા, તેમજ ગુજરાતમાં વાંસ અંગેની વિસ્તૃત માહિતીસભર પુસ્તિકા 'બામ્બુ રિસોર્સ ઓફ ગુજરાત'નું પણ મુખ્યમંત્રીશ્રીએ વિમોચન કર્યું હતું.

વન અને પર્યાવરણ મંત્રી શ્રી કિરીટસિંહ રાણાએ જણાવ્યું હતું કે, કેન્દ્ર અને રાજ્યની સરકારે સૌનો સાથ, સૌનો વિકાસ થકી અનેક જનહિતલક્ષી નિર્ણયો લીધા છે. વનબંધુ યોજના સહિત અનેકવિધ જનકલ્યાણકારી યોજનાઓનો આદિવાસી સમાજને લાભદાયી બની રહી છે. અંતરિયાળ વિસ્તારોમાં ૫૦૦થી વધુ મોબાઈલ ટાવરો માત્ર બે જ વર્ષમાં ઉભા કરાશે તેમ જણાવ્યું હતું.

સાસંદ શ્રી મનસુખભાઈ વસાવાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં આદિવાસી બંધુઓ કૌશલ્યવર્ધન કેન્દ્રો દ્વારા ઘરઆંગણે જ સ્વરોજગારી મેળવી આત્મનિર્ભર થાય તે દિશાના પ્રયાસો કરવામાં આવી રહ્યાં છે.

આ પ્રસંગે ઉદ્યોગ, વન-પર્યાવરણ રાજ્યમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા, ધારાસભ્ય શ્રી મહેશભાઈ વસાવા સહિત વનવિભાગના અધિકારીઓ, સ્થાનિક નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ●

### વડોદરામાં ૧૪૧૬ આંગણવાડી-તેડાગર બહેનોને નિયુક્તિપત્રો એનાયત

# ગુજરાતના વિકાસના પાયામાં શિક્ષણ, સ્વાસ્થ્ય અને સુરક્ષા મહત્ત્વપૂર્ણ



રાજ્યની મહિલાઓ અને બાળકોના વિકાસ માટે સમાજ અને સરકારની વિશેષ જવાબદારી છે. મહિલાઓના સર્વાંગી વિકાસ માટે 'એક હજાર દિવસની કાળજી, માં-બાળક આજીવન રાજી'એ ધ્યેયને સાકાર કરવા રાજ્ય સરકારે બજેટમાં રૂ. ૮૦૦ કરોડની ફાળવણી કરી છે. જેમાં સુપોષિત માતા - સ્વસ્થ બાળક યોજના હેઠળ એક હજાર દિવસ સુધી સગર્ભા બહેનોને પોષક આહાર આપવાનો રાજ્ય સરકારે મહિલાલક્ષી ઉદાત નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે રાજ્યના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ નિમિત્તે મહેસૂલ મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી અને સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમારની ઉપસ્થિતિમાં વડોદરા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં મધ્ય ગુજરાત ઝોનના સાત જિલ્લાઓ અને વડોદરા મહાનગરપાલિકા વિસ્તારમાં ૧૪૧૬ આંગણવાડી કાર્યકર-તેડાગર બહેનોને નિયુક્તિપત્રો એનાયત કર્યા હતા. સમગ્ર રાજ્યમાં ૭૦૦૦ જેટલા આંગણવાડી કાર્યકર અને તેડાગરોની ભરતી ફક્ત બે માસના ટૂંકાગાળામાં ઓનલાઈન પ્રક્રિયા દ્વારા પૂર્ણ કરવામાં આવી છે.

આ સાથે, મુખ્યમંત્રીશ્રીએ સગર્ભા માતાઓને પોષણકીટ, વ્હાલી દીકરી યોજનાના મંજૂરી પત્રો, ગંગા સ્વરૂપા બહેનોને આર્થિક સહાય મંજૂરી પત્રો, મહિલા ઉદ્યમીઓનું સન્માન, સ્વસહાય જૂથોને લોન વિતરણ, મહિલા સ્વાવલંબન યોજનાના લાભોનું વિતરણ કરવા સાથે દિવ્યાંગ સાધન સહાય, વડોદરા શહેર જિલ્લામાં રૂ.૪૫૫ લાખના ખર્ચે નિર્માણ થયેલા ૬૧ આંગણવાડી કેન્દ્રોના ડિજિટલ લોકાર્પણ- ખાતમુહૂર્ત તેમજ વડોદરા મહાનગરપાલિકાના જનસુખાકારીના રૂ. ૨૪ કરોડના વિવિધ પ્રોજેક્ટનું ડિજિટલી લોકાર્પણ-ખાતમુહૂર્ત કર્યું હતું.

આ કાર્યક્રમમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તેમના વડાપ્રધાન તરીકેના કાર્યકાળના પ્રથમ દિવસથી જ દેશ અને દુનિયાને બતાવી દીધું છે કે, દ્રઢ નિર્ણય શક્તિ અને સૌને સાથે લઈ વિકાસની ગતિ કેમ બમણી કરી શકાય. તેમણે સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસથી ગુજરાત પણ વડાપ્રધાનશ્રીના દિશાદર્શનમાં વિકાસ તરફ વધુ તેજ ગતિથી આગળ વધે તેવો અમારી ટીમનો પ્રયાસ છે.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું હતું કે, ગુજરાતના વિકાસના પાયામાં શિક્ષણ, સ્વાસ્થ્ય અને સુરક્ષાની બાબત રહેલી છે. રાજ્યના તમામ બાળકો સુશિક્ષિત બને તે માટે આંગણવાડીથી લઈ ઉચ્ચ શિક્ષણ માટે રાજ્ય સરકાર દ્વારા શિક્ષણનું સુદ્રઢ માળખું ઉભું કરવામાં આવ્યું છે. ખાસ કરીને બાળકોનું પ્રાથમિક શિક્ષણથી જ સ્થાયીકરણ થાય એ માટે રાજ્ય સરકારના પ્રયત્નોને પરિણામરૂપ આજે ડ્રોપઆઉટ રેશિયો નજીવો રહ્યો છે.

મહિલા અને બાળ કલ્યાણ વિભાગને બિરદાવતા મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, માત્ર ખૂબ જ ટૂંકાગાળામાં સાત હજાર જેટલી આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને નિમણૂંકપત્રો આપી પારદર્શી અને કાર્યદક્ષતાનું કાર્ય કર્યું છે. આગામી એક સપ્તાહમાં પસંદ પામેલી બહેનોને નિયુક્તિપત્રો આપી દેવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા નિરાધાર, વૃદ્ધ, દિવ્યાંગો તેમજ મહિલાઓને જરૂરી તમામ લાભ આપી માનવસેવાનું ઉત્તમ કાર્ય કર્યું છે.

મહિલા અને બાળ કલ્યાણ રાજ્યમંત્રી શ્રીમતી મનિષાબેન વકીલે જણાવ્યું હતું કે, જનકલ્યાણની યોજનાનો લાભ સો ટકા લાભાર્થીઓને આપવા માટે અમે કટિબદ્ધ છીએ. એટલે જ ગંગા સ્વરૂપા મહિલાઓને આર્થિક સહાયની યોજનામાં ૧૨ લાખથી વધુ મહિલાઓને રૂ. ૧૬૦૦ કરોડ જેટલી સહાય સીધી તેમના ખાતામાં ચૂકવી છે. આ કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રીએ ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ તથા મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા આયોજિત શક્તિ મેળાનો પ્રારંભ કરાવ્યો હતો. શક્તિ મેળામાં મહિલાઓ દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓનું પ્રદર્શન સહ વેચાણ કરવામાં આવશે.

આ પ્રસંગે સાંસદ શ્રીમતી રંજનબેન ભટ્ટ, ધારાસભ્યો સર્વ શ્રી યોગેશભાઈ પટેલ, જીતુભાઈ સુખડીયા, સીમાબેન મોહીલે, કેતનભાઈ ઈનામદાર, અક્ષયભાઈ પટેલ સહિત વિશાળ સંખ્યામાં મહિલાઓ તથા લાભાર્થીઓ અને નગરજનો હાજર રહ્યા હતા. ●

# કાંકરેજમાં વિચરતી જાતિના ૧૮૫ પરિવારોને મળ્યું કાયમી સરનામું

એક જગ્યાએથી બીજી જગ્યાએ રોજી રોટી માટે ફરતા રહેતા અને ખુલ્લા આકાશ નીચે જીવન જીવતા ઘરવિહોણા વિચરતી જાતિના પરિવારોને કાંકરેજનાં કાકરના વાદીપૂરા ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ૧૮૫ પરિવારોને મકાનની ચાવી અર્પણ કરી ગૃહ પ્રવેશ કરાવતાં હવે તેમને કાયમી સરનામું પ્રાપ્ત થયું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તાજેતરમાં બનાસકાંઠા જિલ્લાના કાંકરેજ તાલુકાના કાકર ખાતે વિચરતી જાતિની વસાહત અને છાત્રાલયનું લોકાર્પણ કર્યુ હતું.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા વિકાસ મંત્ર, સૌનો સાથ... સૌનો વિકાસ અને સૌના વિશ્વાસ સાથે આ સરકાર કામ કરે છે. તેમણે કહ્યું કે રાજ્ય સરકારની ઘણી બધી યોજનાઓ છે પરંતુ વિચરતી જાતિ માટે કામ કરવાથી વિશેષ આત્મસંતોષ મળે છે. આજદિન સુધીમાં વિચરતી જાતિના ૪,૦૦૦ લોકોને મકાન માટે સનદ સહાય અપાઇ છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, નરેન્દ્રનગર વાદી વસાહતના મકાનોની સાથે સાથે બાળકો ભણી શકે તે માટે હોસ્ટેલ પણ બનાવી છે. હવે બાળકોને ભણવા માટે હોસ્ટેલ સાથેની વ્યવસ્થા થતા તેઓ ભણી ગણીને આગળ વધશે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી આવી વિચરતી જાતિઓની વેદના સમજ્યા અને આ જાતિઓને આવાસ



યોજના, પ્લોટ ફાળવણી જેવા અંત્યોદય વિકાસના કામોને તેમણે અગ્રતા આપી છે. સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના મંત્રી શ્રી પ્રદીપભાઈ પરમારે જણાવ્યું હતું કે, વિચરતા સમુદાય સમર્થન મંચ, જિલ્લા વહીવટી તંત્ર અને રાજ્ય સરકાર દ્વારા આયોજિત આ કાર્યક્રમ વર્ષ ૨૦૨૨ સુધીમાં દરેકને ઘરનું ઘર આપવાના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્નને સાકાર કરવા તરફ મહત્વનું કદમ છે.

આ પ્રસંગે જિલ્લાના પ્રભારી મંત્રી શ્રી ગજેન્દ્રસિંહ પરમાર, શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી કિર્તીસિંહ વાઘેલા, સાંસદ શ્રી પરબતભાઇ પટેલ અને શ્રી ભરતસિંહ ડાભી સહિત સબંધિત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

# ગુજરાત સરકાર-ટાટા અને ફોર્ડ વચ્ચે ત્રિપક્ષીય સમજૂતિ કરાર

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં ગુજરાત સરકાર, ટાટા મોટર્સની સબસિડીયરી ટાટા પેસેન્જર ઈલેક્ટ્રીક મોબિલિટી લિમિટેડ અને ફોર્ડ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ વચ્ચે ત્રિપક્ષીય સમજૂતી કરાર સંપન્ન થયા હતા. તદ્અનુસાર, ટાટા મોટર્સ લિમિટેડ ફોર્ડ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડનો સાણંદ પ્લાન્ટ બધી જ જમીન, બિલ્ડિંગ અને વ્હીકલ એસેમ્બલી, પ્લાન્ટની મશીનરી સાથે હસ્તગત કરશે. આ સાથે, ફોર્ડ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડના વ્હીકલ એસેમ્બલી પ્લાન્ટના તમામ કર્મચારીઓને ટાટા મોટર્સમાં સમાવી લેવાશે. ગુજરાત સરકારે 2011માં ફોર્ડ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ સાથે કરેલા સ્ટેટ સપોર્ટ એગ્રીમેન્ટના અનુસંધાને તથા ટાટા મોટર્સની પેટાકંપની ટાટા પેસેન્જર ઈલેક્ટ્રિક મોબિલિટી લિમિટેડ વચ્ચે થયેલી સમજૂતીના સંદર્ભમાં આ ત્રિપક્ષીય સમજૂતી કરાર કરવામાં આવ્યા છે. આ અંતર્ગત ફોર્ડ ઈન્ડિયા પ્રા.લિ. સાણંદ ખાતેના પ્લાન્ટમાં એન્જિન ઉત્પાદન યથાવત ચાલુ રાખશે અને આ હેતુસર ટાટા મોટર્સ તેમને લીઝ પર જમીન ઉપલબ્ધ કરાવશે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દીર્ઘ દ્રષ્ટિપૂર્ણ અભિગમ અને ત્વરિત નિર્ણાયક્તાને પરિણામે આ સમગ્ર વિષયે માત્ર ૯૦ દિવસના ટૂંકા ગાળામાં રાજ્ય સરકારના પોઝિટિવ એપ્રોચથી આ એમ.ઓ.યુ સાકાર થયા છે. સૂચિત હસ્તાંતરણથી મોટા પ્રમાણમાં બેરોજગારી સર્જાવાનો પ્રશ્ન પણ અટકાવી શકાશે. ફોર્ડ મોટર્સના પ્લાન્ટમાં ૩૦૪૩ સીધી રોજગારી અને અંદાજે ૨૦ હજાર જેટલી આડકતરી રોજગારી આપવામાં આવે છે. તો બીજીબાજુ, ગુજરાતમાં ઈલેક્ટ્રીક વાહનોના ઉત્પાદનની શરૂઆત થશે અને પર્યાવરણ પ્રિય ગ્રીન મોબિલિટીની પહેલમાં ગુજરાત અગ્રેસર રહેશે. આ ઉપરાંત આ પ્લાન્ટને સ્પેરપાર્ટસ પૂરા પાડતા એન્સિલરી એકમો પણ બંધ થશે અને તેમાં કામ કરતા કામદારોની રોજગારી ઉપર પણ અવળી અસર પડે તેવી સ્થિતિ ઊભી થઈ હતી. આ સૂચિત હસ્તાંતરણથી હવે તે પ્રશ્નનું નિવારણ આવી શકશે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગુજરાતને ઓટો હબ બનાવવાના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના સેવા કાળ દરમ્યાન સેવેલા સ્વપ્નને સાકાર કરવા ઔદ્યોગિક નીતિ-૨૦૦૯ અંતર્ગત, રાજ્ય સરકારે મેગા/ ઈનોવેટીવ પ્રોજેકટને સહાય આપવાનું જાહેર કર્યું હતું. આ ત્રિ-પક્ષીય સમજૂતી કરાર પર ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ ડો. રાજીવકુમાર ગુપ્તા, ટાટા મોટર્સના એમ.ડી શૈલેષ ચંદ્રા તેમજ ફોર્ડ ઈન્ડિયાના ટ્રાન્સફર્મેશન ઓફિસર અને કન્ટ્રી હેડ બાલાસુંદરમએ હસ્તાક્ષર કર્યા હતા. ●

# અરવલ્લી અને ગાંધીનગરના વિકાસકામોની સમીક્ષા કરતા CM



રાજ્યના જિલ્લાઓના વિકાસકામો તેમજ રાજ્ય-કેન્દ્ર સરકારની ફ્લેગશીપ યોજનાઓની પ્રગતિ કામગીરીની સમીક્ષા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જિલ્લા અધિકારીઓ-પદાધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજવાનો ઉપક્રમ શરૂ કર્યો છે. મુખ્યમંત્રીશ્રીએ આ ઉપક્રમમાં અંતર્ગત તાજેતરમાં બાયડમાં અરવલ્લી જિલ્લા વહિવટીતંત્રના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અરવલ્લી જિલ્લામાં હાથ ધરાઇ રહેલા તથા પ્રગતિ હેઠળના વિવિધ કામો યોજનાઓ વગેરેમાં જિલ્લાની પ્રગતિની વિગતો આ બેઠકમાં મેળવી હતી. મુખ્યમંત્રીશ્રીએ "ટીમ અરવલ્લી" સાથે સમીક્ષા બેઠકમાં જણાવ્યું હતું કે, જનપ્રતિનિધિઓ અને અધિકારીઓના સુદ્રઢ સંકલનથી આપણે વિકાસકામોમાં નવી સિદ્ધિ પ્રાપ્ત કરી શકીશું. તેમણે જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓને પ્રજાના પ્રશ્નોના હકારાત્મક ઉકેલ માટે દિશા નિર્દેશ આપતા જણાવ્યું હતું કે, આપણે એક થઈ, નેક થઇ પ્રજાની નિસ્વાર્થ ભાવે સેવા કરીએ અને લોકપ્રશ્નોના ઉકેલની દિશામાં આગળ વધીએ.

જિલ્લા પ્રભારી મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોરે દરેક ઘર સુધી પાણી પહોંચાડવા માટે નાની અને મધ્યમ કક્ષાની યોજનાઓનો ઉપયોગ કરવાનો અનુરોધ કર્યો હતો.

આ ઉપરાંત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ગાંધીનગર જિલ્લાના માણસા પહોંચ્યા હતા અને ત્યાં પણ તેમણે આવી સમીક્ષા બેઠક ગાંધીનગર જિલ્લા વહીવટીતંત્રના અધિકારીઓ-પદાધિકારીઓ સાથે યોજી હતી. તેમણે પાણીનો બગાડ થાય નહીં અને પાણીના તળ ઊંચા આવે તે માટે માણસા નગરપાલિકા વિસ્તારના નવ તળાવનું આંતરિક જોડાણ કરવાનો પ્રાથમિક અહેવાલ સત્વરે રજૂ કરવાની સૂચના આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ કલોલ-માણસા હાઈવેના કામ અંગેની સંબંધિત અધિકારીઓ પાસેથી વિગત મેળવી હતી તેમજ આ કામને ઝડપભેર પૂર્ણ કરવા માટેની પણ સૂચનાઓ આપી હતી. તેમણે બાલવા-માણસા વચ્ચેના માર્ગના નવિનીકરણની દરખાસ્ત રજૂ કરવા પણ સંબંધિત અધિકારીઓને જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ માણસા નગરપાલિકા વિસ્તારના વિકાસકામો માટે રીંગ રોડ બનાવવાની ચર્ચામાં ટાઉન પ્લાનિંગ સ્કીમના તાત્કાલિક અમલીકરણ કરવાની સૂચના આપી હતી. તેમજ કલોલમાં આવેલા અંડરપાસને પહોળો કરવા માટે પણ સંબંધિત અધિકારીઓને જણાવ્યું હતું. આ સમીક્ષા બેઠકમાં મુખ્યમંત્રીશ્રીએ પ્રજાના પ્રશ્નોના હકારાત્મક ઉકેલ માટે દિશાનિર્દેશ આપતા વિકાસ કાર્યોમાં સૌનો સાથ, સૌનો વિકાસની ભાવનાને વધુ મજબૂત કરવાનું પણ પ્રેરક સૂચન કર્યું હતું.

ગાંધીનગર જિલ્લા કલેક્ટર શ્રી ડૉ. કુલદીપ આર્ય એ મુખ્યમંત્રીશ્રી સમક્ષ ગાંધીનગર જિલ્લામાં રાજ્ય સરકારની વિવિધ ફ્લેગશીપ યોજનાઓના અમલીકરણ અને પ્રાપ્ત થયેલ લક્ષ્યાંકોની વિગતો આપી જિલ્લામાં થયેલા વિવિધ વિકાસ કાર્યોની રૂપરેખા રજૂ કરી હતી. ●

## મનોદિવ્યાંગજનો પ્રત્યે મુખ્યમંત્રીશ્રીની આગવી સંવેદના



મૃદુ-મિતભાષી, સાદગીપૂર્ણ અને માનવીય સંવેદનાસભર વ્યવહારથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ગુજરાતના જન-જનમાં 'આપણા ભૂપેન્દ્રભાઈ' તરીકે લોકચાહના મેળવી છે. અરવલ્લીના બાયડ તાલુકાની જય અંબે મંદબુદ્ધિ મહિલા સંસ્થાની મનોદિવ્યાંગ બહેનોને મુખ્યમંત્રીશ્રીની આવી જ આગવી સહજ સંવેદનાની અનુભૂતિ થઈ. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે તેમના પૂર્વનિર્ધારિત કાર્યક્રમ અનુસાર અરવલ્લીના પ્રવાસે હતા અને આ દરમ્યાન તેમણે ખાસ સમય ફાળવીને આ મનોદિવ્યાંગ મહિલા કેન્દ્રની મુલાકાત લીધી હતી. મુખ્યમંત્રીશ્રીએ સંસ્થાની મનોદિવ્યાંગ મહિલાઓ સાથે પિતૃ-વાત્સલ્યભાવથી વાતચીત કરી હતી. તેમણે સંસ્થામાં મહિલાઓને અપાતી સુવિધાઓની વિગતો મેળવી. આ સંસ્થાની એક એક જગ્યાની મુલાકાત લઈને સેવાકીય પ્રવૃતિઓની ઝીણવટપૂર્વક વિગતો તેમણે જાણી હતી. ●

# ગીફ્ટ સિટીને ગ્લોબલ ફાયનાન્સિઅલ હબ તરીકે વિકસાવાશે



ગાંધીનગર અને અમદાવાદ વચ્ચે સ્થિત ગીફ્ટ સિટી(ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેક સિટી)ને વૈશ્વિક આર્થિક ગતિવિધિનું કેન્દ્ર બનાવવાનો રાજ્ય સરકારે નિર્ધાર કર્યો છે. તાજેતરમાં અમદાવાદ સ્થિત I - Create (International Centre for Entrepreneurship and Technology) ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને કેન્દ્રિય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ સમક્ષ ગીફ્ટ સિટીના વિકાસ કાર્યોનું પ્રેઝન્ટેશન પ્રસ્તુત કરવામાં આવ્યું હતું, જેમાં ગીફ્ટ સિટીને ગ્લોબલ ફાયનાન્સિયલ હબ બનાવવાનો નિર્ધાર કરવામાં આવ્યો હતો.

કેન્દ્રિય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ I - Create ની મુલાકાત માટે ગયા હતા, ત્યારે તેમની સમક્ષ ગીફ્ટ સિટીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી તપન રે એ પ્રેઝન્ટેશન રજૂ કરી ગીફ્ટ સિટીમાં ચાલી રહેલા વિકાસ કાર્યોની રૂપરેખા આપવામાં આવી હતી. આ અવસરે IFSC ના ચેરમેન શ્રી આઈ. શ્રીનિવાસને વીડિયો કોન્ફરન્સના માધ્યમથી પ્રેઝન્ટેશન રજૂ કરી ગીફ્ટ સિટીને ગ્લોબલ ફાયનાન્સિઅલ હબ તરીકે પ્રસ્થાપિત કરવા માટેના વિવિધ સૂચનો રજૂ કર્યા હતા. આ પ્રેઝન્ટેશન સમયે ગુજરાતના મુખ્ય સચિવ શ્રી પંકજ કુમાર, મુખ્યમંત્રીશ્રી મુખ્ય અગ્ર સચિવ શ્રી કે.કૈલાશનાથન, મુખ્યમંત્રી શ્રીના અધિક મુખ્ય સચિવ શ્રી પંકજ જોષી સહિતના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.


## વિકાસ આધારીત રાજનીતિના પ્રણેતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી : CM

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં TV9 ચેનલ 'ગર્વ છે ગુજરાતી છું' કોન્કલેવ 2022 યોજાઇ હતી. આ કોન્કલેવમા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈએ દેશ અને દુનિયામાં વિકાસની નવી રાજનીતિ સ્થાપિત કરી છે. ગુજરાત આજે દેશમાં વિકાસનું ગ્રોથ એન્જિન છે. દેશને આઝાદી અપાવનાર બે ગુજરાતી ગાંધીજી અને સરદાર પટેલ હતા અને આજે દેશને સ્વરાજમાંથી સ્વરાજ્ય તરફ લઈ જનારા પણ બે ગુજરાતી શ્રી નરેન્દ્રભાઈ મોદી અને શ્રી અમિતભાઈ શાહ છે. તેમણે જણાવ્યું હતું કે, લાલ કિલ્લા પરથી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ દેશના કલ્યાણની વાત કરે ત્યારે એક ગુજરાતી તરીકે આપણને ગૌરવ થાય. વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટીની જ્યારે વાત આવે ત્યારે, ભગવાન સોમનાથ અને દ્વારકાધીશના ચરણોમાં વંદન કરીએ ત્યારે આપણને ગુજરાતી હોવાનો ગર્વ થાય છે. આ ઉપરાંત તેમણે ઉમેર્યું હતું કે, કોરોનાના કપરા કાળમાં શ્રી નરેન્દ્રભાઈ લોકોની ચિંતા કરી નિશુલ્ક વેક્સીનેશન કરાવ્યું અને રાશન પણ આપ્યું. શ્રી નરેન્દ્રભાઈના માર્ગદર્શન હેઠળ ગુજરાતની વિકાસગાથાને આગળ ધપાવવા અમારી 'ટીમ ગુજરાત' કટિબદ્ધ છે. આપણે સૌ સાથે મળીને શ્રી નરેન્દ્રભાઈના સંકલ્પ 'આત્મનિર્ભર ભારત' બનાવવા કટિબદ્ધ થવાની સંકલ્પના પણ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કરી હતી. આ કોન્કલેવમાં કોર્પોરેશનના પદાધિકારીઓ, તથા વિવિધ સામાજિક અને રાજકીય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

## સાંચોર-સાંતલપુર વચ્ચેનાં છ લેન માર્ગ નિર્માણનું નિરીક્ષણ કરતાં CM

ભારત સરકારની ભારતમાલા પરિયોજના અંતર્ગત રાજસ્થાનના સાંચોરથી ગુજરાતના પાટણ જિલ્લાના સાંતલપુર માર્ગના છ લેન રૂપાંતરણ કામગીરીનું તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે નિરીક્ષણ કર્યું હતું. નેશનલ હાઈવે ઓથોરિટી ઓફ ઇન્ડિયા દ્વારા ૧૨૫ કિ.મી ની લંબાઇનો આ માર્ગ ગ્રીન ફિલ્ડ એક્સપ્રેસ વે તરીકે ૬ લેન રોડ દ્વારા નિર્માણ કરી રહી છે. કેન્દ્ર સરકારના સડક પરિવહન મંત્રાલય દ્વારા ભારતમાલા પરિયોજના અન્વયે અમૃતસર-જામનગર વચ્ચે આશરે ૧૨૫૬ કિ.મી.નો ઇકોનોમિક કોરિડોર નિર્માણ થવાનો છે. આ સાંચોર-સાંતલપુર વચ્ચેનો ૧૨૫ કિ.મી. માર્ગ તે ઇકોનોમિક કોરિડોરના એક મહત્વપૂર્ણ ભાગ તરીકે કુલ રૂ. ૨૦૩૦ કરોડના ખર્ચે વિકસાવવામાં આવી રહ્યો છે. આ માર્ગનું તબક્કાવાર નિર્માણ કરી તેને વર્ષ 2023માં લોકાર્પિત કરી દેવામાં આવશે. ભારતમાલા પ્રોજેક્ટનો ઉદેશ દેશના ઉત્તર ક્ષેત્રના રાજ્યો-પ્રદેશોની પૂર્વ ક્ષેત્રના વિસ્તારો સાથે કનેક્ટીવિટી વધારવાનો છે. એટલું જ નહિ, જામનગર, કંડલા અને મુંદ્રા જેવા પોર્ટસ પરથી ઉત્તર ક્ષેત્રના રાજ્યો-પ્રદેશોને વિવિધ ઉત્પાદનોની આયાત-નિકાસની વૈશ્વિક સુવિધા પણ આ પ્રોજેક્ટથી આપવાની નેમ રાખવામાં આવી છે. આ પ્રસંગે જિલ્લાનાં પ્રભારી મંત્રી શ્રી ગજેન્દ્રસિંહ પરમાર, સાંસદ શ્રી પરબતભાઈ પટેલ તથા વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. ●

## 'SWAGAT' અંતર્ગત ૫.૨૬ લાખ રજૂઆતોનું નિવારણ





સામાન્ય માનવી-નાગરિકોની સમસ્યા-રજૂઆતોનું ત્વરાએ સ્થાનિક કક્ષાએ જ નિવારણ આવે તે વહીવટીતંત્રની મુખ્ય પ્રાથમિકતા હોવી જોઇએ. આ વાતને ગુજરાતે બે દાયકા પૂર્વે વિવિધ પ્રકલ્પો દ્વારા અમલી બનાવી છે. રાજ્યના તત્કાલિન મુખ્યમંત્રી અને હાલ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જનતાના પ્રશ્નો ઉકેલવા દર મહિનાના ચોથા ગુરૂવારે State-Wide Attention on Grievances by Application of Technology (SWAGAT) 'સ્વાગત' ઓનલાઈન કાર્યક્રમની શરૂઆત કરી હતી. જેને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આગળ વધારી રહ્યા છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી કાળ દરમ્યાન શરૂ કરાવેલા આ 'સ્વાગત' ઓનલાઇન જનફરિયાદ નિવારણના ઉપક્રમમાં મે-૨૦૨૨ મહિનાના ચોથા ગુરૂવારે યોજાયેલા રાજ્ય સ્વાગતમાં મુખ્યમંત્રીશ્રીએ ૮ જેટલા અરજદારોની વિવિધ રજૂઆતો હાથ ધરી હતી અને તેના સુચારૂ-યોગ્ય નિવારણ માટે સંબંધિત જિલ્લા-શહેરના વહીવટી તંત્રવાહકોને સૂચનો કર્યા હતા.

આમ, એપ્રિલ ૨૦૦૩થી એપ્રિલ-૨૦૨૨ સુધીમાં રાજ્ય, જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય સ્વાગત મળી ૫,૨૬,૮૦૫ રજૂઆતોમાંથી ૯૯.૮૯ ટકા એટલે કે ૫,૨૬,૨૩૯ નું સુખદ નિવારણ લાવવાની આગવી સિદ્ધિ મેળવવામાં આવી છે. એટલું જ નહિ, 'સ્વાગત'ને વિવિધ આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય એવોર્ડ પણ મળ્યા છે તેમજ ગુજરાતની આ અભિનવ પહેલ અન્ય રાજ્યો માટે સુશાસનનું પથદર્શક મોડેલ બની છે. ●

## આઠ જિલ્લાઓમાં અત્યાધુનિક ચેરિટી કચેરી ભવન બનશે



રાજ્ય સરકારે પ્રજા સાથે સંકળાયેલી કચેરીઓને સુવિધાસભર બનાવી છે. ગામડાથી આવતા અરજદારને કચેરીમાં કોઈ અગવડ ન પડે તેમજ પ્રાથમિક સુવિધાઓ મળી રહે તે પ્રકારની કચેરીઓનું નિર્માણ થઈ રહ્યુ છે. તે દિશામાં આગળ વધતા તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગરથી કાયદા મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી અને રાજ્યમંત્રી શ્રી દેવાભાઇ માલમની ઉપસ્થિતિમાં રૂ. ૨૨ કરોડના ખર્ચે ગીર સોમનાથના વેરાવળ, બોટાદ, અરવલ્લીના મોડાસા, સુરેન્દ્રનગર, ભૂજ, લુણાવાડા, હિંમતનગર અને મોરબીમાં નવા નિર્માણ થનારા ૮ ચેરિટી ભવનોના ઈ-ખાતમુહૂર્ત કર્યુ હતુ.

મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના ચેરિટી તંત્રને ચાર કરોડ જેટલા ડૉક્યુમેન્ટસના ડિજિટલાઈઝેશનની ભગીરથ કામગીરી પૂર્ણ કરવા માટે આ અવસરે અભિનંદન પણ પાઠવ્યા હતા. આ રેકર્ડનું ડિજિટલાઈઝેશન થવાથી હવે લોકોને ઘરે બેઠા પોતાના ટ્રસ્ટની માહિતી મળી રહેશે. આ નવી બનનારી ચેરિટી કચેરીઓના ભવનોના કારણે લિટીગન્સને સરળતાથી ન્યાય મળશે. ઉપરાંત, આધુનિક ભવનો થવાથી ચેરિટીને લગતી કામગીરી માટે લોકોને અગાઉ જે અલગ-અલગ સ્થળોએ જવું પડતું તેનું પણ નિવારણ આવશે.

કાયદામંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ જણાવ્યું કે, રાજયના તમામ ધાર્મિક અને સખાવતી ટ્રસ્ટોનો વહીવટ સમાજના વિશાળ હિતને લાગુ પડતો હોવાથી આવા ટ્રસ્ટોની મિલકતો સમાજના હિતમાં ઉપયોગી થાય અને વહીવટદારો તેનો સુયોગ્ય વહીવટ કરે તેવા ઉમદા હેતુથી રાજયના ચેરિટીતંત્રને વધુ સુદૃઢ બનાવવા માટે આ વધુ આઠ જિલ્લાઓમાં ચેરિટી કચેરીઓના નવા ભવનનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે આ ઓનલાઈન ભૂમિપૂજન કરવામાં આવ્યું છે.


ગાંધીનગરથી વરિષ્ઠ અધિકારીઓ તેમજ જિલ્લા મથકોએ જિલ્લાતંત્રના અધિકારીઓ આ ચેરિટી કચેરીઓના વર્ચ્યુઅલ ખાતમુહૂર્ત અવસરે સહભાગી થયા હતા. ●

# મોરબીમાં વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ કરતાં મુખ્યમંત્રી









વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા સૌના સાથ-સૌના વિકાસ-સૌના વિશ્વાસના મંત્રને સાકાર કરીને દરેક સમાજનો વિકાસ કરવા રાજ્ય સરકાર પ્રતિબદ્ધ છે, તેમ તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મોરબીના વવાણિયામાં આહીર સમાજ સંચાલિત માતૃશ્રી રામબાઈમા જગ્યામાં પ્રવાસી સુવિધાના વિકાસ કામોનો લોકાર્પણ કરતાં સ્પષ્ટપણે જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ માતૃશ્રી રામબાઈમાની જગ્યામાં ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા અંદાજે ૩ કરોડ રૂપિયાના ખર્ચે નવનિર્મિત સત્સંગ હોલ, ભોજનાલય, રસોડાના લોકાર્પણ કર્યા હતા. તેમણે આ વિસ્તારની આરોગ્ય સુખાકારી માટેના રૂ. ૨.૪૮ કરોડના વિવિધ પાંચ વિકાસ કામોની પણ ભેટ નાગરિકોને ધરી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે લોકાર્પિત કરેલા વિકાસકાર્યોમાં રૂ. ૮૦ લાખના ખર્ચે નવનિર્માણ થયેલા વવાણિયા PHC, રૂ. ૩૫ લાખના ખર્ચે તૈયાર થયેલા ૨૦ બેડના કોવિડ વોર્ડ ઉપરાંત માળિયા-મિયાણા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે રૂ. ૩૮.૫૦ લાખના ખર્ચે ૨૫૦ એલ.પી.એમ. કેપેસિટીના પી.એસ.એ. પ્લાન્ટ, ટંકારા સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં પણ રૂ. ૩૮.૫૦ લાખના ખર્ચે તૈયાર થયેલા પી.એસ.એ. પ્લાન્ટ અને રૂ. ૫૬ લાખના ખર્ચે નિર્મિત ૫૦ બેડના કોવિડ વોર્ડનો સમાવેશ થાય છે.

માતૃશ્રી રામબાઈમાએ સેવાકીય કાર્યોની ટેક અને ભેખ સાથે નિસ્વાર્થ ભાવે સમાજસેવાના કામોમાં જોડાઈને સમગ્ર સમાજજીવનને માર્ગદર્શન આપ્યું છે તેની પણ મુખ્યમંત્રીશ્રીએ કૃતજ્ઞતાપૂર્વક નોંધ લીધી હતી. આ સંદર્ભમાં તેમણે ઉમેર્યું હતું કે, દરેક સમાજવર્ગો આવા સંત, સેવાવ્રતીઓની પ્રેરણાથી વિકાસ માટે હરહંમેશ પ્રયાસરત રહેતા હોય છે અને સૌરાષ્ટ્ર તો સંતો, શૂરવીરો અને દાતાઓની ભૂમિ છે એમ પણ તેમણે ઉમેર્યુ હતું.

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગુજરાત દેશના વિકાસનું ગ્રોથ એન્જિન બન્યું છે તેને આવા અનેક સફળ આયામોથી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની પ્રેરણાથી વધુ તેજ ગતિએ સૌ સમાજવર્ગોના સહયોગથી વિકાસ રાહે આગળ લઈ જવાની નેમ દર્શાવી હતી. આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતનું લક્ષ્ય પાર પાડવા પણ તેમણે આહવાન કર્યુ હતું.

શ્રમ, રોજગાર અને પંચાયત રાજ્યમંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજાએ આહીર સમાજ સંચાલિત આ માતૃશ્રી રામબાઈમાની જગ્યાની સેવા-પ્રવૃત્તિઓની સરાહના કરી હતી. તેમણે કહ્યું હતું કે, રાજ્ય સરકારે મોરબી-માળિયા વિસ્તારના સર્વગ્રાહી વિકાસ માટે સતત ખેવના રાખીને આયોજનો પણ કર્યા છે. આ વર્ષે ૩૮ કરોડ રૂપિયાના ખર્ચે સિંચાઇ માટેની યોજનાથી ૧૫૦૦ હેક્ટર જમીનને લાભ આપવાનું બજેટ પ્રાવધાન પણ કર્યું છે.

આહીર સમાજના પ્રમુખ અને પૂર્વ મંત્રી શ્રી જવાહરભાઇ ચાવડા, પૂર્વ મંત્રી શ્રી વાસણભાઇ આહીર, સાંસદ શ્રીમતી પૂનમબહેન માડમ વગેરેએ પણ આહીર સમાજના આ શ્રદ્ધા-આસ્થા કેન્દ્રમાં પ્રવાસી સુવિધાના કામો આપવા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વની રાજ્ય સરકારનો આભાર વ્યક્ત હતો. મુખ્યમંત્રીશ્રીએ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના આધ્યાત્મિક ગુરૂ શ્રીમદ રાજચંદ્રજીના જન્મ સ્થળ શ્રીમદ રાજચંદ્ર જન્મ ભુવનની પણ વવાણિયામાં મુલાકાત લઈને શ્રીમદ રાજચંદ્રજીના જીવન-કવન વિશે જાણીને કૃતજ્ઞતા અનુભવી હતી.

સાંસદ શ્રી મોહનભાઇ કુંડારિયા, માતૃશ્રી રામબાઈમા જગ્યાના મહંત શ્રી પ્રભુદાસજી, કિશનદાસજી, જિલ્લા પંચાયત જુનાગઢના પ્રમુખ શાંતાબેન ખટારીયા સહિત મોટી સંખ્યામાં આહીર સમાજના નાગરિકો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. ●

## વડોદરાની સંસ્કાર અભ્યુદય શિબિરમાં
# PMનો દેશ સેવાના સંકલ્પનો અનુરોધ







વડોદરાના કારેલીબાગ સ્વામિનારાયણ મંદિરમાં સંસ્કાર અભ્યુદય શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં ભાગ લઈ રહેલા યુવાનોને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ચ્યુઅલ માધ્યમથી સંબોધન કરતા આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી પર્વે દેશ સેવાના સંકલ્પો લેવા અનુરોધ કર્યો હતો. સાત દિવસીય મહોત્સવને રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ તેમજ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે સંબોધિત કર્યું હતું.

રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદજીએ વિડીયો ક્લીપના માધ્યમથી આપેલા સંદેશામાં યુવાનોને ભગવાન શ્રીસ્વામિનારાયણની શિક્ષાપત્રી પ્રમાણે જીવનનું ઘડતર કરવા માટે અનુરોધ કર્યો હતો. વડોદરાના કારેલીબાગ સ્વામિનારાયણ મંદિરમાં સપ્તદિનાત્મક સત્સંગમાં કુંડળધામમાં આયોજીત અનેક રૂપે સ્વામિનારાયણ ભગવાનના કાર્યક્રમ અંતર્ગત ગિનીસ વર્લ્ડ રેકોર્ડસ, એશિયા બુક ઓફ રેકોર્ડ અને ઈન્ડિયા બૂક ઓફ રેકોર્ડના મળેલા ત્રણ એવોર્ડનું રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત તથા શ્રી જ્ઞાનજીવનદાસ સ્વામીએ વિમોચન કર્યું હતું. બાળકો-યુવાનોને સંબોધન કરતા રાજ્યપાલશ્રીએ જણાવ્યું હતું કે, વેકેશનના સમયમાં મહાપુરુષોના જીવનવૃતને વાંચીને તેમના જીવનકવનને જીવનનો આદર્શ બનાવવો જોઈએ.

યુવાનો તા.૧૫ મી ઓગષ્ટ, ૨૦૨૩ સુધીમાં ઓછામાં ઓછાં ૭૫ કલાક દેશની સેવા માટે ફાળવવાનો નિર્ધાર કરે તેમ કહેતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યુ હતુ કે, સ્વચ્છતા અભિયાનને આગળ વધારવું, પાણી અને વીજળી બચાવવા, લોકોને જન ઔષધિ કેન્દ્રોનો લાભ લેતા કરવા, પ્લાસ્ટિક મુક્ત વાતાવરણ ઊભું કરવું, આ બધાં નાના નાના કામો એ પણ ખૂબ મોટી દેશ સેવા છે.

આપણા સંતો અને શાસ્ત્રોએ આપણને શિખવ્યું છે કે, સમાજની પ્રત્યેક પેઢીના ચારિત્ર્ય નિર્માણથી સમાજનું નિર્માણ થાય છે, વડોદરા ખાતે યોજાયેલી આ સંસ્કાર અભ્યુદય શિબિર એ યુવાઓના અભ્યુદયની સાથે સમાજના અભ્યુદયનું પણ પવિત્ર અભિયાન છે. આ પ્રયાસ છે, આપણી પહેચાન અને ગૌરવના અભ્યુદયનો, આપણા રાષ્ટ્રના અભ્યુદયનો છે.

વડાપ્રધાનશ્રીએ કહયું હતુ કે, આજે આપણે સામૂહિક સંકલ્પ લઈ રહ્યા છીએ, નવા ભારતના નિર્માણ માટે પ્રયત્નો કરી રહ્યા છીએ. એક નવું ભારત, જેની ઓળખ નવી, દૂરંદેશી અને પરંપરાઓ પ્રાચીન છે. આજનું નવું ભારત, એ નવી વિચારસરણી અને વર્ષો જૂની સંસ્કૃતિ બંનેને સાથે લઈને આગળ વધી રહયું છે.

તેમણે શિબિરમાં જોડાયેલા યુવાનો આઝાદીના અમૃત પર્વે પોતાની ખેતીને પ્રાકૃતિક ખેતીમાં ફેરવવાનો સંકલ્પ કરવા જણાવ્યું હતું. યુવાનોને એક વર્ષ સુધી રોકડથી કોઈ ખરીદી નહીં કરવાનો સંકલ્પ કરવા અનુરોધ કરતાં પ્રધાનમંત્રીશ્રીએ જણાવ્યું કે, ડિજિટલ કરન્સીમાં જ ચૂકવણી કરવાનો એક નાનો સંકલ્પ ઘણાં મોટા પરિણામો આપશે.

યુવા સંસ્કાર અભ્યુદય શિબિર અને સાત દિવસના જ્ઞાનયજ્ઞના અંતિમ દિવસે દેશ-વિદેશના હજારો હરિભક્તોની હાજરીમાં ભવ્ય પુર્ણાહૂતિ સમારંભ યોજાયો હતો. શિબિર પ્રણેતા સ્વામી જ્ઞાનજીવન દાસજીએ વડાપ્રધાનશ્રીના રાષ્ટ્ર નિર્માણના ભગીરથ પ્રયાસોમાં સૌને જોડાવા અનુરોધ કર્યો હતો, તથા કુંડળ ધામમાં પ્રાકૃતિક ખેતીનો એક પ્લોટ વડાપ્રધાનશ્રીના આત્મનિર્ભર ભારત અભિયાનને સમર્પિત કરવાની ઘોષણા કરી હતી. આ પ્રસંગે સાંસદ શ્રી સી.આર.પાટીલ, શહેરી વિકાસ રાજ્ય મંત્રી શ્રી વિનોદભાઈ મોરડીયા અને મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતાં. ●




- રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતે ગાંધીનગર જિલ્લા ચિલોડા ગામે સફાઇ થકી શ્રમદાન કાર્યક્રમ અંતર્ગત ગામમાં સફાઇ અભિયાનનો પ્રારંભ કરાવતા જણાવ્યું હતું કે, સ્વચ્છતા જીવનમાં સંસ્કાર અને આદત બનવી જોઇએ. રાજયપાલશ્રીએ સફાઇ કર્મીઓને સ્વચ્છતાના પ્રહરી ગણાવ્યા હતા.
- જામનગર જિલ્લાના સુજલામ સુફલામ જળ અભિયાનના કામો અંગે કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે સિંચાઇ સહિત સંલગ્ન વિભાગોના અધિકારીઓ સાથે બેઠક યોજી વરસાદ થાય એ પહેલાં કામોની માપણી પૂર્ણ કરી જળ સંચયના વધુમાં વધુ કામો હાથ ધરવા જણાવ્યુ હતું.
- લોધિકા GIDCમાં આયોજિત ઉદ્યોગ સંપર્ક કાર્યક્રમમાં શ્રમ રાજ્ય મંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજાએ મુખ્યમંત્રી એપ્રેન્ટીસશીપ યોજના અંતર્ગત તાલીમ મેળવીને નોકરી મેળવનાર યુવક-યુવતીઓને સર્ટીફિકેટ એનાયત કર્યા હતા.
- મોરબીમાં દીનદયાળ અંત્યોદય યોજના-રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન જિલ્લાના ૨૦૨ સ્વસહાય જૂથોને રૂ.૨૭૦.૫૦ લાખના ધિરાણના ચેક અને મંજૂરીપત્રો તેમજ ૧૨૨ સખી મંડળોને રૂ.૧૮૩.૫૦ લાખની સી.સી. લોનનું વિતરણ કરવામાં આવ્યું હતું.
- પંચમહાલના મોરવા(હ) ખાતે આદિજાતિ વિકાસ રાજય મંત્રી શ્રી નિમિષાબહેન સુથારની ઉપસ્થિતિમાં કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ આદિજાતિ ખેડૂતોને ખાતર-બિયારણ કિટ્સ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો.
- બોટાદના રાણપુરમાં શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રી વિનોદભાઈ મોરડીયાએ જિલ્લાના ૩૪ ગામોમાં ૧૫૪ વિકાસ કાર્યો માટે રૂ.૪ કરોડથી વધુ રકમના વર્કઓર્ડર એનાયત કર્યા.
- અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં ૬૧મું અંગદાન થયું. અમદાવાદ, મણીનગરનાં બ્રેનડેડ સુમિતસિંગ રાજપૂતના પરિવારજનોએ સંમતિ આપ્યા બાદ તેમના હ્રદય, ફેફસા, બંને કિડની અને લીવરનુ દાન કરાયું.
- ૫૬માં સ્થાપના દિને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ૨૩૫થી વધારે કોલેજોએ યોગશિક્ષા માટે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ સાથે સામૂહિક સમજૂતિ કરાર કર્યા.
- સાપુતારામાં 58 કરોડના ખર્ચે ઓડિટોરિયમ, સનરાઈઝ પોઇન્ટ, લેક પેરાફેરીનો વિકાસ કરાશે. લેક પેરાફેરીનો પ્રોજેક્ટ પ્રગતિ હેઠળ છે. (દિવ્યભાસ્કર, 16 મે, 2022, ફોટો- સ્ટોરી, પા.નં. 1)
- અમદાવાદમાં કેન્દ્રિય કૌશલ્ય વિકાસ મંત્રી શ્રી રાજીવ ચંદ્રશેખરની ઉપસ્થિતિમાં ગુજરાતના MSMEમાં ટેકનોલોજીનો વ્યાપ વધારવા SMCCનો પ્રારંભ કરાયો. (દિવ્યભાસ્કર, 12 મે, 2022, પા.નં. 3)
- રાજકોટના પ્રદ્યુમન પાર્ક ઝૂમાં બે સફેદ વાઘનો જન્મ થયો. ત્રણ મહિના પછી લોકોને જોવા મળશે. (દિવ્યભાસ્કર, 22 મે, 2022, ફોટો- સ્ટોરી, પા.નં. 1)
- વનવિભાગની સિંહને ઓળખવાની ખાસ પદ્ધતિ,માનવીની ઓળખ નામ તો ‘સાવજ’ની ઓળખ 10 આંકડાનો નંબર. દરેક સિંહની મૂછની પેટર્ન પણ યુનિક હોય છે. (દિવ્યભાસ્કર, 23 મે 2022, બોટમસ્ટોરી- પા.નં. 2)
- પીએમ આદર્શ ગ્રામ યોજનામાં ભિલોડાના મોટી બેબાર અને ઉકરડી ગામની પસંદગી થઇ. (દિવ્ય ભાસ્કર, 23 મે 2022,)
- વિદ્યાર્થીઓ વિધાનસભામાં ધારાસભ્યની ભૂમિકા ભજવશે. જુલાઈમાં વિધાનસભાનું એક દિવસીય સત્ર યોજવા અધ્યક્ષશ્રીએ ખાસ મંજૂરી આપી. (ગુજરાત સમાચાર, 25 મે 2022, પા.નં. 3)
- નડાબેટની જેમ પાટણ જિલ્લાની સરહદે પ્રવાસન પોઇન્ટ ઉભો કરાશે. સાંતલપુરના એવાલ પાસે રણ સફારી બનશે. 2.70 કરોડનો પણ સફારી પ્રોજેક્ટ આગામી 8 માસમાં તૈયાર કરાશે. ( દિવ્યભાસ્કર, 25 મે 2022, ટોપ સ્ટોરી, પા.નં. 3)
- ગુજરાત અને કાશ્મીર યુનિવર્સિટી વચ્ચે ડ્યુઅલ ડિગ્રી કોર્સ શરૂ કરાશે.વર્ચ્યુઅલ માધ્યમથી એગ્રિકલચર સહિતના ક્ષેત્રોમાં સહિયારી કામગીરી માટે એમઓયુ કરાયા. (નવગુજરાત સમય, 26 મે 2022, પા.નં. 2)
- પ્રોજેક્ટ લાયન હેઠળ સિંહની સીમા વધશે. યોજનાને ટૂંક સમયમાં અંતિમ ઓપ અપાશે. બરડો ડુંગર નવું સિહ સદન બનશે. (દિવ્યભાસ્કર, 26 મે 2022, પા.નં. 1)
- દેશમાં પ્રથમ દસ આદર્શ ગામમાં કલોલ તાલુકાનાં 3 ગામનો સમાવેશ. બિલેશ્વરપુરા દેશનું પ્રથમ આદર્શ સાંસદ ગામ બન્યું. પલોડિયા-રામનગર પણ ટોપ ટેનમાં. (દિવ્ય ભાસ્કર, 26 મે 2022, પા.નં. 1) ●

દરેક કલેક્ટરે કેસ દીઠ આદેશ કરવાનો રહેશે

# નાબૂદ કરાયેલા ૨૪ મહેસૂલી કાયદા હેઠળ સત્તાપ્રકાર નક્કી કરવા ગાઇડલાઇન જાહેર

## મોટાભાગની જમીનો જૂની શરતની ગણાશે, ગણોતધારો લાગુ પડે ત્યાં નવી શરત રહેશે

# તાલુકા, નગરપાલિકા, મહાનગરપાલિ...

# સપ્ટેમ્બર સુધી સેવા સેતુના છ કાર્યક્રમ...

» સરકારના મિશન મોડના કાર્યક્રમોનો પણ સમાવેશ કરાયો

# ...0k students of 2019 batch to get tablets

Times News Network

**Ahmedabad:** The state education department, which has not distributed tablets to diploma and college students for the past three years, has decided to distribute tablets to 50,000 students admitted in 2019.

The department did not distribute tablets to students in 2019, 2020 and 2021 due to the pandemic. There are ...



... dents of the 2019 batch will be given their tablets. They said that the students, who ...

પ્રવેશ કાર્યવાહી

# રાઈટ ટુ એજ્યુકેશનઃ પ્રવેશ માટે બીજા રાઉન્ડની કાર્યવાહી 12 મેથી શરૂ થશે

# ચૂંટણીના વર્ષમાં છ મહિનામાં રાજ્યભરમાં 12 હજાર કરોડના રસ્તાના કામો કરાશે

» મેથી ઓક્ટોબર સુધી 3711 માર્ગના ખાતમુહૂર્ત કે લોકાર્પણના માર્ગોના કામ કરાશેઃ પૂર્ણેશ મોદી



# Civil to have 900-bed and 500-bed hospitals



૧૫ વર્ષ જૂનાં વાહનો ભંગાર ગણાશે, ફિટનેસ સર્ટિ.ફરજિયાત

# દેશમાં પ્રથમવાર ગુજરાતમાં ત્રણ સ્ક્રેપ સેન્ટરને સરકારે મંજૂરી આપી

## સ્ક્રેપ પોલિસીના ભાગરૂપે વાહનોની ફિટનેસના નીતિ નિયમો ઘડવા સરકારમાં ધમધમાટ, ટૂંકમાં જ લીલી ઝંડી

PPP મોડલ પર ફિટનેસ સેન્ટર શરૂ કરવામાં આવશે

---

AHMEDABAD

રાજ્યમાં ઓક્ટોબર માસ સુધીમાં રૂ. ૧૨,૨૦૦ કરોડના વિવિધ કામોના ઓનલાઇન-માનસૂર્ય કરાશે

# આદર્શ ગ્રામ યોજના હેઠળ દેશભરમાં ૧થી ૫૦ના રેન્કમાં રાજ્યની ૧૯ પંચાયતોની પસંદગી

૭૦૦૦થી વધુ તેડાગર બહેનોને અપાશે નિમણૂક : જળસંચયના કામ ૩૧ મે સુધી પૂર્ણ કરાશે

---

# भूकंप प्रभावित 20 हजार मकान मालिकों को मिलेंगे अधिकार



राज्य में 2700 करोड़ के खर्च से बनेगा कोस्टल हाइवे

---

'SRESTHA ગુજરાત' પ્રોજેક્ટ અંતર્ગત ૫૦૦ મિલિયન ડોલરના ખર્ચે

# રાજ્યમાં 'શ્રેષ્ઠ આરોગ્ય પ્રણાલી'ના નિર્માણને આકાર આપવામાં આવશે

એક નવું શિખર સર કરશે

---

# પોરના સેવસેતુમાં 1922 અરજીનો નિકાલ

## કાર્યક્રમમાં વિવિધ વિસ્તારના 4500 જેટલા અરજદાર ઉપસ્થિત રહ્યા હતા



---

# આણંદ જિ.ના 155 સખીમંડળના જૂથોને ₹1.55 કરોડના ધિરાણના ચેકનું વિતરણ



---

જૂન મહિનામાં વડાપ્રધાન મોદી ભૂમિપૂજન કરે તેવી સંભાવના

# નવસારીના વાંસી-બોરસીની ૨,૩૮૩ એકરમાં કેન્દ્રનો ટેક્સટાઇલ પાર્ક બનશે

ગાંધીનગર, મંગળવાર

પીએમ મિત્ર યોજના હેઠળ દક્ષિણ ગુજરાતના નવસારી જિલ્લામાં મેગા ટેક્સટાઇલ પાર્ક બનાવવાની તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. કેન્દ્રનો આ પ્રોજેક્ટ દક્ષિણ ગુજરાતના ફાળે ગયો છે અને રાજ્ય સરકારે ૨૩૮૩ એકર જમીન સંપાદનની પ્રક્રિયા પણ શરૂ કરી છે.

## મેગા પાર્કમાં ૫૦ ટકા વિસ્તાર મેન્યુફેક્ચરિંગ પ્રવૃત્તિ માટે, ૨૦ ... યુટિલિટીઝ માટે અને ૧૦ ટકા વાણિજ્યિક પ્રવૃત્તિ માટે હશે

# કૃષિ અને પશુપાલન ક્ષેત્રે વૈશ્વિક સિધ્ધિઓ પ્રાપ્ત કરતો બનાસકાંઠા જિલ્લો

✎ રેસુંગ ચૌહાણ

બનાસ નદીના કિનારે વસેલા બનાસકાંઠા જિલ્લાનો પ્રદેશ ઘણો પ્રાચીન છે. હજારો વર્ષ પહેલાં અહીં દરિયો હતો. આ જિલ્લામાં ઘણા સ્થળોએ આવેલા પ્રાચીન અવશેષો એ બાબતની ગવાહી આપે છે કે હજારો વર્ષ પહેલાં પણ આ પ્રદેશમાં માનવજીવન ધબકતું હતુ. તેમજ આ પ્રદેશમાં ઘણી ઉથલપાથલ થઇ છે. એકવાર આ આખો પ્રદેશ આનર્તના નામે પણ ઓળખાતો હતો.

હાલ બનાસકાંઠા જિલ્લાની કુલ વસતિ (૨૦૧૧ મુજબ) ૩૧,૧૬,૦૪૫ છે. જિલ્લામાં કુલ ૧૪ તાલુકા, ૧૨ શહેરો અને ૧૨૪૯ ગામો છે. મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન છે. દાંતીવાડા, સીપુ અને મુક્તેશ્વર ડેમ આ જિલ્લામાં આવેલો છે.

અરવલ્લીના ડુંગરાઓ અને પ્રકૃતિના સૌદર્યમાં બિરાજતા આદ્યશક્તિ મા અંબાની પવિત્ર ભૂમિ પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી બનાસકાંઠા જિલ્લામાં આવેલું છે. વરસે આશરે બે કરોડ જેટલા માઇભક્તો દર્શનાર્થે આવે છે. તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને અત્યારે આપણા લોકપ્રિય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શન અને સુચનાથી અંબાજી ખાતે ૫૧ શક્તિપીઠોના મંદિરોનું નિર્માણ થતાં હવે માઇભક્તો દેશ વિદેશમાં આવેલ તમામ શક્તિપીઠોના દર્શન અંબાજી આવીને કરી શકે છે.

શક્તિ, ભક્તિ અને આસ્થાના પરમ કેન્દ્રબિંદુ સમાન વિશ્વ પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે તાજેતરમાં ત્રિ-દિવસીય શ્રી ૫૧ શક્તિપીઠ પરિક્રમા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અંબાજી ગબ્બર ખાતે રૂ. ૧૩.૩૫ કરોડના ખર્ચે નવનિર્મિત ભારતના સૌથી મોટા લાઇટ એન્ડ સાઉન્ડ શૉનો પ્રારંભ કરાવ્યો હતો. જે આવનારા સમયમાં અંબાજી તીર્થ ધામ માટે અનેરું આકર્ષણ કેન્દ્ર બનશે.

જિલ્લાના અમીરગઢ તાલુકામાં પ્રખ્યાત રીંછ અભ્યારણ્ય અને જેસોર હિલ છે. જિલ્લાનો પશ્ચિમ વિસ્તાર ભૂતકાળમાં રણ વિસ્તાર- સુક્કા અને ઉજ્જડ પ્રદેશ તરીકે ઓળખાતો હતો. પરંતુ હવે નર્મદાના નીરથી અહીં હરિયાળી અને સુખાકારી જોવા મળે છે.

**બનાસ ડેરી એશિયામાં નંબર વન :** ભૂતકાળમાં પછાત ગણાતા બનાસકાંઠા જિલ્લામાં સંખ્યાબંધ ક્ષેત્રોમાં નોંધપાત્ર વિકાસ થયો છે. પાલનપુર મુકામે આવેલ પ્રસિધ્ધ બનાસ ડેરી દૈનિક દૂધ સંપાદનમાં માત્ર ભારતમાં જ નહિ પરંતુ સમગ્ર એશિયા ખંડમાં પ્રથમ નંબરનું ગૌરવવંતુ સ્થાન ધરાવે છે. બનાસકાંઠા જિલ્લાના પશુપાલકો મબલખ દૂધ ઉત્પાદન કરી રહ્યા છે. જિલ્લાના પશુપાલકો બનાસ ડેરીમાં દૈનિક સરેરાશ આશરે ૯૦ લાખ લીટર દૂધ ભરાવે છે. મબલખ દૂધ ઉત્પાદન થવાથી જિલ્લાના પશુપાલકોની આવક અને સુખાકારીમાં નોંધપાત્ર પ્રગતિ થઇ છે. બનાસકાંઠા જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં જઇએ ત્યારે શ્વેતક્રાન્તિથી આવેલ સમૃધ્ધિ અને સુખાકારી જોઇને આનંદ થાય છે.

સમગ્ર દેશમાં બનાસકાંઠા એકમાત્ર એવો જિલ્લો છે જ્યાં એક જિલ્લામાં બે મોટી બનાસ ડેરી છે. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના હસ્તે બનાસકાંઠા જિલ્લાના દિયોદર નજીક સણાદર ખાતે ૧૫૧ વીઘામાં નિર્માણ પામેલ બનાસ ડેરી સંકુલ, પોટેટો પ્રોસેસિંગ અને પ્રોડક્ટ યુનિટ તથા દૂધવાણી કોમ્યુનીટી રેડીયો સ્ટેશન (FM 90.4)નું લોકાર્પણ કરવામાં આવ્યું છે. જેનાથી બનાસની શ્વેતક્રાંતિના ફળ અંતરીયાળ ગામડાના છેવાડાના માનવી સુધી સરળતાથી પહોંચશે.

**'સીમાદર્શન પ્રોજેક્ટ' :** બનાસકાંઠા જિલ્લાના સુઇગામ તાલુકાના નડાબેટ ભારત- પાકિસ્તાન આંતરરાષ્ટ્રીય સરહદ ખાતે નિર્મિત 'સીમાદર્શન પ્રોજેક્ટ'નું ખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિતિમાં કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના હસ્તે તાજેતરમાં લોકાર્પણ કરવામાં આવ્યું હતુ. સીમાદર્શન પ્રોજેક્ટ અંતર્ગત રૂ. 125









કરોડના ખર્ચે પ્રવાસીઓ માટે તમામ પ્રકારની અદ્યતન સુવિધાઓ અને વિશેષ આકર્ષણો વિકસિત કરવામાં આવ્યા છે. પ્રવાસન વિભાગ દ્વારા બોર્ડર ટુરિઝમના વિકાસ માટે 'ટી-જંક્શન', ઝીરો પોઇન્ટ તથા ટી-જંક્શનથી લઈને ઝીરો પોઇન્ટ સુધીના રસ્તા પર વિવિધ વિકાસકાર્યો કરવામાં આવ્યા છે. સીમા દર્શન ખાતે 'સરહદગાથા' પ્રદર્શન કેન્દ્ર અને મ્યૂઝિયમ, ડેકોરેટિવ લાઈટિંગ, સોલાર ટ્રી તેમજ સોલાર રૂફટોપની સુવિધાઓ વિકસિત કરાઈ છે. પ્રવાસીઓ ભારત-પાકિસ્તાન બોર્ડરનો નજારો જોવાનો રોમાંચક અનુભવ પણ કરી શકે તે માટે બીએસએફ દ્વારા બીટિંગ રિટ્રીટ સમારોહનો પણ આરંભ કરાયો છે.

**શિક્ષણમાં અગ્રેસર :** સરકારશ્રીના શિક્ષણ માટેના વિવિધ સક્રિય અભિયાનોને લીધે ભૂતકાળમાં શિક્ષણ ક્ષેત્રે પછાત ગણાતા બનાસકાંઠા જિલ્લાએ છેલ્લા દોઢેક દાયકામાં હરણફાળ વિકાસ કર્યો છે. જિલ્લામાં પુરતા પ્રમાણમાં પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ, કોલેજો, આઇ.ટી. આઇ., પોલીટેકનીક, એન્જીનિયરીંગ કોલેજ, કૃષિ યુનિવર્સિટીની વિવિધ સ્કૂલો અને કોલેજો કાર્યરત છે. જેમાં વિધાર્થીઓ ઉજ્જવળ કારકિર્દીનું ઘડતર કરી રહ્યા છે. કુલ-૨૮૮ સરકારી આઇ.ટી.આઇ. પૈકી બનાસકાંઠા જિલ્લાની નોડલ આઇ.ટી.આઇ. પાલનપુરને રાજ્યની શ્રેષ્ઠ આઇ. ટી.આઇ. તરીકેનું પારિતોષિક એનાયત થયું છે.

**મેડિકલ કોલેજની સુવિધા :** ઘણા વર્ષોથી મેડિકલ કોલેજ મેળવવાની રાહ જોતા લાખો બનાસવાસીઓનું સપનું હવે સાકાર થયું છે. પાલનપુર નજીક આવેલ મોરીયા- પારપડા ખાતે મેડિકલ કોલેજની સુવિધા ઉપલબ્ધ બનાવાઇ છે. ૨૨ એકર જમીનના વિશાળ સંકુલમાં મેડિકલ કોલેજ સાથે ૭૦૦ બેડની અતિ આધુનિક સુવિધાઓ ધરાવતી હોસ્પિટલ પણ બનશે ઉપરાંત ડીસા, થરાદ, ભાભર અને અંબાજી મુકામે સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પીટલો, ૨૭ સામૂહિક આરોગ્ય કેન્દ્રો, ૧૨૫ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો, ૭૫૯ સબસેન્ટરો, ૧૪ બ્લોક હેલ્થ ઓફિસો વગેરે પ્રજાની આરોગ્ય સુવિધા માટે કાર્યરત છે.

**પીવાના પાણીની વ્યાપક વ્યવસ્થા :** બનાસકાંઠા જિલ્લામાં તમામ ગામો અને શહેરોમાં પીવાના પાણીની સ્થિતિ ખૂબ સારી અને સંતોષજનક છે. જિલ્લામાં છેવાડાના કે અંતરિયાળ વિસ્તારના નાના ગામડા સુધી લોકોને પીવાનું પાણી સરળતાથી અને પુરતા પ્રમાણમાં મળે છે. જિલ્લામાં કુલ ૧૧૦૫ ગામોને વિવિધ જૂથ પાણી પુરવઠા યોજનાઓ હેઠળ આવરી લેવામાં આવ્યા છે. બનાસકાંઠા જિલ્લામાં ૯૫.૯૧ ટકા ઘરોમાં નળ કનેકશનથી ઘેર ઘેર પાણી આપવામાં આવે છે. ભાભર, દિયોદર, કાંકરેજ, લાખણી, સુઇગામ, થરાદ અને વાવ તાલુકાના ૪૭૭ ગામોને નર્મદા કેનાલ આધારીત જૂથ યોજનાનું જોડાણ આપવામાં આવ્યું છે. ●







## બનાસકાંઠાના ખેડૂતોની પડખે અડિખમ સરકાર

- પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં ૪,૫૬,૭૭૮ ખેડૂત કુટુંબોને લાભ આપવામાં આવ્યો છે. જે સમગ્ર રાજ્યમાં પ્રથમ ક્રમે છે.
- પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના અંતર્ગત ૧ થી ૯ હપ્તામાં બનાસકાંઠા જિલ્લામાં ૪,૭૨,૩૧૩ ખેડૂતોને રૂા.૨૦૦૦ લેખે કુલ રૂ. ૭૨૨.૭૮ કરોડની માતબર રકમ ભારત સરકારશ્રી દ્વારા ખેડૂતોના બેંક ખાતામાં સીધી જમા કરવામાં આવી છે.
- છેલ્લા પાંચ વર્ષમાં સરકારશ્રી દ્વારા કમોસમી વરસાદ, આકસ્મિક તેમજ અનિયમિત વરસાદને કારણે ખેતી પાકોને થયેલ નુકશાન પેટે ૧,૫૧,૦૯૧ ખેડૂતોને રૂ. ૧૦૯૭.૯૧ કરોડ ચૂકવવામાં આવ્યા છે.
- વર્ષ -૨૦૨૧-૨૨ માં ટ્રેક્ટર, ટ્રેક્ટર સંચાલિત સાધનો અને ફાર્મ મિકેનાઇઝેશન ઘટકોમાં કુલ-૭૬૮૬ ખેડૂતોને રૂ. ૩૦.૧૩ કરોડની સહાય ચૂકવવામાં આવી છે.
- બનાસકાંઠા જિલામાં છેલ્લા પાંચ વર્ષમાં ખેતી વિભાગમાં તમામ ઘટકો સહિત યોજનાકીય સહાય પેટે ૩,૧૧,૬૮૨ લાભાર્થી ખેડૂતોને રૂ. ૧૭૯.૪૦ કરોડની સહાય ચુકવવામાં આવી છે. જે પૈકી ટ્રેક્ટર ઘટકમાં જિલ્લાના ૧૨,૮૧૪ લાભાર્થી ખેડૂતોને રૂ. ૬૦.૮૧ કરોડની સહાય ચૂકવવામાં આવી છે.
- બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં કુલ રૂ. ૧૩૧૭ કરોડના મૂલ્યની વિવિધ જણસીઓ (મગફળી, રાયડો) ની ટેકાના ભાવે ખરીદી કરી, જેમાં જિલ્લાના અંદાજીત ૧.૪૭ લાખ ખેડૂતોએ લાભ લીધો છે.
- બનાસકાંઠાનો ડીસા તાલુકો બટાકા પાકના હબ તરીકે ઊભરી આવ્યો છે. ખેડૂતોને બટાકાનું સારું વળતર મળે તે માટે બટાટામાં મૂલ્યવર્ધન કરતી નામાંકિત કંપનીઓ દ્વારા અંદાજે ૫,૦૦૦ હેક્ટર વિસ્તારમાં કોન્ટ્રાક્ટ ફાર્મીંગ પણ થયું છે. બનાસકાંઠામાં અત્યાર સુધીમાં કુલ-૨૦૦ જેટલા કોલ્ડ સ્ટોરેજની માળખાકીય સુવિધા ઉભી થઇ છે. જેના થકી ૧૦-૧૨ લાખ મેટ્રીક ટન બટાકાની સંગ્રહશક્તિ જિલ્લામાં ઊભી થઇ છે. ●



## મુનલાઇટ પ્રોજેક્ટથી ઉર્જા બચતનો સંદેશ

ઉર્જા વિકાસનું માધ્યમ હોવાથી તેનો વિવેકપૂર્ણ ઉપયોગ કરાય તો પર્યાવરણની રક્ષા સાથે કોલસા જેવા પ્રાકૃતિક સંસાધનોનો વપરાશ ઓછો થાય અને સરવાળે દેશને ફાયદો થાય. આવો જ પ્રયાસ ગાંધીનગર વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવ્યો હતો. પૂનમે સ્ટ્રીટ લાઇટ બંધ કરી ઉર્જા બચત સાથે પ્રકૃતિને માણવાની તક પાટનગરવાસીઓને મળી હતી. મુનલાઇટ પ્રોજેક્ટની પ્રશંસા કરતા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે જણાવ્યું હતું કે, પૂનમની રાત્રે ચંદ્રના પ્રકાશનો મહત્તમ ઉપયોગ કરીએ અને વીજળીનો વપરાશ ઘટાડીએ તો મોટા પ્રમાણમાં વીજળીની બચત થઇ શકશે. રાજયપાલશ્રીએ ઉર્જા બચતને સ્વભાવ બનાવવા અપીલ પણ કરી હતી.



## સ્ટાર્ટઅપ-ઇનોવેશન ક્ષેત્રે ગુજરાત અગ્રેસર

સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ-ઇનોવેશન ક્ષેત્રે ગુજરાતમાં નોંધપાત્ર કામગીરી થઈ છે. સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમના વિકાસ માટે કેન્દ્ર સરકાર તમામ જરૂરી સહયોગ કરવા તત્પર છે. તાજેતરમાં પંડિત દિનદયાલ એનર્જી યુનિવર્સીટી (PDEU), ગાંધીનગરમાં કેન્દ્રીય કૌશલ્ય વિકાસ રાજ્ય મંત્રી શ્રી રાજીવ ચંદ્રશેખરે ઇનોવેશન એન્ડ ઈન્ક્યુબેશન સેન્ટરની મુલાકાત કરી હતી. આ અવસરે કેન્દ્રીય મંત્રી શ્રી ચંદ્રશેખર, શિક્ષણ મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણી, શિક્ષણ રાજ્ય મંત્રી ડૉ. કુબેરભાઈ ડિંડોરે ઇનોવેશન અને સ્ટાર્ટઅપની વિગતો મેળવી વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો.



## કચ્છમાં જી-નીટ કોચીંગ સેન્ટરનો પ્રારંભ

કચ્છ જિલ્લાના વિજ્ઞાન પ્રવાહ શિક્ષણમાં ૧૧ સરકારી અને ૭ ગ્રાન્ટેડ વિજ્ઞાન પ્રવાહની શાળાઓના પસંદ કરાયેલા ૫૦૦ તેજસ્વી વિદ્યાર્થીઓ માટે રૂ.૬૩.૫૦ લાખના ખર્ચે જી-નીટ કોચીંગ સેન્ટરનો વિધાનસભા અધ્યક્ષા શ્રી ડો.નીમાબહેન આચાર્યે વર્ચ્યુઅલ પ્રારંભ કરાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, ડિસ્ટ્રીકટ મિનરલ ફંડમાંથી જિલ્લામાં JEE અને NEETના કોચીંગ કલાસ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ માટે આવકારદાયક પહેલ છે. આ પ્રસંગે શિક્ષણ રાજય મંત્રી શ્રી કીર્તિસિંહ વાઘેલાની ઉપસ્થિતિમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સબંધિત ત્રણ MOU કરાયા હતા.



## વડોદરા જિલ્લામાં આગળ વધી રહેલી વિકાસયાત્રા

ડેસરમાં રૂ.૧.૭૩ કરોડના ખર્ચે એસ.ટી.ડેપોનું ભૂમિપૂજન અને રૂ.૭૧.૧૪ કરોડના ખર્ચે થનારા માર્ગ વિકાસના ૧૩ કામોનું ખાતમુહૂર્ત માર્ગ મકાન મંત્રી શ્રી પૂર્ણેશ મોદીએ કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, લોકોને વિવિધ પ્રકારની પરિવહન સુવિધાઓ દ્વારા મહત્તમ કનેકટીવિટી ઉપલબ્ધ કરાવવામાં ગુજરાત દેશમાં મોખરે છે. મંત્રીશ્રીએ ડભોઇ તાલુકાના વેગા ગામે અને ડભોઇ ખાતે માર્ગ વિકાસના ૧૫ કામોનું ખાતમુહૂર્ત કર્યુ હતું. આ વિકાસકાર્યો પાછળ રૂ.૧૨૦૪૩ લાખથી વધુનો ખર્ચ કરવામાં આવશે.



## સુરત માટે મહુવેજ પાણી પુરવઠા યોજના

સુરતના પાલોદ ગામે જિલ્લાના ૩૪ ગામોને લાભ આપવા રૂ.૧૨૬ કરોડની મહુવેજ જૂથ પાણી પુરવઠા યોજનાનું ખાતમુહૂર્ત કરતા પાણી પુરવઠા મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારની 'જળ જીવન મિશન'ની ગ્રાન્ટનો ગુજરાત કાર્યક્ષમ ઉપયોગ કરે છે. આદિજાતિ વિકાસ મંત્રી શ્રી નરેશભાઈ પટેલે જણાવ્યું કે, રાજ્ય સરકાર આવનારા ૫ વર્ષનો રોડમેપ બનાવી પાણી સુવિધા માટે રૂ.૫૦૦ કરોડ ખર્ચશે. આ વેળાએ નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, પાણી પુરવઠા રાજ્યમંત્રી શ્રી જીતુભાઈ ચૌધરી, કૃષિ રાજ્યમંત્રી શ્રી મુકેશભાઈ પટેલ ઉપસ્થિત રહ્યાં હતા.



## પાણશીણા અને ધ્રાંગધ્રા વીજ કચેરીનું લોકાર્પણ

લીંબડીમાં પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ પાણશીણા પેટા વિભાગીય કચેરીનું લોકાર્પણ નાણાં મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ તેમજ પર્યાવરણ મંત્રી શ્રી કિરીટસિંહ રાણાની ઉપસ્થિતિમાં કરાયું હતું. જ્યારે કંપનીની ધ્રાંગધ્રા વિભાગીય કચેરીનું નાણા મંત્રીશ્રી તેમજ કેન્દ્રીય રાજ્ય મંત્રી શ્રી મહેન્દ્રભાઈ મુંજપરાની ઉપસ્થિતિમાં લોકાર્પણ કરાયું હતું. આ પ્રસંગે નાણા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, પાણશીણા અને ધ્રાંગધ્રાની વીજ કચેરીથી આ વિસ્તારના વીજ ગ્રાહકોને ઉત્તમ સેવા મળશે. પર્યાવરણ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, લીંબડી તાલુકાના કાંઠાના ગામોમાં પૂરતા દબાણથી નિયમિત વીજપૂરવઠો પૂરો પાડવામાં આવી રહ્યો છે.



## રાવલમાં ઓક્સિજન પ્લાન્ટનું લોકાર્પણ

દેવભૂમિ દ્વારકાના રાવલમાં કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં ટાટા કેમિકલ્સના સહયોગથી ૨૦૦ LPH પીએસએ ક્ષમતાના ઓક્સિજન પ્લાન્ટનું લોકાર્પણ કર્યું હતું. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કોરોનાની મહામારીમાં સારવાર માટે અદ્યતન મેડિકલ સુવિધા ઊભી કરવામાં આવી હતી. હજુ પણ તકેદારીના ભાગરૂપે સંપૂર્ણ આયોજન કરવામાં આવ્યું છે. ફરી મહામારીના આવે તે માટે મંત્રીશ્રીએ નાગરિકોને કોરોનાની રસીનો બાકી ડોઝ લેવા અપીલ કરી હતી.



## વલસાડ કેશ-ક્રેડિટ લોન આપવામાં પ્રથમ

વલસાડ જિલ્લામાં ૨૦૨૨-૨૩ના વર્ષમાં ૮૫૬ કેશ-ક્રેડિટ લોન વિતરણ કરાવી સમગ્ર ગુજરાતમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન અંતર્ગત વલસાડમાં પાણી પુરવઠા રાજ્ય મંત્રી જીતુભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં ક્રેડિટ કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં વલસાડ જિલ્લાના ૧૩૫૯ સ્વસહાય જૂથોને રૂા. ૧૩.૫૯ કરોડનું કેશક્રેડિટ ધિરાણ અને ૨૩ ગ્રામ સખીસંઘને રૂા.૧.૬૧ કરોડનું કોમ્યુનિટી ઈન્વેસ્ટમેન્ટ ફંડની ફાળવણી કરાતાં કુલ રૂા. ૧૫.૨૦ કરોડની રકમ સ્વસહાય જૂથ અને ગ્રામ સખીસંઘોને ફાળવવામાં આવી હતી.



## એમ્બ્યુલન્સનું સફાઇકર્મીએ કર્યું લોકાર્પણ

મોરબી જનરલ હોસ્પિટલ ખાતે આઇ.સી.યુ. ઓન વ્હીલ એમ્બ્યુલન્સ શ્રમ રાજ્ય મંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજાની ઉપસ્થિતિમાં સફાઇ કર્મીઓના હસ્તે લોકાર્પિત કરવામાં આવી હતી. મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, મોરબી સરકારી હોસ્પિટલમાં સારવાર લેવા આવતા દર્દીઓ માટે આ એમ્બ્યુલન્સ દર્દીઓને વધુ ઉપયોગી થશે. આ ઉપરાંત મોરબી-માળીયા વિસ્તારના સિંચાઇ તેમજ પીવાના પાણી પ્રશ્ને યોજાયેલી બેઠકમાં મંત્રીશ્રીએ સૌની યોજના અંતર્ગત વધુ ગામડાઓનો સમાવેશ કરવા માર્ગદર્શન આપ્યું હતું. તદઉપરાંત બ્રાહ્મણી ડેમનું પાણી ફક્ત પીવાના પાણી તરીકે જ ઉપયોગમાં લેવાના આયોજન અંગે સમીક્ષા કરવામાં આવી હતી.



## વિજાપુરમાં ટાઉનહોલ જનસમર્પિત

મહેસાણાના વિજાપુરમાં રૂ.૨૪.૪૨ કરોડના ખર્ચે નિર્મિત ટાઉનહૉલનું લોકાર્પણ આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ અને શહેરી વિકાસ રાજ્ય મંત્રી શ્રી વિનોદભાઈ મોરડિયાએ કર્યું હતું. આ પ્રસંગે આરોગ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, આ ટાઉનહૉલ વિજાપુર અને આસપાસનાં લોકોને નજીવા દરે ઉપલબ્ધ બનશે. શહેરી વિકાસ રાજ્ય મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, પાલિકા-મહાનગરપાલિકાના કોઇ કામ નાણાંના અભાવે અટકશે નહીં. આ કાર્યક્રમમાં સખી મંડળની બહેનોને રિવૉલ્વિંગ ફંડ પણ આપવામાં આવ્યું હતું.



## ઓલપાડની વિકાસની દિશામાં આગેકૂચ

સુરત જિલ્લાના ઓલપાડના ૧૬ ગામમાં રૂા.૨૨.૨૮ કરોડના ખર્ચે વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કૃષિ રાજ્ય મંત્રી શ્રી મુકેશભાઈ પટેલના હસ્તે કરવામાં આવ્યું હતું. કરંજ ગામે રૂા.૯૪ લાખના ખર્ચે કરંજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રનું ભૂમિપૂજન તથા રૂા.૨૫ લાખના ખર્ચે નિર્મિત થયેલા પેટા આરોગ્ય કેન્દ્રનું લોકાર્પણ કરાયું હતું. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, કરંજ ગામમાં જ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર નિર્માણ થતા ગામના લોકોને આરોગ્ય બાબત યોગ્ય સારવાર પ્રાપ્ત થશે.



## ઉત્તમ આરોગ્ય સુવિધા આપવા કટિબદ્ધતા

મહીસાગરના લુણાવાડાની જનરલ હોસ્પિટલ સહિત બારેલા, કડાણા, સંતરામપુર સહિત વિવિધ સામૂહિક/પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોની આરોગ્ય રાજય મંત્રી શ્રી નિમિષાબેન સુથારે મુલાકાત લઇ દર્દીઓ સાથે સીધો સંવાદ સાધ્યો હતો. મંત્રીશ્રીએ નાગરિકોને મોટી સુપર અને સ્પેશ્યાલિટી હોસ્પિટલો પ્રકારની સારવાર-નિદાન અને સ્ક્રિનીંગ સુવિધાઓ ઉપલબ્ધ બનાવવા સરકાર કટિબધ્ધ હોવાનું જણાવ્યું હતું. તેમણે તબીબો, નર્સિંગ સ્ટાફ અને આરોગ્યના અધિકારીઓ સાથે ચર્ચા-વિચારણ કરી જરૂરી વિગતો મેળવી હતી.



## માલધારી સમાજના ૩૭ પરિવારોને પ્લોટ અપાયા

મોરબીના ખીજડીયા ગામના માલધારી સમાજના ૩૭ લાભાર્થી પરિવારોને પશુપાલન રાજ્ય મંત્રી શ્રી દેવાભાઇ માલમના હસ્તે સનદ વિતરણ કરાયું હતું. આ પ્રસંગે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સરકાર દ્વારા અનેક યોજનાઓ થકી છેવાડાના ગરીબ અને જરૂરીયાતમંદ લોકોને લાભો આપવામાં આવી રહ્યા છે. ત્યારે પ્લોટની ફાળવણીથી લાભાર્થી તમામ પરિવારોને કાયમી આસરો મળશે અને તેમની પ્રગતિના દ્વાર ખુલશે. આ કાર્યક્રમમાં પૂર્વ ધારાસભ્ય શ્રી બાવનજીભાઇ મેતલીયા સહિતના અગ્રણીઓ તેમજ સ્થાનિક લોકો ઉપસ્થિત રહ્યા હતા.



## મહીસાગરની સખીમંડળોને ધિરાણ

ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની અને મહીસાગર-લુણાવાડાની જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા દીનદયાળ અંત્યોદય યોજના, રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન સ્વસહાય જૂથો માટે સહાય આપવામાં આવી હતી. લુણાવાડામાં જિલ્લાના ૨૧૯ સખી મંડળોને વિવિધ બેંકના ક્રેડીટ કેમ્પ દ્વારા મંજૂર કરવામાં આવેલા રૂા. ૨૪૩ લાખના ધિરાણના ચેક રાજયના ઉચ્ચ અને તાંત્રિક શિક્ષણ રાજય મંત્રી શ્રી કુબેરભાઇ ડીંડોર, લુણાવાડાના ધારાસભ્ય શ્રી જીજ્ઞેશભાઇ સેવક અને મહાનુભાવોના હસ્તે એનાયત કરવામાં આવ્યા હતા.

## ગુજરાત-ઉત્તરપ્રદેશ મૈત્રી દિવસની લખનઉમાં ભવ્ય ઉજવણી





ઉત્તરપ્રદેશનાં લખનઉ ખાતે તાજેતરમાં ગુજરાત-ઉત્તર પ્રદેશ મૈત્રી દિવસ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં ગુજરાતનાં કલાકારો દ્વારા ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યા હતા. લખનઉના સંત ગાડગેજી મહારાજ ઓડિટોરીયમ ખાતે "એક ભારત શ્રેષ્ઠ ભારત" યોજના અંતર્ગત આયોજિત આ કાર્યક્રમમાં ઉત્તર પ્રદેશના રાજ્યપાલ શ્રીમતી આનંદીબેન પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતાં.

ઉત્તરપ્રદેશ અને ગુજરાત વચ્ચે સાંસ્કૃતિક આદાન-પ્રદાન વિશે રાજ્યપાલ શ્રી આનંદીબહેન પટેલે કહ્યું હતુ કે યુવા પેઢી અને એમા પણ ખાસ કરીને નવોદિત કલાકારો માટે આ બાબત સંજીવની સાબિત થશે. આ સાથે બન્ને રાજ્યોની સાંસ્કૃતિક વિરાસત વધુ મજબૂત બનશે અને બન્ને રાજ્યોના નાગરિકો એકબીજાની વધુ નજીક આવી શકશે. આ પ્રકારના કાર્યક્રમોનું આયોજન ખરા અર્થમાં એક ભારત શ્રેષ્ઠ ભારત બનાવી શકે છે. તેથી બન્ને રાજ્યોની સંસ્કૃતિને સતત પ્રોત્સાહન મળવુ જોઈએ. ઉત્તરપ્રદેશના કલાકારો દ્વારા રજુ કરવામાં આવેલા ચરકુલા નૃત્ય નિહાળી રાજ્યપાલશ્રીએ ઉમેર્યુ હતું કે આ નૃત્ય વ્રજની હોળીના ગૌરવ સમાન છે અને તેનો ઉદભવ રાધારાણીના જન્મ સાથે જોડાયેલો છે. ગુજરાતથી ઉત્તર પ્રદેશ પધારેલા તમામ ગ્રુપને રાજ્યપાલ શ્રીમતી આનંદીબેન પટેલે સન્માનિત કર્યા હતા.

ગુજરાત સ્થાપના દિવસના ઉપલક્ષ્યમાં યોજાયેલ ઉત્તરપ્રદેશ ગુજરાત-મૈત્રી દિવસ કાર્યક્રમમાં ગુજરાતનાં કલાકારોએ નર્મદા અષ્ટકમ, ડાંગી નૃત્ય, તલવાર રાસ અને મણિયારો રાસ રજૂઆત કરવામાં આવ્યા હતા. જ્યારે ઉત્તરપ્રદેશના કલાકારો દ્વારા ચરકુલા નૃત્ય, લઠ માર, ફુલોની હોળી તથા કરમા નૃત્ય રજૂ કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ઉત્તરપ્રદેશના મુખ્ય સચિવશ્રી, અયોધ્યા શોધ સંસ્થાનના નિદેશક શ્રી લવકુશ દ્વિવેદી તથા ગુજરાત અને ઉત્તર પ્રદેશના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. ●

# સરકારની સહાયથી પ્રકાશભાઈએ દીકરાનું સ્વપ્ન કર્યું પૂર્ણ

**પરિમલ પટેલ**

વિદેશમાં અભ્યાસ કરી પોતાના સુવર્ણ ભવિષ્યની કેડી કંડારવાનું અનેક નવયુવાનોનું સ્વપ્ન હોય છે. આ સ્વપ્ન ઘણા યુવાનોનું પૂર્ણ થતું નથી. પરંતુ ગાંધીનગરમાં સેવખમણીની લારી ચલાવતા પ્રકાશભાઇ પટેલે સરકારની સહાયથી આત્મનિર્ભર બની પોતાના દીકરાના વિદેશ અભ્યાસ કરવાના સ્વપ્નને સાકાર કર્યું છે.




પ્રકાશભાઇ પટેલ અમદાવાદ જિલ્લાના વિરમગામ તાલુકાના શિવપુરા ગામના મૂળ વતની છે. ધોરણ- ૮ સુધી ભણેલા પ્રકાશભાઇએ છેલ્લા ૧૭ વર્ષથી ગાંધીનગરમાં ધંધા - રોજગાર અર્થે વસવાટ કરી રહ્યા છે. પ્રકાશભાઈ પોતાના દીકરાની વાત માંડતા કહ્યુ હે કે, મારા દીકરા સાહિલને અભ્યાસ કરવા વિદેશમાં જવાની ઇચ્છા હતી, તેવું કહી પલકવાર માટે તેઓ અટકી ગયા હતા. થોડાક ધીમા સ્વરે બાલ્યા કે, કોરોનાના કારણે ખાણીપીણીના ધંધામાં ભારે મંદી આવી હતી. આર્થિક મંદીનો અનુભવ થતો હતો. એક સમયે આ ધંધો હવે, ચાલશે કે નહિ, તેવી પણ ચિંતા થતી હતી. કોરોનાની લહેર સરકારના રસીકરણ અભિયાનના કારણે ધીમી પડી ગઇ હતી. ધંધા - રોજગાર ખુલવા માંડયા હતા. તેના સાથે રોજગારની એક નવી આશા જીવંત બની હતી.

આ સમયે રાજય સરકાર દ્વારા અમારા જેવા લારી - ગલ્લાવાળાઓને મદદ રૂપ થવા માટે પ્રધાનમંત્રી સ્વનિધિ યોજના અમલી બનાવી હતી. જે અમારા જેવા નાના વ્યવસાયકારો માટે આર્થિક રીતે તુટેલી કમરને ટેકો આપવાનું કામ આ યોજના થકી સરકારે કર્યું. આ અંગેની મને જાણ થતાં મે ગાંધીનગર મહાનગરપાલિકાનો સંપર્ક કર્યો હતો. તેમણે માંગેલા યોગ્ય પુરાવવા મે તેમને આપતાં માત્ર ગણતરીના દિવસોમાં મને રૂપિયા ૧૦ હજારની લોન મળી ગઇ હતી. તે સમયે આ નજીવી કહી શકાય તેવી રકમ મારા માટે લાખો રૂપિયા બરાબર હતી. આ લોનની સહાય મળતા અને કોરોનાનો કેર ઘટતા લોકો સામાન્ય જીવન પર આવવા લાગ્યા હતા. મારો ફાસ્ટ ફૂડનો સ્ટોલ પહેલાની જેમ ધમધમવા લાગ્યો હતો. જેના પરિણામે આજે હું મારો વ્યવસાય પહેલાની જેમ કરવા લાગ્યો છું.

આ સહાયના કારણે મને ધંધામાં માલ-સામાન ભરવામાં અનુકૂળતા રહી હતી. મારા દીકરાને વિદેશ અભ્યાસ માટે મોકલી શકીશ તેવો આત્મવિશ્વાસ પણ મને મળ્યો છે. આજથી ત્રણ માસ પહેલા જ મારો દીકરો કેનેડામાં બિઝનેશ મેનેજમેન્ટ અંગેનું ભણવા લાગ્યો છે. ●

# પોરબંદરનાં જાગૃતિબેનને મળ્યો યોજનાનો લાભ

**નરેશ મહેતા**



કલ્પનાબેન હરખાણી તેમના પતિ સાથે પોરબંદરના કડિયા પ્લોટમાં રહે છે. તેમના ૩૭ વર્ષના નણંદ જાગૃતિબેન દિવ્યાંગ છે. જાગૃતિબેનને પગ નથી પરંતુ તેમનામાં કામ કરવાની હિંમત અને જોશ છે. પિતાના અવસાન પછી જાગૃતિબેન ભાઈ-ભાભી સાથે રહે છે. જ્યારે પણ જાગૃતિબેનને બહાર જવું હોય ત્યારે તે હાથે ઊંચકીને સાથે લઈ જાય છે. કલ્પનાબેન અને તેના પતિ દિવ્યાંગ જાગૃતિબેનને લઈને જતા હતા ત્યારે રસ્તામાં માહિતી ખાતાના પ્રકાશન તેમજ માહિતી ખાતાના કર્મચારીઓ દ્વારા સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી યોજનાની માહિતી રૂબરૂ જ આપવામાં આવી. આ માહિતીના આધારે તેઓ પોરબંદરના જિલ્લા સેવા સદન-2 માં જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી શ્રી મયુર મોરીને મળ્યા. આ પરિવારો પાસે ડોક્યુમેન્ટ પણ હતા. જાગૃતિબેન એ પોતાને પગભર થવું છે, તેમ જણાવી સિલાઈ મશીનની જરૂરિયાત છે તે વાત કરતાં તાત્કાલિક સ્થળ પર જ તેમનું ફોર્મ ભરાવી મંજૂર કરવાની કાર્યવાહી કરવામાં આવી. તેમજ એસટીમાં મફત મુસાફરીનો લાભ મળે તે માટેનું ફોર્મ ભરવામાં આવ્યુ.

વાત આટલેથી ન અટકી, કર્મચારીઓ દ્વારા દિવ્યાંગ લાભાર્થીઓને મળતા તમામ લાભો મળે તે માટે કાર્યવાહી કરવામાં આવી. સરકારની આવી ત્વરિત કામગીરી જોઈને કલ્પનાબેને ભાવવિભોર સ્વરે જણાવ્યુ કે, સરકારની કલ્યાણકારી યોજના અમારા જેવા નાના માણસો માટે ખૂબ ઉપયોગી છે. સમાજ કલ્યાણ કચેરી દ્વારા પણ તેમને મળવાપાત્ર લાભની માહિતી આપવામાં આવી. લાભાર્થીએ કહ્યું સમાજ સુરક્ષા કચેરીની એક જ મુલાકાતમાં "અમારું કામ થઈ ગયું છે અને અમારી સાથે બીજા અરજદાર હતા તેમણે પણ સરકાર, જિલ્લા વહીવટીતંત્ર અને જિલ્લા સમાજ સુરક્ષા સમાજ કલ્યાણ કચેરીની કામગીરી અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો. ●

# રાજ્ય સરકારે લીધા ત્વરિત જનહિતલક્ષી નિર્ણયો...

રાજ્ય સરકારે ગૌ માતાઓના જતન-સંવર્ધન માટે મુખ્યમંત્રી ગૌ માતા પોષણ યોજના અંતર્ગત રાજ્યમાં રજીસ્ટર્ડ ગૌશાળાઓને પશુ દીઠ રૂ.૩૦ની સહાય ગત તા.૧લી એપ્રિલ-૨૦૨૨થી આપવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં લેવાયેલ નિર્ણયોની વિગતો આપતા મંત્રી શ્રી જિતેન્દ્રભાઈ વાઘાણીએ જણાવ્યુ હતુ કે, રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રીએ ગૌ માતા સંરક્ષણ માટે અંદાજપત્રમાં રૂ.૫૦૦ કરોડની મુખ્યમંત્રી ગૌ માતા પોષણ યોજના જાહેર કરી છે. જેમાં રજિસ્ટર્ડ પાંજરાપોળોમાં ૪.૪૨ લાખથી વધુ પશુધન છે તેઓને સહાયરૂપ થવા આ નિર્ણય કરાયો છે.



આ ઉપરાંત પાંજરાપોળોમાં ગોબર આધારિત બાયોગેસ પ્લાન્ટના નિર્માણ માટે પણ રૂ.૨ કરોડની સહાય અપાશે. જેમાં ૧૪ એકર જમીન તથા ૧૦૦૦થી વધુ પશુ નિભાવ હોય તેને આ યોજનાનો લાભ મળશે.

ગુજરાતમાં ઇઝ ઓફ ડુઈંગ બિઝનેસ તથા મિનિમમ ગવર્નમેન્ટ, મેક્સિમમ ગવર્નન્સની સંકલ્પનાને સાકાર કરવા વર્ષ ૧૯૮૧ના કાયદા હેઠળ એલ.પી.જી. ગેસ ડિલરોને ગેસ સિલિન્ડરના વિતરણ અને વેચાણ માટે પુરવઠા ખાતા પાસેથી લેવામાં આવતા નવા પરવાનામાંથી મુક્તિ આપવામાં આવી છે. આ સિવાય હયાત પરવાનાની મુદત પુરી થતા ડિલરોએ પરવાનાને રિન્યુ કરાવવાનો રહેશે નહી. આ નિર્ણયનો લાભ રાજ્યના આશરે ૧૦૦૦ જેટલા એલ.પી.જી. ડિસ્ટ્રિબ્યુટર્સને મળશે.

મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતમાં નવા વિકાસ કામોના ટેન્ડરની પ્રક્રિયા ઝડપી બને અને વિકાસ કામોના ખાતમુહૂર્તના કામોની તારીખ નક્કી થાય તે માટે સંબંધિત વિભાગોને સૂચના પણ આપવામાં આવી છે.

મોરબીના હળવદ જીઆઇડીસીમાં દીવાલ પડવાની ઘટનામાં ૧૨ શ્રમિકોના દુઃખદ મૃત્યુ થયા છે અને ૨૦ જેટલા શ્રમિકો ઈજાગ્રસ્ત થયા છે. આ તમામ શ્રમિકો પ્રત્યે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે સંવેદના વ્યક્ત કરી છે. વડાપ્રધાનશ્રીએ પ્રાઈમ મીનીસ્ટર નેશનલ રિલિફ ફંડમાંથી મૃતકોના પરિવારોને રૂ.બે લાખ તેમજ મુખ્યમંત્રીશ્રીએ મુખ્યમંત્રી રાહત ફંડમાંથી રૂ. ૪ લાખ સહાય આપવાનું જાહેર કર્યું છે આ ઉપરાંત ઈજાગ્રસ્તોને રૂ. ૫૦ હજારની સહાય તેમજ તેમના સારવારનો તમામ ખર્ચ રાજ્ય સરકાર આપશે.

મહેસૂલ વિભાગ દ્વારા ૨૪ જેટલા જમીનોને લગતા ઈનામી કાયદાઓમાં નોધપાત્ર સુધારાઓ કર્યાં છે. જેના પરિણામે ખેડૂતોના નવી શરત અને જૂની શરતના મોટા ભાગના પ્રશ્નો હલ થયા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા દેશની આઝાદીના ૭૫ વર્ષની યાદમાં આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી કરાઈ રહી છે. જે હેઠળ દેશભરના તમામ જિલ્લામાં ૭૫ અમૃત સરોવર નિર્માણનું કામ હાથ ધરાયું છે એ ક્ષેત્રે પણ ગુજરાતમાં કામગીરી શરૂ કરી દેવાઇ છે જે માટે સંબંધિતોને સત્વરે કામો પૂર્ણ કરવા સૂચનાઓ આપી દેવાઇ છે.

રાજ્યભરમાં સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત ૫૬ જેટલી સરકારી સેવાઓ ઘર બેઠાં ઉપલબ્ધ કરાવવામાં આવે છે. સેવા સેતુના આઠમા તબક્કાના બીજા રાઉન્ડમાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં કુલ ૪,૫૭,૨૨૨ અરજીઓ પૈકી ૪,૫૭,૨૧૬ એટલે કે ૯૯.૫૮ ટકા અરજીઓનો સ્થળ પર જ હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો છે જયારે બાકી રહેતા લાભાર્થીઓને સત્વરે લાભ પૂરા પાડવામાં આવશે.

માર્ગ અને મકાન વિભાગની માહિતી આપતા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, માર્ગ-મકાન વિભાગ દ્વારા વિભાગ-વિભાગીય તેમજ રાજ્ય સ્તરીય સંલગ્ન એપ્લિકેશન સમન્વય કરીને એક કોમન ઈન્ટિગ્રેટેડ એપ્લિકેશન તૈયાર કરવામાં આવી રહી છે. જેમાં વિભાગીય સ્તરે કામોનું નિરીક્ષણ, શેડ એસેટ, મેનેજમેન્ટ વગેરે જ્યારે રાજ્ય સ્તરીય સંલગ્ન એપમાં ડોક્યુમેન્ટ મેનેજમેન્ટ સિસ્ટમ, ફાઇનાન્સિયલ મેનેજમેન્ટ સિસ્ટમનો સમાવેશ થાય છે. એકસાથે ઈન્ટિગ્રેટેડ થવાથી વિભાગ, સરકાર તેમજ નાગરિકો માટે વધુ સારી સવલતો સમયસર પૂરી પાડી શકાશે. કામ મંજૂરીથી કામ પૂર્ણ થાય ત્યાં સુધીના તબક્કાઓનું સતત મોનિટરિંગ થઈ શકશે.

રાજ્યમાં ભૂગર્ભ જળ સ્તર ઊંચા આવે અને જળ સંચય થાય તેવા હેતુથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં શરૂ કરાયેલ સુજલામ સુફલામ જળ અભિયાન હેઠળ આ વર્ષે અત્યાર સુધીમાં સૌથી વધુ ૮૪ ટકા કામો પૂર્ણ થયા છે. જે માટે કુલ ૬૧૭.૪૪ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે. રાજ્યમાં આ વર્ષે તા. ૧૯ માર્ચ ૨૦૨૨થી જળ અભિયાનના કામોનો શુભારંભ કરાયો હતો જે અંતર્ગત સમગ્ર રાજ્યમાં કુલ રૂ. ૬૧,૭૪૪ લાખના ખર્ચે કુલ ૧૮,૭૯૦ કામો હાથ ધરવાનું આયોજન કરવામાં આવ્યું છે, જે પૈકી કુલ ૧૪,૨૧૭ કામો પ્રગતિ હેઠળ છે અને ૧,૮૦૯ કામો પૂર્ણ કરવામાં આવ્યા છે.

રાજ્યના નાગરિકો માટે જનસુખાકારીના કામો વધુ વેગવાન બને એ માટે ફાઇલો જે સંબંધિત વિભાગને મંજૂરી માટે જતી હોય છે તે ફાઈલોને અગ્રિમતા આપી તુરંત નિકાલ કરવા પણ મુખ્યમંત્રીશ્રી દ્વારા સૂચનાઓ અપાઇ છે. પીવાના પાણી સંદર્ભે પણ રોજબરોજ મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે અને જરૂરિયાત મુજબ તમામ વ્યવસ્થાઓ રાજ્ય સરકાર કરી રહી છે. ●

## શહેરોનાં વિકાસ માટે રૂ. ૫૧૨૮ કરોડ મંજૂર કરતી કેન્દ્ર સરકાર



દેશના રાજ્યોમાં નગરો, મહાનગરોમાં ૧૦૦ ટકા પાણી પુરવઠા તથા ભૂગર્ભ ગટર યોજનાની વ્યવસ્થા પૂરી પાડવા શરૂ કરવામાં આવેલી અટલ મિશન ફોર રિજુવિનેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન-અમૃત 2.0 મિશન અન્વયે ગુજરાત સરકારે રજૂ કરેલી પ્રથમ તબક્કાના કામો માટેની રૂ. ૫૧૨૮ કરોડની દરખાસ્ત કેન્દ્રીય શહેરી વિકાસ મંત્રાલયે મંજૂર કરી છે. ગુજરાત શહેરી વિકાસ મિશન GUDM દ્વારા સ્ટેટ વોટર એક્શન પ્લાનના પ્રથમ તબક્કામાં રાજ્યની આઠ મહાનગરપાલિકાઓ, ૧૫૬ નગરપાલિકાઓ માટે રજુ કરવામાં આવેલી આ દરખાસ્તમાં પાણી પુરવઠાના ૨૦૬, ભૂગર્ભ ગટર યોજનાના ૭૦ તથા તળાવ નવિનીકરણના ૬૮ અને બાગ-બગીચાના ૬૮ મળી કુલ ૪૧૨ કામોનો સમાવેશ થાય છે. સ્ટેટ હાઈપાવર સ્ટીયરીંગ કમિટિમાં રજુ કરવામાં આવેલી આ દરખાસ્ત રાજ્ય સરકારે કેન્દ્રીય શહેરી વિકાસ મંત્રાલયની એપેક્ષ કમિટી સમક્ષ તાજેતરમાં રજુ કરી હતી. એપેક્ષ કમિટીએ GUDM ની આ સંપૂર્ણ દરખાસ્તનો સ્વીકાર કરીને પ્રથમ તબક્કાના ૪૧૨ કામો અમૃત 2.0 હેઠળ આવરી લેવા રૂ. ૫૧૨૮ કરોડની રકમ મંજૂર કરી છે. આ સંદર્ભમાં હવે બધા કામોના ડિટેઇલ્ડ પ્રોજેક્ટ રિપોર્ટ બનાવીને તથા ટેક્નિકલ એપ્રૂવલ મેળવીને તબક્કાવાર આ કામોનો વિવિધ અમલીકરણ સંસ્થાઓ અમલ કરશે.

## રાજ્યના ચાર નગરોમાં પાણી પુરવઠા યોજનાના કામોને મંજૂરી

રાજ્યના નગરો, મહાનગરોમાં વસતા નાગરિકોને પીવાનું પાણી નિયમીત રીતે પૂરતા પ્રમાણમાં મળી રહે તેવા જનહિતકારી હેતુ સાથે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ૪ નગરોમાં પાણી પુરવઠા યોજનાના કુલ રૂ. ૪૫.૦૯ કરોડના કામોને એક જ દિવસમાં સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે માંગરોળ, વંથલી, ઓખા અને માણાવદર નગરપાલિકામાં પાણી પુરવઠાના વિવિધ કામો મંજૂર કર્યા છે. મુખ્યમંત્રીશ્રીએ આ નગરોમાં હાલના બેઈઝ ઈયર મુજબ આગામી ૨૦૫૧-૫૨ના વર્ષની અંદાજિત વસ્તીની પાણી જરૂરિયાત ધ્યાને રાખીને પાણી પુરવઠાની આ યોજનાઓ માટેની ગુજરાત શહેરી વિકાસ મિશન દ્વારા રજુ કરાયેલી દરખાસ્તોને અનુમતિ આપી છે. GUDM દ્વારા મુખ્યમંત્રીશ્રી સમક્ષ જે ચાર નગરો માટે પાણી પુરવઠા યોજનાના કામોની દરખાસ્ત રજુ કરવામાં આવી હતી તેમાં માંગરોળ માટે રૂ. ૨૨.૬૪ કરોડ, વંથલી માટે રૂ. ૭.૨૧ કરોડ, ઓખા માટે રૂ. ૫.૬૯ કરોડ અને માણાવદર માટે રૂ. ૯.૫૫ કરોડના કામોનો સમાવેશ કરવામાં આવેલો છે. મુખ્યમંત્રીશ્રીએ આ સંદર્ભમાં ચારેય નગરપાલિકાઓમાં પાણી પુરવઠા યોજનાના વિવિધ કામો હાથ ધરવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

## CMની પારદર્શી પ્રશાસનની નવતર પહેલ

મૃદુ અને મક્કમ સ્વભાવના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સામાન્ય નાગરિકોથી લઈને રાજ્યસેવાના વર્ગ-૪ અને વર્ગ-૩ના કર્મચારીઓના હિતને ધ્યાનમાં રાખી સંવેદનાત્મક નિર્ણાયકતાના સતત હિમાયતી રહ્યા છે. મુખ્યમંત્રીશ્રીએ આ સંદર્ભમાં રાજ્ય સરકારના વિવિધ વિભાગોને પણ નાના કર્મચારીઓને કામગીરીમાં સરળતા રહે, ઘર-પરિવારની દેખભાળ કે વૃદ્ધ માતા-પિતાની સારસંભાળમાં તેને સુવિધા મળે તેવી રીતે કર્મચારીઓની ફેરબદલી કરવાનો અભિગમ અપનાવવા સૂચનાઓ આપેલી છે. એટલું જ નહીં, મુખ્યમંત્રીશ્રીએ દિવ્યાંગ, ગંગાસ્વરૂપ, માંદગીના કિસ્સા, કે પતિ-પત્ની બે અલગ અલગ સ્થળે સેવારત હોય તેવા કિસ્સામાં પણ વિભાગ તથા સચિવાલય કક્ષાએ સહાનુભૂતિપૂર્વક વિચારી બદલીઓ કરવાના દિશાનિર્દેશો આપેલા છે. મુખ્યમંત્રીશ્રીના આ દિશાનિર્દેશોને પગલે સંબંધિત વિભાગોએ પણ સંપૂર્ણ પારદર્શિતા -ટોટલ ટ્રાન્સપરન્સી સાથે આ પ્રક્રિયા હાથ ધરી છે. તદનુસાર પંચાયત વિભાગે માત્ર ચોવીસ જ કલાકમાં ૧૦૬૭ કર્મયોગીઓના આંતરજિલ્લા ફેરબદલીના હુકમ કર્યા છે રોજગાર અને તાલીમ વિભાગે વિડિયો કોન્ફરન્સિંગનો અદ્યતન રાહ અપનાવી ૧૧૬૫ કર્મીઓની પારદર્શી રીતે આંતર જિલ્લા ફેરબદલીઓ કરી છે. કર્મયોગીઓના કલ્યાણ અને વહીવટી સુદ્રઢતા માટે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના આ આગવા અભિગમને પરિણામે રાજ્યના ૨,૨૩૨ કર્મયોગીઓની આંતરજિલ્લા ફેરબદલી ખૂબ જ ટૂંકા ગાળામાં શક્ય બની છે.

## રાજ્યની ત્રણ કોર્ટ વધુ સુવિધાસભર બનશે



ઉમરાળા અને સાણંદની તાલુકા કોર્ટ રૂ.૧૭ કરોડના ખર્ચે અને રૂ.૫૧.૯૪ કરોડના ખર્ચે ભાવનગર ડિસ્ટ્રીક્ટ કોર્ટ સુવિધાસભર બનાવાશે એમ કાયદા મંત્રી શ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું. ભાવનગર ખાતેના ઉમરાળામાં નવી કોર્ટમાં ૨ કોર્ટરૂમ, સાણંદ અમદાવાદ(ગ્રામ્ય) ખાતે નવી તાલુકા કોર્ટ બિલ્ડીંગમાં ૪ કોર્ટ રૂમ અને ભાવનગરની નવી ડિસ્ટ્રીક્ટ કોર્ટ બિલ્ડીંગમાં ૨૫ કોર્ટ રૂમની સુવિધા ઉપલબ્ધ થનાર છે. તમામ કોર્ટ્સમાં જેન્ટ્સ અને લેડીઝ બાર રૂમ, બાર લાયબ્રેરી, જજીસ લાયબ્રેરી/ કોન્ફરન્સ રૂમ સહિતની સુવિધા હશે.●

## તણાવગ્રસ્ત જીવનમાં રાહતની સરવાણી 'ધ હ્યુમન લાઇબ્રેરી'




✍ ક્રિષ્ના સિસોદિયા

સામાન્ય માનવીનાં જીવનમાં ઘરના બે છેડા ભેગા કરવાથી માંડીને સામાજિક, આર્થિક જવાબદારીઓનો ભાર એટલો વધી ગયો છે કે તે સતત તણાવમાં રહે છે. વિવિધ કચેરીઓમાં સતત કામ કરતા કર્મચારીઓને પણ બે ઘડી આનંદની, અંતરની વાત કરવાનો સમય મળતો નથી. આવા સમયે જૂનાગઢમાં ધ હ્યુમન લાઈબ્રેરીની શરૂઆત કરવામાં આવી છે. જે સરકારી કચેરીમાં ફરજ બજાવતા કર્મચારીઓ લંચ ટાઈમ દરમિયાન એકબીજા સાથે સમય પસાર કરવા સાથે વૈચારીક આદાનપ્રદાન કરવાની તક આપશે. વ્યસ્તતાભર્યા વર્કકલ્ચરમાં થોડો સમય પણ કર્મચારી જ્યારે પોતાના માટે કાઢે છે ત્યારે તેની કાર્યક્ષમતામાં પણ નિ:સંદેહ વધારો થાય છે.

ધ હ્યુમન લાઈબ્રેરીના ઉદઘાટન પ્રસંગે કલેક્ટર શ્રી રચિત રાજે જણાવ્યું હતું કે, જૂનાગઢમાં પ્રથમ વખત સરકારી સંસ્થામાં ધ હ્યુમન લાઈબ્રેરીની શરૂઆત કરવામાં આવી છે. ધ હ્યુમન લાઈબ્રેરીનો કોન્સેપ્ટ મૂળ ડેન્માર્કથી લેવામાં આવ્યો છે. કલેક્ટરશ્રીએ આ કોન્સેપ્ટનો હેતુ જણાવતા કહ્યું હતું કે, સામાન્ય રીતે લાઈબ્રેરીમાં પુસ્તકો હોય છે. પરંતુ હ્યુમન લાઈબ્રેરીમાં માણસો મળશે. આ લાઈબ્રેરીમાં કોઇ પુસ્તક નહીં હોય અહીં વ્યક્તિ આવશે વાતચીત કરશે અને સુખ દુ:ખની વહેચણી કરશે.

આજના સતત વ્યસ્ત શેડ્યુલ અને ભાગદોડ ભર્યા જીવન વચ્ચે બેલેન્સ કરવું ખુબ જ મુશ્કેલ છે. ત્યારે આ પરિસ્થિતિની છણાવટ કરીને શરૂઆતના તબક્કે કર્મચારીઓ માટે ધ હ્યુમન લાઈબ્રેરીની શરૂઆત કરવામાં આવી છે. જેમાં બપોરના ૧ થી ૩ દરમિયાન કર્મચારીઓ હ્યુમન લાઈબ્રેરીમાં એકબીજા સાથે શેરીંગ કરી શકશે. આ દરમિયાન એક ખુશાલ વાતાવરણમાં કર્મચારી સમય વિતાવી શકશે. જેથી કર્મચારીઓ કાર્યક્ષેત્રમાં શ્રેષ્ઠ પ્રદાન આપી શકશે. અગાઉ પણ જૂનાગઢ જિલ્લા વહિવટી તંત્રએ હેપ્પીનેશ એડમીનીસ્ટ્રેશન કાર્યક્રમ લોન્ચ કર્યો હતો. જેનો ઉદેશ પણ આ જ પ્રકારનો હતો. હાલમાં ભારતમાં ખાનગી ક્ષેત્રે મલ્ટીનેશનલ કંપનીઓમાં હ્યુમન લાઈબ્રેરીઓ કાર્યરત છે. પરંતુ ભારતમાં સરકારી કચેરીમાં આ પ્રકારની હ્યુમન લાઈબ્રેરીનો પ્રથમવાર આરંભ કરવામાં આવ્યો છે. ●

## ઓર્ગેનિક ખેતીને પ્રોત્સાહિત કરવા કેન્સરગ્રસ્ત ખેડૂતનો સંકલ્પ

✍ દિવ્યેશ આચાર્ય

અડગ મનના માનવીને હિમાલય પણ નડતો નથી આ ઉક્તિ અનુસાર કપડવંજના આંબલીયાળા ગામના યુવક કે જે ખાનગી કંપનીમાં જોબ કરી મહિને બે લાખ રૂપિયા જેટલો માતબર પગાર મેળવતા યુવકના જીવનમાં એકદમ વળાંક આવ્યો અને આ યુવકને સ્વરપેટીનું ચોથા સ્ટેજનું કેન્સર થતાં સ્વરપેટી કાઢી નાખવી પડી. પરંતુ મક્કમ મન અને પિતાની હુંફના કારણે તેમણે ઉપચારના એક વર્ષ બાદ કપડવંજ તાલુકાના મીરાપુર ગામ ઓર્ગેનિક ખેતીની શરૂઆત કરી. કેન્સર જેવી બિમારીમાંથી પસાર થઇ ચુકેલા યુવાને જૂન ૨૦૨૧થી ઓર્ગેનિક ખેતી શરૂ કરી ઝેરમુક્ત ખોરાક લોકો સુધી પહોચાડવાનો પ્રયત્ન કરી રહ્યા છે.

કપડવંજના આંબલીયાળા ગામના વતની શ્રી તુષારભાઈ પટેલ રાજકોટની ખાનગી કંપનીમાં ઓપરેશન હેડ તરીકે ૧૫૦ માણસોની ટીમને માર્ગદર્શિત કરતા હતા. તેઓના પિતા શ્રી ગોરધનભાઈ પટેલ કે જે આણંદ એગ્રીકલ્ચર યુનિવર્સિટીમાં ખેતી મદદનીશ તરીકે ફરજ બજાવતા હતા. જે હાલ રિટાયર્ડ હોઈ પુત્ર સાથે ખેતી કામમાં જોડાયા. પિતાના માર્ગદર્શન અને ૭ એકરમાં કુલ ૧૦૦થી વધુ ટન લાલ અને પીળા તરબૂચ અને શક્કરટેટીનું તેમણે ઓર્ગેનિક પદ્ધતિથી મબલખ ઉત્પાદન કર્યું છે.

મેટ્રોસિટીના ડિસ્ટ્રીબ્યુટર ખેતરેથી માલ લઈ જાય છે. એક ટનનો ભાવ અંદાજે ૧૫ હજાર જેટલો આવે છે. ઓર્ગેનિક ખાતર દેશી ગાયનું છાણ, ગૌમુત્ર, છાશ, કોળુ, બીટ, દેશી ગોળ, શક્કરીયા વગેરેને એક મોટા પીપમાં રાખી પછી ૫૦ દિવસ પછી આમાથી જે ખાતર અને તેનો ઉપયોગ તેમણે તેમના ખેતરમાં કર્યો હતો. આમ, તેમણે લાલ તડબૂચ, પીળુ તડબૂચ અને શક્કરટેટીનુ મબલખ ઉત્પાદન કરીને બીજા ખેડૂતો માટે પ્રેરણારૂપ વાવેતર કરી ઉદાહરણ પુરુ પાડ્યું.

શ્રી તુષારભાઈ  અનુરોધ કરતા કહે છે કે, કેમિકલના ઉપયોગથી ખેતરની જમીન મૃતપાય અવસ્થામાં જતી રહે છે. તેને બદલે ઓર્ગેનિક ખાતરનો ઉપયોગ કરી જમીનને જીવંત કરવાનું સૂચન તેમણે ખેડૂતોને કર્યું છે. તેઓએ જણાવ્યું હતું કે આગામી સમયમાં ખેડૂતોને ઓર્ગેનિક ખેતી તરફ વળવુ પડશે. ●



# પ્રાંતિજના તખતગઢનું પાણીદાર જળ વ્યવસ્થાપન

પીનલ પટેલ



આજથી બે દાયકા પૂર્વે ઉનાળો આવતા દરેક ગામોમાં પાણીની સમસ્યા થાય તે સામાન્ય બાબત હતી. આ સમસ્યાના સમાધાન માટે ગુજરાત સરકારે દેશમાં નમુનેદાર કાર્ય કર્યુ છે. તેમાં પણ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના તખતગઢ ગામમાં હવે પાણીની પળોજણ એ હવે ભૂતકાળ બની ગઈ છે. ગુજરાતનું આ એક એવુ ગામ છે જ્યાં ૩૬૫ દિવસ ૨૪ કલાક પાણી મળી રહે છે. માત્ર ગુજરાત સરકારે જ નહી પરંતુ ભારત સરકારે તખતગઢ ગામને પશ્ચિમ ઝોનની શ્રેષ્ઠ પંચાયત તરીકે પસંદગી કરી તેને રાષ્ટ્રીયકક્ષાનો નાનાજી દેશમુખ એવોર્ડ એનાયત કર્યો છે. આ ઉપરાંત અન્ય સાત એવોર્ડ મળેલા છે.



તખતગઢ ગામના શ્રેષ્ઠ જળ વ્યવસ્થાપન અંગે ગામના સરપંચ શ્રી નિશાંતભાઈ પટેલ જણાવે છે કે, અમારા ગામમાં ૩૫૦ ઘર છે અને લગભગ ૨૫૦૦ જેટલી વસ્તી છે. આ ગામનાં કોઈપણ વ્યક્તિના ઘરે ગમે તે સમયે જઈને પાણીનો નળ શરૂ કરશો તો તમને પીવાનું પાણી મળશે જ. ગુજરાતનું એક માત્ર એવું ગામ કે જ્યાં ચોવીસ કલાક પાણીની સુવિધા આપવામાં આવી છે. ગ્રામજનો પાણીનો બગાડ ના કરે તે માટે પાણીના મીટર લગાવ્યા છે. પહેલા તો મહિલાઓ જ પાણીનો બગાડ કરતી હતી અને ગામમાં ગંદકી થતી હતી પરંતુ જ્યારથી મીટર લાગ્યા છે ત્યારથી મહિલાઓ પાણીનો બગાડ કરતા બંધ થઈ ગઈ છે. આગામી સમયમાં તખતગઢમાં ઘરે-ઘરે વરસાદી પાણીના સંગ્રહ માટે અંડર ગ્રાઉન્ડ પાણીના ટાંકાનો ઉપયોગ કરવાનો નિર્ધાર કરેલ છે જે ટૂંક સમયમાં અમલી બનશે.

તખતગઢ ગામ માત્ર જળ વ્યવસ્થાપનમાં જ આગળ છે એવુ નથી. તખતગઢ ગામમાં સામૂહિક અને વ્યક્તિગત સો ટકા શૌચાલયો છે, સો ટકા સી.સી. રોડ, વીજળીકરણ, ઘર ઘર નલ, ઘર ઘર જલ, સો ટકા સાક્ષરતા, સો ટકા ટપક સિંચાઈ પદ્ધતિ, સો ટકા બેંક ખાતા, સો ટકા ચેકડેમ, સો ટકા પી.એન.જી ગેસ પાઇપલાઇન, સો ટકા શુદ્ધ પર્યાવરણ, સ્વચ્છતા સાથે પાંચ સુવિધાઓ ૩૬૫ દિવસ ૨૪ કલાક ઉપલબ્ધ છે. જેમાં ઈમરજન્સી સેવા સામુહિક આરોગ્ય કેન્દ્ર, વીજળી, પીએનજી ગેસ પાઈપલાઈન મીટર સાથે, પીવાના પાણી ઘેર-ઘેર મીટર સાથે, બેન્કિંગ સુવિધા માઈક્રો એટીએમ સુવિધા, આ ઉપરાંત ગામમાં પોસ્ટ ઓફિસ, પશુ દવાખાનું, ટેલિફોન એક્સચેન્જ, દૂધ મંડળી, સહકારી સેવા મંડળી તથા સખીમંડળો કાર્યરત છે.


ગામની પાણી સમિતિના સભ્ય રસીલાબેન પટેલ જણાવે છે કે, ગામમાં પાણીની તંગી નિવારવા સમગ્ર ગ્રામજનોએ એકઠા થઈને નિર્ણય કર્યો. એમાં રાજ્ય સરકારની 'વાસ્મો' ની મદદ મળી એક લાખ લીટર પાણીનો ટાંકો ગામમાં નવીન બનાવાયો. મીટર પાણીની લાઈનો સહિતના ખર્ચમાં પણ સરકારે મદદ કરી અને એના પ્રતાપે આજે ઘરે ઘરે પાણીની સુવિધા મળી રહી છે. આ ગામની અનોખી પહેલને સરકારે પણ બીરદાવી છે અને ભારત સરકાર દ્વારા પશ્ચિમ ઝોન શ્રેષ્ઠ ગ્રામ પંચાયતનો એવોર્ડ પણ અપાયો છે. સાથે ગામના વિકાસ અને જળ બચાવો અભિયાનમાં ગામની મહિલાઓ અને બાળકો ખાસ સહભાગી બનીને પાણીના ટીપે ટીપાનો બચાવ કરે છે.

ગામના યુવા પાર્થભાઈ પટેલ જણાવે છે કે, અમારા વડીલોને પાણીની કિંમતની જાણ વર્ષો પહેલા થઈ ગઈ હતી. જેથી અમારા ગામમાં ૧૯૯૫થી જ ચેકડેમ, કૂવાઓ થકી વરસાદી પાણીના સંગ્રહની શરૂઆત થઈ ગઈ હતી. ગામમાં ૧૦૦% ડ્રિપ ઈરિગેશન થકી ખેતી કરવામાં આવે છે. સાથે દરેક ખેતરમાં વરસાદી પાણીના સંગ્રહ માટે કૂવાઓ તેમજ આડબંધ બનાવવામાં આવ્યા છે. જેથી ગામનું પાણી ગામમાં અને સીમનું પાણી સીમમાં રહે.

એક સમયે પાણીની તાણ અનુભવતું તખતગઢ આજે પાણીદાર બની ગયું છે. જેનાથી ગામની મહિલાઓને પણ શાંતિ થઈ ગઈ છે. પાણીના વપરાશનું બીલ આવતું હોવાને લઈને ગામમાં પાણીનો બગાડ નહિવત થઈ ગયો છે. તખતગઢ ગામ જેવી સુવિધાઓ અન્ય ગામોમાં પણ શરુ કરાય તો પાણીની સમસ્યાનું સમાધાન આવી શકે.●

# અમૃત સરોવરના નિર્માણમાં કડેગી ગામનું સામૂહિક યોગદાન





✎ જિતેન્દ્ર નિમાવત

ગુજરાતના પનોતાપુત્ર અને દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આઝાદીના અમૃત મહોત્વ પ્રસંગે દેશના દરેક જિલ્લામાં 75 અમૃત સરોવર નિર્માણ કરવાનો વિચાર રજૂ કર્યો છે. વડાપ્રધાનના વિચારને સાર્થક કરવા પોરબંદર જિલ્લાએ કાર્ય શરૂ કરી દીધુ છે. અમૃત સરોવર વિકસાવવા માટે સરકાર અને જનતાના સહિયારા પ્રયાસોથી ગામે ગામ તળાવો ઊંડા થઇ રહ્યા છે. વરસાદી પાણીના સંગ્રહ માટે જિલ્લામાં ૭૫ તળાવો-જળાશયોને અમૃત સરોવર તરીકે વિકસાવવાના ભારત સરકારનાં અભિયાનમાં જનશક્તિ જોડાઇને તળાવો ઊંડા કરવા કટિબિદ્ધ થયા છે. પોરબંદરના કુતિયાણા તાલુકાનાં કડેગી ગામે અંદાજે ૧૮૦ જેટલા લોકો ગામના તળાવને અમૃત સરોવર તરીકે વિકસાવવા માટે દરરોજ શ્રમદાન કરી રહ્યા છે. મનરેગા યોજના હેઠળ આ ગ્રામજનોને રોજગારી પણ મળી રહી છે.

રાજય સરકારની સુજલામ સુફલામ યોજનાથી ગામનુ પાણી ગામમાં અને સીમનું પાણી સીમમાં રહે તેવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ગામના માટીથી ભરાયેલા કૂવાઓ, તળાવોને પુનઃજીવિત કરવામાં આવી રહ્યા છે. ત્યારે ભારત સરકાર દ્વારા "જળ શક્તિ અભિયાન" : કેચ ધ રેઈન ૨૦૨૨ હેઠળ પ્રત્યેક જિલ્લામાં જળ શક્તિ કેન્દ્રની સ્થાપના તેમજ વરસાદી પાણીના સંગ્રહ માટે આઝાદીના અમૃત મહોત્સવનાં ઉપલક્ષ્યમાં જિલ્લામાં ૭૫ તળાવો-જળાશયોને અમૃત સરોવર તરીકે વિકસાવવાના અભિયાનમાં પોરબંદર જિલ્લાના કડેગી ગામના ગ્રામજનો સામૂહિક રીતે જોડાયા છે.

અમૃત સરોવરમાં યોગદાન આપનારા રાજીબેન જાડેજાએ જણાવે છે કે, મને આનંદ થાય છે કે અમારા ગામમાં અમૃત સરોવર બની રહ્યુ છે અને આ માટે ગામલોકો સામૂહિક રીતે જોડાયા છે. વરસાદનું પાણી વાડી વિસ્તાર તથા ગામ વિસ્તારમાંથી વહી જતું હોય છે. ત્યારે આ સરોવર બનવાથી પાણીનો સદ્‌ઉપયોગ થઈ શકશે. દરેક ગામમાં આ પ્રકારનું કાર્ય થાય તો પાણીની બચત થાય અને સૂકી ધરા ભીની રહે. આવુ દરેક ગામમા થાય તો પાણીની સમસ્યા હળવી કરી શકાય છે.



ગામના વડીલ શ્રી બચુભાઇ સોલંકીએ કહ્યુ કે, મનરેગા યોજના ખૂબ જ સારી યોજના છે. ગામમાં જ રોજગારી અને ગામનો જ વિકાસ થાય. અમારા ગામ લોકોનાં સહિયારા પ્રયાસોથી અમુક દિવસોમાં જ તળાવને પુનઃજીવિત કરવાની સાથે તેના પાણી સંગ્રહ ક્ષમતામાં પણ વધારો કરાયો છે.

ગ્રામ પંચાયત વીસીઇ તરીકે કાર્યરત રાજશીભાઇ જાડેજાએ જણાવે છે કે, અમૃત સરોવર અમારા માટે હંમેશા યાદગાર કાર્ય રહેશે. દરરોજ ૧૭૦થી૧૮૦ લોકોને રોજગારી પૂરી પાડતુ આ સરોવર વરસોનાં વરસ સુધી અમને તથા અમારી આવનારી પેઢીને ઉપયોગી બનશે. પૂરમાં પાણી વહી જતું હોય ત્યારે આવા સરોવર જો ગામે ગામ વિકસે તો સૌરાષ્ટ્રમાં પાણીની સમસ્યા ખૂબ જ હળવી થઇ શકે છે. અને સરોવર આસપાસ બગીચો પણ ડેવલપ કરી શકાય જેથી ગામની શોભામાં વધારો થાય અને આનંદ પ્રમોદના સ્થળ તરીકે ઉપયોગી બની શકે. ●



### અમદાવાદના શીલજની સ્માર્ટ શાળા

# જોયફૂલ લર્નિંગના ક્લાસથી બાળમાનસની બુદ્ધિક્ષમતાનો આંક ઊંચો આવશે

✎ **મનીષા પ્રધાન**

અમદાવાદ શહેરનો વિકાસ દિન પ્રતિદિન વધતો જાય છે. આજે અમદાવાદ શહેરનો ઘેરાવો ખૂબ વધી ગયો છે. ત્યારે નવા વિસ્તારમાં રહેવા આવનારા નાગરિકોને એક પ્રશ્ન મૂંઝવતો હોય છે કે બાળકોને નજીકમાં સારી શાળા મળશે કે નહિં... આજે વાત કરવી છે અમદાવાદનાં નવા વિકસિત એવા શીલજ વિસ્તારની... અહીં રહેવા આવનારા નાગરિકોની સમસ્યાનું નિરાકરણ લાવતાં રાજય સરકારે શીલજ અને તેની આસપાસના વિસ્તારોમાં વસતા અનેક બાળકોના ભવિષ્યનો વિચાર કર્યો અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ દ્વારા શીલજની જુની પ્રાથમિક શાળાને રૂ.૧.૩૮ કરોડના ખર્ચે નવનિર્મિત કરીને અનુપમ શાળા- સ્માર્ટ સ્કૂલ બનાવવામાં આવી. અનુપમ પ્રાથમિક શાળામાં ૬૭૯ કરતાં વધુ બાળકો શિક્ષણ મેળવી રહ્યા છે.

ગુજરાતના પ્રથમ મહિલા પૂર્વ મુખ્યમંત્રી અને ઉત્તરપ્રદેશના રાજ્યપાલ શ્રીમતી આનંદીબહેન પટેલે તા.૮ એપ્રિલ ૨૦૨૨ના રોજ આ શાળાનું લોકાર્પણ કરીને બાળકોને માટે શિક્ષણના દ્વાર ખોલી આપ્યા હતા. તેમણે ઉપસ્થિત શિક્ષકમિત્રોને જણાવ્યું હતું કે બાળકોમાં રહેલી નૈસર્ગિક શક્તિઓ વિકસાવવા માટે તેમનામાં જિજ્ઞાસા ઉત્પન્ન થાય તેવું વાતાવરણ પુરું પાડવું જોઈએ, કારણકે બાળકમાં શીખવાની ભારે ક્ષમતાઓ રહેલી હોય છે અને આપણે તેને માત્ર તેનો રસ્તો જ બતાવવાનો હોય છે.

સ્માર્ટ પ્રાથમિક શાળામાં ધો.૧ અને ૨ ના બાળકોને રમતા-રમતાં ભણવાનો ઉદ્દેશ સાકાર કરવા માટે જોયફૂલ લર્નિંગના ક્લાસ બનાવવામાં આવ્યા છે. દરેક બાળકને એ મુજબ શૈક્ષણિક કિટમાં રમકડાથી ભણાવવામાં આવે છે. કલરફૂલ સરસ બેઠક વ્યવસ્થા સાથે દિવાલો પર મહિનાના નામ, વાહનો, પશુ-પંખીઓની ઓળખ, ઋતુઓના નામ, ગણિતમાં ચડતાં-ઉતરતા ક્રમના આંકડાઓ અને ટેબલનું સુંદર ચિત્રકામ કરવામાં આવ્યું છે. આમ બાળમાનસને શિક્ષકો દ્વારા જ્ઞાન સાથે ગમ્મતના ચિત્રો થકી ભણતરની સમજણ આપવામાં આવે છે.

શાળામાં ધો.૫ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે ૪ સ્માર્ટ ક્લાસ અને એક ગુગલ ફીચર ક્લાસ બનાવવામાં આવ્યા છે. આ પ્રકલ્પ અંતર્ગત દરેક વિદ્યાર્થીઓને ભાર વિનાના ભણતરના ભાગરૂપે ગુગલ સાથે ટાઈઅપ કરીને ગુગલ ફીચર ક્લાસમાં વિદ્યાર્થીઓને ઓનલાઈન અભ્યાસ કરાવવામાં આવે છે.જેમાં સમગ્ર ક્લાસરૂમને અધ્યતન બનાવવા માટે પ્રોજેક્ટર, કેમેરા અને વાઈફાઈ સાથે કનેક્ટ કરવામાં આવ્યા છે. વિદ્યાર્થીઓ લેપટોપ પર જ તેમનું અભ્યાસકાર્ય અહીં કરે છે.







શાળામાં ઉડીને આંખે વળગે તેવી એક ખાસ વાત એ છે કે અહીં એક વર્ગખંડની બહાર રામહાટ અને ખોયા-પાયા નામના બે બોક્સ મુકવામાં આવ્યા છે. જેનો ઉપયોગ એ છે કે જે પણ વિદ્યાર્થીના દફતરમાથી કોઇ પેન્સિલ, પેન રબર કે અન્ય ચીજ જો ખોવાઇ જાય અથવા ઘેરથી લાવવાનું ભૂલાઇ જાય તો તેઓ રામહાટમાંથી તે વસ્તુ લઈ શકે છે અને શાળામાથી જો કોઇ બાળકોને આવી કોઇ વસ્તુઓ મળે તો તેઓ જઈને તે વસ્તુઓને ખોયા-પાયા નામના બોક્ષમાં મૂકી આવે છે. ત્યારબાદ શિક્ષકો ને જાણ કરવામાં આવે છે અને શિક્ષક જે તે વર્ગખંડમાં તેની જાણ કરે છે. જેથી જે બાળકોની વસ્તુઓ ખોવાઇ હોઇ તે વસ્તુઓ અહીથી મેળવી શકે છે. આ પ્રવૃત્તિથી બાળકોનાં મન પર સકારાત્મક અસર પડે છે અને ભવિષ્ય સારા નાગરિક તરીકેનાં ગુણોનું નિરૂપણ થાય છે.

માત્ર પુસ્તકોનું જ જ્ઞાન નહિ પણ વિદ્યાર્થીઓ અહીંથી ખરા અર્થમાં શીખીને, સમજીને અને જીવનમાં અભ્યાસનું અનુભવનું ભાથું બાંધીને ઉચ્ચ શિક્ષણ તરફ કદમ માંડે એ તમામ પ્રયત્નો અહીનાં શિક્ષકગણ તરફથી કરવામાં આવે છે. અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ 2007-08થી અમદાવાદમાં સ્માર્ટ સ્કૂલ બનાવવાની શરૂઆત થઇ છે, જેમાં અત્યાર સુધી અમદાવાદમાં 11 જેટલી સ્માર્ટ સ્કૂલ બનાવવામાં આવી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને તેમની ટીમ દ્વારા નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિની જે પરિકલ્પના કરવામાં આવી છે, તેને અમદાવાદ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ દ્વારા સાકાર કરવામાં આવી છે. અનુપમ શાળા એ આપણા સૌ માટે ગૌરવની વાત છે આવતીકાલના ભારતનું નિર્માણ આ પ્રકારની શાળાઓ થકી જ થશે. ●





ડેડીયાપાડાના રૂરલ મોલ, વાંસ વર્કશોપ, આયુષ આરોગ્ય કુટિરની તસવીરી ઝલક







# બાળ સિંહોની પા... પા... પગલી....

## સરદાર પટેલ ઝુઓલોજિકલ પાર્ક, એકતાનગર (SOU)



**Published on Date 1-6-2022**. R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10/2021-23 Valid upto 31/12/2023, LPWP No. WPP PMG/NG/061/2021-23 Valid upto 31/12/2023
• Licensed to Post without Prepayment At Post : PSO/1 - Ahmedabad/Rajkot/Surat/Vadodara on every 3 to 11 and 18 to 26 E.M.,
Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.
**48 + 4 Cover = Total 52 Pages** • **Editor and Published by** Director of Information on behalf of Directorate of Information,
Block No-19, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Sahitya Mudranalaya Pvt Ltd, City Mill Compound, Ahmedabad &
Gujarat Offset Pvt Ltd, Vatva, Ahmedabad • If undeliverd pl. return to, Information Department, Sector no. 16, Gandhinagar Respectively.

**To,**

**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**
માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦